# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 76 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 April 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૧ એપ્રિલ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ ૫ ૬ ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમે ઈંધણના ભાવ વધવા નથી દીધાઃ મોદી


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 13,563/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


### ▸ 'યુદ્ધને લીધે બધે અંધાધૂંધી, પણ ભારતમાં બધું કન્ટ્રોલમાં' ▸ 'ભારત સૅમિકન્ડક્ટરનું વિશ્વસનીય સપ્લાયર બની રહ્યું છે' ▸ સાણંદમાં પ્લાન્ટનું ઉદ્ઘાટન કરી સિલિકૉન વૅલી સાથેનો 'સેતુ' રચાયો ▸ કૉંગ્રેસના નેતાઓ 'રાજકીય ગીધ' જેવા હોવાનો આક્ષેપ

સાણંદ (ગુજરાત)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે જણાવ્યું હતું કે યુદ્ધને લીધે વિશ્વભરમાં અંધાધૂંધી ફેલાઇ છે અને ઈંધણના ભાવ ઝડપથી વધી રહ્યા છે, પરંતુ એવા સમયે ભારતે સારી વિદેશ નીતિ અને ભારતીયોમાંની એકતાને લીધે પરિસ્થિતિને ઘણી સારી રીતે સંભાળી છે અને નિયંત્રણમાં રાખી છે. ભારત અક્ષયઊર્જા ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ કરવા આગળ વધી રહ્યો છે. વિશ્વભરમાં ફ્યુઅલ દસ ટકા મોંઘું થયું, પણ અમે ઈંધણના ભાવ વધવા નથી દીધા.

મોદીએ ગુજરાતના વાવ થરાદ જિલ્લાના ગામમાં કૉંગ્રેસના નેતાઓને 'રાજકીય ગીધ' ગણાવીને આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના નેતાઓ ઈંધણની અછતની અફવા ફેલાવીને સામાન્ય જનતાને ઉશ્કેરે છે તેમ જ ગેરમાર્ગે દોરે છે અને તેથી લોકો ગભરાઇને પેટ્રોલ પંપ તેમ જ ગૅસ એજન્સીમાં વિના કારણે લાંબી કતાર લગાવે છે.

અગાઉ, સાણંદમાં તેમણે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ૨૧મી સદીમાં અનેક પડકાર આવ્યા છે અને યુદ્ધને લીધે વૈશ્વિક 'સપ્લાઇ ચૅન્સ'ને માઠી અસર થઇ છે, પરંતુ ભારત સૅમિકન્ડક્ટરનું વિશ્વસનીય સપ્લાયર બની રહ્યું છે. કેન્દ્ર સરકાર આગામી અનેક દાયકા માટે સલામત ટૅક્નોલૉજી અને ઊર્જા પૂરી પાડવા

(જુઓ પાનું ૨) ▸▸

### ટ્રમ્પના કર્યાં, અમેરિકનોને બરાબરના વાગ્યાં

## અમેરિકામાં ગૅસોલિનના ભાવ આસમાને

### ઈંધણની કિંમત ૨૦૨૨ પછી ગૅલનદીઠ ચાર ડૉલર કરતાંય વધી ગઇ

ન્યૂ યોર્કઃ અમેરિકામાં ગૅસનો સરેરાશ ભાવ મંગળવારે ૨૦૨૨ બાદ સૌપ્રથમ વખત ગૅલન દીઠ ચાર ડૉલર કરતાં વધી ગયો હતો.

અખાતના દેશોમાંના યુદ્ધને પગલે વિશ્વભરમાં ઈંધણના ભાવ વધ્યા છે.

મૉટર ક્લબ એએએના અહેવાલ મુજબ અમેરિકામાં રૅગ્યુલર ગૅસોલિનનો સરેરાશ ભાવ હવે ૪.૦૨ ડૉલર થઇ ગયો છે.

ઇરાન સાથેનું યુદ્ધ શરૂ થયું, તે પછી અત્યાર સુધીમાં ભાવમાં એક ડૉલર કરતાં વધુનો વધારો થયો છે.

અગાઉ, રશિયાએ ચાર વર્ષ પહેલાં યુક્રેન પર હુમલો કર્યો ત્યારે પણ અમેરિકામાં ગૅસોલિનનો ભાવ ઘણો વધી ગયો હતો.

અમેરિકાના વિવિધ રાજ્યમાં કરવેરાના

(જુઓ પાનું ૨) ▸▸

## સરકારે ગૅસના નિયંત્રિત ભાવમાં વધારો કર્યો

નવી દિલ્હીઃ સરકારે પોતાની માલિકીના તેલ ઉત્પાદકો - ઑઇલ ઍન્ડ નેચરલ ગૅસ કૉર્પોરેશન (ઓએનજીસી) અને ઑઇલ ઇન્ડિયા લિમિટેડ માટેના ગૅસનો ઍડમિનિસ્ટર્ડ પ્રાઇસ મૅકનિઝમ (એપીએમ) હેઠળનો મેટ્રિક મિલ્યન બ્રિટિશ થર્મલ યુનિટનો ભાવ ૬.૭૫ ડૉલરથી વધારીને સાત ડૉલર કર્યો હતો.

લૅગસી ફિલ્ડ્સમાંથી કાઢવામાં આવતા ગૅસના ભાવ નિયંત્રણની યંત્રણા (રૅગ્યુલૅટેડ પ્રાઇસિંગ રૅજિમ) હેઠળની કિંમત પર આ ભાવવધારો લાગુ પડશે. દેશમાંના સ્થાનિક ગૅસ

(જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકા પીછેહઠ કરશે?

### ટ્રમ્પ હોર્મુઝ ખાડી ખોલ્યા વિના યુદ્ધનો અંત ઇચ્છતા હોવાનો અહેવાલ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રસારમાધ્યમના અહેવાલ મુજબ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે હોર્મુઝ સામુદ્રધુની જહાજોની મુક્ત અવરજવર માટે ખોલ્યા વિના હવે ઇરાન સામેની અમેરિકાની લશ્કરી કાર્યવાહી બંધ કરાવવા માગે છે.

ટ્રમ્પે પોતાના અમુક સાથીઓની સમક્ષ આ ઇચ્છા વ્યક્ત કરી હોવાનું પ્રસારમાધ્યમે વહીવટી અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું. ટ્રમ્પ અને તેમના

(જુઓ પાનું ૨) ▸▸

### હોર્મુઝ બંધ છે તો પોતે જ પોતાનું તેલ મેળવી લોઃ ટ્રમ્પ ભડક્યા

## ઈરાનનાં અણુમથકો પર બૉમ્બમારો

### યુદ્ધ વકર્યુંઃ અખાતમાંની અમેરિકન કંપનીઓને આજે ટાર્ગેટ કરવાની ઈરાનની ધમકીઃ કુવૈતના ઑઈલ ટૅન્કર પર હુમલો કરાયો

દુબઈઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે મંગળવારે સાથી રાષ્ટ્રો પર પ્રહાર કરતા કહ્યું હતું કે જે દેશો ખનીજ તેલના ઊંચા ભાવથી ચિંતિત છે એ દેશોએ પોતાની જાતે તેલ મેળવવું જોઈએ. ઈરાને હોર્મુઝ સામુદ્રધુની બંધ કરી હોવાથી તેલના ભાવ આસમાને જઈ રહ્યા છે. મહત્ત્વના જળમાર્ગ હોર્મુઝને ખોલવામાં મદદ કરવા અસંમત મિત્રદેશો તરફ નારાજગી વ્યક્ત કરતા ટ્રમ્પે કહ્યું હતું કે તમે તમારી જાતે તેલ મેળવો. ટ્રમ્પે વધુમાં કહ્યું હતું કે અમેરિકા પાસે પુષ્કળ તેલ છે અને આ દેશોએ અમેરિકા પાસેથી તેલ ખરીદવું જોઈએ.

દરમિયાન અમેરિકાએ મંગળવારે ઇરાનનાં મુખ્ય અણુમથક જ્યાં છે તેના પર હુમલો કોર્ય હતો. આને લીધે આકાશમાં અગનગોળા દેખાવા માંડ્યા હતા. બીજી બાજુ તહેરાને ઈરાનના અખાતમાં કુવૈતના પૂરા ભરાયેલા ઑઈલ ટૅન્કર પર હુમલો કર્યો હતો. ઇરાને મંગળવારે એવી ધમકી આપી હતી કે અખાતમાંની અમેરિકન કંપનીઓને આજે એ ટાર્ગેટ કરશે.

અમેરિકા અને ઈઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઈરાન પર આક્રમણ કર્યું ત્યાર બાદ આ યુદ્ધ વકર્યું છે. આ યુદ્ધમાં ત્રણ હજારથી વધારે માણસો મરણ પામ્યા છે. તેલ અને કુદરતી વાયુના પુરવઠો ખોરવાઈ ગયો છે.

ટ્રમ્પે રાજદ્વારી વાતચીતમાં પ્રગતિ થવાનો દાવો કર્યો હતો. ટ્રમ્પે જ્યાં ઈરાનના ત્રણ અણુમથકો આવ્યા છે તે શહેર ઈશ્ફહાન પરના હુમલાના વીડિયો જારી કર્યા હતા. અમેરિકાએ જૂનમાં ૧૨ દિવસના યુદ્ધમાં ઈશ્ફહાન

(જુઓ પાનું ૨) ▸▸

## ચીન-પાકિસ્તાને રજૂ કરી શાંતિ યોજના

બેઇજિંગઃ ચીન અને પાકિસ્તાને મંગળવારે પશ્ચિમ એશિયામાં પ્રલંબ શાંતિ સ્થાપવા માટે પાંચ મુદ્દાની શાંતિ યોજના રજૂ કરી હતી અને આમાં તમામ જહાજો માટે હોર્મુઝની ખાડી ખૂલ્લી મૂકવાના પ્રસ્તાવનો પણ સમાવેશ થાય છે.

ચીનની મુલાકાતે આવેલા પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઈશાક દાર સાથેની ચીનના વિદેશ પ્રધાન વાંગ યી સાથેની બેઠક પછી આ યોજના રજૂ કરાઈ છે. તૂર્કી, સઉદી અરેબિયા અને ઈજિપ્ત વચ્ચે પાકિસ્તાનમાં થયેલી શાંતિ મંત્રણા સંબંધી વિગતોની ચીનને દારે માહિતી આપી એ પછી આ શાંતિ યોજના લરજૂ કરાઈ છે. આ દરમ્યાન ચીને કહ્યું હતું કે, અમારા ત્રણ જહાજ હોર્મુઝ

(જુઓ પાનું ૨) ▸▸


SUMMER 2026 GUARANTEED GROUP DEPARTURES
પેકેજમાં સમાવિષ્ટ
એરફેર-સ્ટે-સાઇટ સીઇંગ-ટ્રાન્સફર -વિઝા
પ્યોર વેજ અને આપણા મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
8N 9D GREECE ₹ 2,85,000* PP — SOLD OUT
LIMITED SEAT 8N 9D SOUTH KOREA ₹ 2,80,000* PP
10N 11D SOUTH AFRICA ₹ 2,60,000* PP — LIMITED SEAT
LIMITED SEAT 10N 11D BAKU & GEORGIA ₹ 1,95,000* PP
6N 7D VIETNAM ₹ 1,75,000* PP — SOLD OUT
LIMITED SEAT 8N 9D BAKU ₹ 1,20,000* PP
CLASSIC TRAVEL SHOPPE PVT. LTD.
CLASSIC HOLIDAYS
022 40 888 888
+91 99309 44453
H.O.: Lower Parel (Branches-Borivali, Surat, Ahmedabad)


## નાલંદાના મંદિરમાં નાસભાગઃ આઠનાં મોત

બિહાર શરીફ (બિહાર)ઃ બિહારના નાલંદા જિલ્લામાં એક મંદિરમાં ધક્કામુક્કી થતાં ઓછામાં ઓછા આઠ ભાવિકો મરણ પામ્યાં હતાં અને બીજા પાંચને ઈજા પહોંચી હતી. મૃતકોમાં મોટા ભાગની મહિલા છે. અધિકારીઓએ કહ્યું હતું કે મંગળવારે સવારે શીતળા માતાના મંદિરમાં ભાવિકોની ભારે ભીડ હતી ત્યારે આ બનાવ બન્યો હતો.

બિહાર શરીફ પોલીસના આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ નૂરુલ હકે કહ્યું હતું કે મંગળવારે સવારે શીતળા માતાના મંદિરમાં થયેલી ધક્કામુક્કીમાં આઠ શ્રદ્ધાળુ મરણ પામ્યા હતા જેમાં મોટા ભાગની મહિલા છે. આ બનાવમાં અનેક શ્રદ્ધાળુને ઈજા થઈ હતી. પોલીસ અધિકારી અને જિલ્લા અધિકારી ઘટના સ્થળે પહોંચી જઈને બચાવ કામગીરી શરૂ કરી હતી.

ભારતનાં રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ મંગળવારે બિહારની એક દિવસની મુલાકાતે આવ્યાં હતાં અને તેમણે આ કમનસીબ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે આ દુઃખદ ઘટના અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે મૃતકોના કુટુંબ માટે એક્સ


(જુઓ પાનું ૨) ▸▸

## ફ્લોરિડાના ઍરપોર્ટને અપાશે ટ્રમ્પનું નામ

વૉશિંગ્ટનઃ અમેરિકના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે માયામીના ગગનચુંબી મકાનમાં પ્રેસિડેન્શિયલ લાઈબ્રેરી ઊભી કરવાની યોજનાની જાહેરાત કરી એના કલાકો પછી ફ્લોરિડાના પામ બીચ ઈન્ટરનેશનલ ઍરપોર્ટને ડોનલ્ડ ટ્રમ્પનું નામ આપવાની દરખાસ્તને બહાલી અપાઈ હતી. ફ્લોરિડાના ગવર્નર રોન ડેસેન્ટિસે પામ બીચ હવાઈમથકનું નામ ડોનલ્ડ જે. ટ્રમ્પ ઍરપોર્ટ રાખવાના પ્રસ્તાવને બહાલી આપી હતી. આ હવાઈમથક ટ્રમ્પની એસ્ટેટ માર-એ-લાગોની નજીક છે. ટ્રમ્પે સોમવારે મોડેથી સોશ્યલ મીડિયામાં એક વીડિયો પોસ્ટ

(જુઓ પાનું ૨) ▸▸


માણો યાદગાર વિદેશ પ્રવાસો શાહ હોલીડેઝ સંગાથે...



SOUTH AFRICA
13 DAYS
CAPE TOWN - GARDEN ROUTE - PORT ELIZABETH - PILANESBERG - SUNCITY - JOHANNESBURG
MAY - JUNE
REGULAR GROUP DEPARTURES

CHINA
14 DAYS
BEIJING - SHANGHAI - ZHANGJIAJIE - CHONGQING - CHENGDU
APR - JUNE
REGULAR GROUP DEPARTURES



PACKAGE INCLUSIONS :- Economy Class Group Airfare • Luxurious Hotels • શુધ્ધ શાકાહારી / જૈન જમણ.
• ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મનેજર ની સેવા. • એન્ટ્રન્સ ફી, VISA સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.
SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle West, Mum-56.
9920490227 | 07506679945, 09324064281 | (022) 26103073, 74
sales@shahholidays.com | www.shahholidays.com



EXPERIENCE ELECTRONIC ESSENTIALS THAT MATTER



Air Purifiers | Adapters | Audio Cables | Car Chargers | Charge & Sync Cables | Charging Essentials
HDMI Cables | Home Audio | Laptop Essentials | Surge Protectors
Available on Flipkart | Available on amazon
For more details WhatsApp +91-9871520394 | 3 Year* WARRANTY
Scan the QR code to find a retailer near you
Secure Connection Limited
807, Arion Commercial Centre 2-12, Queen's Road West, Sheung Wan, Hong Kong
support@honeywellconnection.com | www.honeywellconnection.com/in
The Honeywell Trademark is used under license from Honeywell International Inc. Honeywell International Inc. makes no representations or warranties with respect to these products. These products are manufactured by Secure Connection Limited, Hong Kong.
All trade names are registered trademarks of respective manufacturers listed. ©2026 Secure Connection Limited, Hong Kong. All rights reserved.
*On Select Model Only
Honeywell

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુદ્ધથી અસરગ્રસ્ત દેશોનાં ચલણ નહીં પણ રૂપિયો જ કેમ તૂટે છે?

**ભારતીય** રૂપિયો પતનના નવા નવા રેકોર્ડ બનાવતો જાય છે અને અત્યારે અમેરિકન ડૉલર સામે ૯૫ રૂપિયાથી પણ નીચે આવી ગયો છે. રૂપિયાએ ૩૦ માર્ચે અમેરિકન ડોલર સામે ૮૮ પૈસા તૂટીને ૯૫.૨૨ પ્રતિ ડૉલરની નવી નીચલી સપાટી બનાવેલી. નાણાકીય વરસના છેલ્લા દિવસે થોડો સુધારો થતાં રૂપિયો ૯૪ની અંદર આવી ગયો એ સારા સમાચાર છે પણ એકંદરે રૂપિયાની હાલત ખરાબ તો છે જ.

અમેરિકા-ઇઝરાયલના ઇરાન સામેના યુદ્ધને લીધે ક્રૂડ ઓઇલની કિંમતોમાં આવેલા ઉછાળાને કારણે રૂપિયો સતત તૂટતો જ જાય છે ને છેલ્લા એક મહિનામાં જ અમેરિકન ડૉલર સામે ૪ ટકાથી વધારે ઘટ્યો છે. યુદ્ધના કારણે રૂપિયાના ધોવાણમાં તેજી આવી છે, બાકી રૂપિયો ઘણા સમયથી ઘસાઈ જ રહ્યો છે ને તેની સાબિતી એ છે કે, ૨૦૨૫-૨૬ના નાણાકીય વર્ષમાં અમેરિકન ડૉલર સામે રૂપિયો ૧૦ ટકાથી વધુ તૂટી ગયો છે.

ઇરાન યુદ્ધ ચાલુ રહેશે તો અમેરિકન ડૉલર સામે રૂપિયો ૯૮ સુધી જઈ શકે છે એવી આગાહીઓ થઈ રહી છે. કદાચ સદી પણ નોંધાવી દે. ડૉ. મનમોહનસિંહ વડા પ્રધાન હતા ત્યારે હાલના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની મજાક ઉડાવતાં કટાક્ષ કરેલો કે, ડૉલર સામે રૂપિયો મનમોહનસિંહની ઉંમર કરતાં પણ વધારે ઝડપથી વધી રહ્યો છે. મોદી સાહેબના શાસનમાં તો એ સ્પર્ધા જ નથી રહી.

મોદી સાહેબ વડા પ્રધાન બન્યા ત્યારે તેમની ઉંમર ૬૫ વર્ષ હતી ને ડૉલર સામે રૂપિયો ૫૮ની સપાટી પર હતો. ૧૨ વર્ષમાં મોદી સાહેબ ૭૫ પર પહોંચ્યા ને રૂપિયો ૯૫ને પાર થઈ ગયો છે. મોદી સાહેબને લાંબું આયુષ્ય મળે ને ઉંમરની સદી પૂરી કરે એવી શુભકામના છે પણ મોદી સાહેબ સદી પૂરી કરશે એ પહેલાં ડોલર સામે રૂપિયો સદી પૂરી કરી ચૂક્યો હશે તેમાં બેમત નથી.

ગયા વરસે રૂપિયામાં ધોવાણ શરૂ થયું ત્યારે આપણાં નાણાં મંત્રી નિર્મલા સીતારામને હાસ્યાસ્પદ દલીલ કરી હતી કે, રૂપિયો નબળો નથી પડી રહ્યો પણ અમેરિકાનો ડૉલર મજબૂત થઈ રહ્યો છે તેથી ડૉલરના ભાવ ઉંચકાઈ રહ્યા છે. નિર્મલા સીતારામન પાસેથી કોઈ બુદ્ધિગમ્ય વાતની અપેક્ષા છે જ નહીં તેથી તેમની વાતથી આંચકો નહોતો લાગ્યો પણ કેટલાક ભક્તજનોએ આ વાતને વધાવી લઈને સોશ્યલ મીડિયા પર જોરશોરથી તેનો પ્રચાર કરેલો.

આ ભક્તજનોના લાભાર્થે એક હકીકત તરફ ધ્યાન દોરી દઈએ કે, રૂપિયા સામે ડૉલર જ નહીં પણ યુરો અને પાઉન્ડ પણ મજબૂત થયા છે. વરસ પહેલાં એક યુરોના ૯૨ રૂપિયાની આસપાસ હતા ને અત્યારે ૧૦૮ છે જ્યારે એક પાઉન્ડના ૧૦૮ રૂપિયાની આસપાસ હતા એ અત્યારે ૧૨૪ રૂપિયા છે.

હા, ખુશ થવું જ હોય તો એ વાત પર થઈ શકીએ કે, ડૉલર સામે રૂપિયો હજુ ૧૦૦ની અંદર છે જ્યારે પાકિસ્તાની રૂપિયો તો ૩૦૦ને પાર થઈ ગયો છે. આર્થિક મોરચે આપણી સ્પર્ધા અમેરિકા, જાપાન, યુકે, દક્ષિણ કોરીયા જેવા દેશો સાથે હોવાના દાવા સરકાર દ્વારા થાય છે પણ સરખામણી કરવાની વાત આવે ત્યારે પાકિસ્તાન, બાંગ્લાદેશ ને શ્રીલંકા સાથે કરાય છે એ જોતાં આપણા કરતાં પાકિસ્તાની રૂપિયાનું વધારે ધોવાણ થયું છે એ વાતે ખુશ થઈ શકાય !

આ બધી વાસ્તવિકતા રજૂ કરવી એ ભેંસ આગળ ભાગવત કરવા જેવું છે ને તેનો અર્થ નથી તેથી એ વાત પડતી મૂકીએ ને બે મહત્ત્વના મુદ્દા પર આવીએ. પહેલો મુદ્દો એ કે, રૂપિયો કેમ આ રીતે તૂટી રહ્યો છે ? બીજો મુદ્દો એ કે, આપણી સરકાર કેમ રૂપિયાનું ધોવાણ રોકી શકતી નથી ?

અત્યારે રૂપિયાના ધોવાણ માટે ઈરાન યુદ્ધને કારણભૂત ગણાવાય છે પણ વાસ્તવમાં આ ધોવાણ લાંબા સમયથી થઈ રહ્યું છે કેમ કે આપણે આર્થિક રીતે એકદમ નબળા છીએ અને બીજા દેશો પર નિર્ભર છીએ. આપણે આત્મનિર્ભરતાની વાતો કરીએ છીએ પણ આપણે વાસ્તવમાં પરાવલંબી છીએ. આપણે દુનિયામાં સૌથી ઝડપથી વિકસી રહેલું અર્થતંત્ર હોવાના દાવા કરીએ છીએ પણ બહારના દેશોને આ અર્થતંત્રમાં ભરોસો જ નથી. કહેવાતા નિષ્ણાતો રૂપિયાના ધોવાણ માટે જે કારણો આપે છે તેના પર નજર નાખશો તો પણ આ વાત સમજાશે.

અત્યારે ઈરાન સામેનું યુદ્ધ, ક્રૂડના ભાવમાં ઉછાળો અને વિદેશી રોકાણકારોના ભારતીય બજારમાંથી પલાયન એ ત્રણ કારણો મુખ્ય ગણાવાય છે. આ ત્રણેય કારણો જ સાબિત કરે છે કે, આપણા રૂપિયા કે આપણા અર્થતંત્રની મજબૂતાઈ બહારનાં પરિબળો પર આધારિત છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ માર્ચ મહિનામાં અત્યાર સુધી ભારતીય શૅરબજારમાંથી લગભગ આઠ અબજ ડૉલર એટલે કે લગભગ ૮૩ હજાર કરોડ રૂપિયા ઉપાડી લીધા છે. વૈશ્વિક અનિશ્ચિતતા અને યુદ્ધના ડરથી વિદેશી રોકાણકારો પોતાના પૈસા ઉપાડીને અમેરિકી બોન્ડ્સ સહિતની સુરક્ષિત જગ્યાએ રોકી રહ્યા છે અને આ મોટા પાયે વેચાણથી રૂપિયા પર દબાણ ઘણું વધી ગયું છે. આ વાતનો અર્થ એ થાય કે, ભારતમાં રોકાણ કરવામાં વિદેશીઓને સલામતી લાગતી નથી.

આ સલામતી લાગતી નથી કેમ કે ભારતનું અર્થતંત્ર પોતે એટલું મજબૂત નથી કે ગમે તેવા આંચકાને પચાવીને પણ સારું વળતર આપે. ઈરાનમાં યુદ્ધ થયું તેમાં તો શૅરોમાં કડાકો બોલી ગયો ને આપણો રૂપિયો પણ તૂટી ગયો. આવા બરડ અર્થતંત્ર પર કોણ ભરોસો કરે ?

શરમની વાત પાછી એ છે કે, આપણે ત્યાં હજુ સુધી નથી એક મિસાઈલ પડ્યું કે નથી આપણે સીધી રીતે યુધ્ધમાં સામે ને છતાં શેરો ને રૂપિયામાં રમખાણ છે જ્યારે યુદ્ધથી અસરગ્રસ્ત સાઉદી અરેબિયા, યુએઈ, કતાર, કુવૈત વગેરે દેશોનાં ચલણ મજબૂત છે.

આ દેશોનાં ચલણો ડોલર સામે તૂટ્યાં નથી ને બીજી તરફ આ ચલણો સામે પણ રૂપિયો એક મહિનાના તળિયે છે. વોટ્સએપ યુનિવર્સિટીના સિલેબસની બહાર નિકળીને ગુગલ પર થોડું સર્ચ કરશો તો પણ આ વાત સમજાઈ જશે.

હવે બીજા મુદ્દાની વાત કરીએ. આપણી સરકાર કેમ રૂપિયાનું ધોવાણ રોકી શકતી નથી ? આ સવાલનો જવાબ સરળ છે. આપણી પાસે એવી નેતાગીરી જ નથી કે જે વૈશ્વિક આર્થિક પ્રવાહોને સમજી શકે ને એ પ્રમાણે વર્તી શકે.

આ દેશમાં નાણાં મંત્રાલય એવી વ્યક્તિના હાથમાં છે કે જેને રૂપિયાનું ધોવાણ રોકવા માટે કશું કરવાના બદલે મોદી વૈશ્વિક સ્તરે સૌથી લોકપ્રિય નેતા છે તેની વાત કરવામાં વધારે રસ છે. ને રીઝર્વ બેંક અર્થશાસ્ત્રીઓ નહીં પણ આઈએએસ અધિકારીઓ ચલાવે છે. આ બધાથી અલિપ્ત પ્રજા મિથ્યાભિમાનમાં રાચે છે ને નેતાઓએ ચટાવેલા કહેવાતી મહાનતાના અફીણના કેફમાં ગુલતાન છે.

મોદીએ આ સ્થિતિ બદલવી હોય તો દેશને સાચા અર્થમાં આત્મનિર્ભર બનાવવો પડે. ભાજપ કરોડો કાર્યકરોનો પક્ષ છે ને આર્થિક બાબતોની સમજ પડતી હોય એવા સેંકડો નેતા હશે. નિર્મલા જેવાં નબળાં નાણાં મંત્રીને બદલે એમાંથી કોઈને નાણાં મંત્રાલય સોંપવું પડે. રિઝર્વ બેંકમાં પણ ચાપલૂસ અધિકારીઓને નહીં પણ અર્થશાસ્ત્રીઓને બેસાડવા પડે. બાકી રૂપિયાની હૈયાહોળી ચાલુ જ રહેશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર વસંતઋતુ, બુધવાર, તા. ૧-૪-૨૦૨૬, હનુમાન જયંતી, ઉપવાસ

- ભારતીય દિનાંક ૧૧, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૦મો બહેરામ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૨મો મોહોર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની સાંજે ક. ૧૬-૧૭ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં, ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૩, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક.૧૧-૫૨,રાત્રે ક.૨૩.૫૫,ઓટઃ સાંજે ક.૧૭.૫૫,મધ્યરાત્રિ પછી ક.૦૬-૧૦(તા.૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ-ચતુર્દશી. નૃસિંહ ડોલોત્સવ, હાટકેશ્વર જયંતી, હનુમાન જયંતી, ઉપવાસ, અન્વાધાન, ભદ્રા સવારે ક. ૦૭-૦૬થી રાત્રે ક. ૧૯-૨૦, મન્વાદિ

શુભાશુભ દ્વિનશુદ્ધિઃ સવારે ક. ૧૧-૧૭ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.

- એપ્રિલ -૨૦૨૬નાં સંક્ષિપ્ત ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય -અસ્તઃ તા. ૧ એપ્રિલ, ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૫૯, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૪૨. ચંદ્ર ઉદયઃ ક. ૧૮-૨૧, ચંદ્ર અસ્તઃ મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૧ (તા. ૨) બુધ ઉદયઃ ક. ૦૫-૧૦, બુધ અસ્તઃ ક. ૦૪-૫૦, શુક્ર ઉદય ક. ૦૭-૪૧, અસ્તઃ ક. ૨૦-૧૭, મંગળ ઉદયઃ ક. ૦૫-૩૭, અસ્તઃ ક. ૧૭-૨૮, ગુરુ ઉદયઃ ક. ૧૨-૨૫, અસ્તઃ ક. ૦૧-૩૦, શનિ ઉદયઃ ક. ૦૬-૧૫, અસ્તઃ ક. ૦૬-૧૪ તા. ૧ એપ્રિલ સૂર્યોદયના સમયે મીન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે કન્યા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય તા. ૧૪મીએ અશ્વિની, તા. ૨૮મીએ ભરણી નક્ષત્રમાં પ્રવેશે છે. સૂર્ય મીનમાંથી મેષમાં તા. ૧૪મીએ પ્રવેશે છે. મંગળ તા. ૨જીએ કુંભમાંથી મીનમાં પ્રવેશે છે અને માસાન્ત સુધી અહીં રહે છે. મંગળ તા. ૬ઠ્ઠી ઉત્તરા ભાદ્રપદામાં, તા. ૨૪મીએ રેવતી નક્ષત્રમાં પ્રવેશે છે. માર્ગી બુધ કુંભમાંથી તા. ૧૧મીએ મીન રાશિમાં પ્રવેશે છે. માસારંભે તા. ૧લીએ બુધ પૂર્વાભાદ્રપદામાં તા. ૧૩મીએ ઉત્તરાભાદ્રપદામાં, તા. ૨૨મીએ રેવતી નક્ષત્રમાં, તા. ૩૦મીએ અશ્વિની નક્ષત્રમાં આવે છે. માર્ગી ગુરુ સમગ્ર માસમાં મિથુન રાશિમાં અને પુનર્વસુ નક્ષત્રમાં ભ્રમણ કરે છે. માર્ગી શનિ મીન રાશિમાં ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં શતતારા નક્ષત્રમાં રહે છે. કેતુ સિંહ રાશિમાં મઘા નક્ષત્રમાં રહે છે. તા. ૨જીએ ચંદ્ર-સૂર્યનો પ્રતિયોગ ચૈત્રી પૂર્ણિમાનો યોગ કરે છે. આજના દિવસે ચંદ્રગ્રહણ થતું નથી. તા. ૧૭મીએ ચંદ્ર-સૂર્ય યુતિ, ચૈત્રી દર્શઅમાસનો યોગ કરે છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિનાયક પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, ધ્રૂવ દેવતાનું પૂજન, મુંડન કરાવવું નહીં, પર્વ પૂજા નિમિત્તે નવા વસ્ત્રો, આભૂષણ, નિત્ય થતાં દુકાન, વેપાર, દસ્તાવેજ, પશુ લે-વેચનાં કામકાજ, સર્વશાંતી, શાંતીપૌષ્ટિક, પાટ અભિષેક પૂજા, બગીચો બનાવવો, બી વાવવું, શિવ, સૂર્યનારાયણ પૂજા, મહાલક્ષ્મી પૂજન, શ્રીવિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, હનુમાન જયંતી ઉપવાસ, મહાવીર હનુમાન ઉપાસના, આચમનઃ ચંદ્ર નેપચ્યુન પ્રતિયુતિ કોઈપણ વિષયમાં સહજતાથી પારંગતતા પ્રાપ્ત કરી શકે, ચંદ્ર શનિ પ્રતિયુતિ અનુભવથી કેળવાય.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર નેપચ્યુન પ્રતિયુતિ, ચાનદરા શનિ પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-કુંભ, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## કેરળમાં બે એલપીજી સિલિન્ડર મફત આપવાનું ભાજપનું ચૂંટણીવચન

તિરુવનંતપુરમઃ ભાજપની આગેવાની હેઠળના એનડીએએ મંગળવારે ૯ એપ્રિલે યોજાનારી કેરળ વિધાનસભા ચૂંટણી માટે તેનો મેનિફેસ્ટો બહાર પાડ્યો છે, જેમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના જરૂરિયાતમંદ મહિલાઓ અને નાગરિકો માટે નાણાકીય લાભ, ગરીબ પરિવારો માટે દર વર્ષે બે મફત એલપીજી સિલિન્ડર, રાજ્ય માટે એમ્સ અને પૂજા સ્થાનોનું રક્ષણ કરવાનું વચન આપવામાં આવ્યું છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા અહીં એક એનડીએ કાર્યક્રમમાં બહાર પાડવામાં આવેલા મેનિફેસ્ટોમાં રાજ્યની રાજધાનીને કન્નુર સાથે જોડતા હાઇ સ્પીડ રેલ્વે નેટવર્ક, દરેક ઘર માટે ૨૦,૦૦૦ લિટર મફત પાણી અને મુલ્લાપેરિયાર ડેમના સંદર્ભમાં તમિળનાડુ માટે પાણી અને કેરળ માટે સલામતીનું પણ વચન આપવામાં આવ્યું હતું.

ઢંઢેરાની વિગતો આપતાં, નવીને કહ્યું કે ગરીબ અને બીપીએલ પરિવારોની દરેક મહિલાને ૨૫૦૦ રૂપિયાના માસિક રિચાર્જ સાથે ભક્ષ્ય આરોગ્ય સુરક્ષા કાર્ડ આપવામાં આવશે, જેનો ઉપયોગ તેઓ ફાર્મસીઓ અને કરિયાણાની દુકાનોમાં કરી શકશે. તે ઉપરાંત, ગરીબ પરિવારોની મહિલા વડાઓ, વિધવાઓ અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોને દર મહિને ૩૦૦૦ રૂપિયાનું કલ્યાણ પેન્શન આપવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. વધુમાં ઓણમ અને નાતાલ દરમિયાન એક-એક, દર વર્ષે બે મફત એલપીજી સિલિન્ડર ગરીબ પરિવારોને આપવામાં આવશે, એમ તેમણે જણાવ્યું હતું. એનડીએના ઢંઢેરામાં કહેવામાં આવ્યું છે કે તે સબરીમાલા સોનાની ચોરીની સમયમર્યાદામાં સીબીઆઈ તપાસ દ્વારા ભ્રષ્ટાચારનો અંત લાવશે.

ઢંઢેરામાં અન્ય વચનોમાં દરેક મલયાલીને આવરી લેવા માટે આયુષ્માન ભારત પીએમ-જેએવાયનો વિસ્તાર કરવો, તેને જરૂરી પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ પૂરા પાડવા, કોચી મેટ્રોના તમામ તબક્કાઓ પૂર્ણ કરવા અને તિરુવનંતપુરમ અને કોઝિકોડમાં નવી મેટ્રો સેવાઓ શરૂ કરવાનું શામેલ છે. વધુમાં કહેવામાં આવ્યું છે કે કેરળના તમામ ઉદ્યોગોને રાજ્યના લોકો માટે બનાવેલા રોજગાર દીઠ એક લાખ રૂપિયાની સોફ્ટ લોન આપવા માટે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન યોજના શરૂ કરવામાં આવશે.

## માર્ચમાં જ ૨.૭ લાખ નવાં પીએનજી કનેક્શન અપાયાં

નવી દિલ્હીઃ હોર્મુઝ સામુદ્રધુની બંધ હોવાથી એલપીજી ગૅસનો પુરવઠો ખોરવાઈ ગયો છે ત્યારે માર્ચ મહિનામાં જ પાઈપ્ડ નેચરલ ગૅસ (પીએનજી)ના ૩.૧ લાખથી વધારે કનેકશન અને બીજા ૨.૭ લાખ કનેકશન સરકારની ચોખ્ખા ઈંધણની નેટવર્કના વિસ્તરણને લીધે અપાયા હતા. પશ્ચિમ એશિયાની લડાઈને લીધે રાંધણ ગૅસ એલપીજીના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે. સરકાર પાઈપ્ડ નેચરલ ગૅસ કનેકશન લે એ માટે લોકોને પ્રોત્સાહિત કરી રહી છે. પીએનજીમાં પાઈપલાઈન વાટે ગૅસ સીધો ઘરે અપાય છે અને આમાં સિલિન્ડરને ફરી ભરાવાની માથાકૂટ નથી. યુદ્ધને લીધે હોર્મુઝ બંધ છે. ભારતનો મોટા ભાગનો એલપીજી આ જળમાર્ગથી આવે છે. બીજી બાજુ કુદરતી વાયુના અડધા ભાગનું ઉત્પાદન દેશમાં જ થાય છે અને બાકીના પુરવઠા માટે વિવિધ સ્રોત છે.

## પાકિસ્તાન તો પોતે જ એક સમસ્યા, ભારતે મધ્યસ્થી કરવી જોઈએઃ ઈઝરાયલ

જેરુસલેમઃ ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવને ડામવા માટે મધ્યસ્થીના પ્રયાસો તેજ થયા છે ત્યારે પાકિસ્તાન મધ્યસ્થીનો જશ ખાટવા માટે ઘેલો થઈ રહ્યો છે. ત્યારે ઈઝરાયલે પાકિસ્તાન કરતા ભારતની ભૂમિકાને વધુ મહત્વની ગણાવી છે. ઈઝરાયલ વિદેશ મંત્રાલયના વિશેષ દૂત ફ્લૂર હસન-નહૂમે એક ઈન્ટરવ્યુમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, પાકિસ્તાનની સરખામણીએ ભારત ઘણું સારું મધ્યસ્થ સાબિત થઈ શકે તેમ છે. તેમણે પાકિસ્તાનની મધ્યસ્થી કરવાની ઈચ્છા પર કટાક્ષ કરતા કહ્યું કે, પાકિસ્તાન પોતે જ આતંકવાદની દુનિયામાં એક મોટી સમસ્યા છે અને તે માત્ર પોતાની પ્રસ્તુતતા સાબિત કરવાના નિરર્થક પ્રયાસો કરી રહ્યું છે.

ભારતની પ્રશંસા કરતા હસન-નહૂમે ઉમેર્યું હતું કે, ભારત ઈઝરાયલનો અત્યંત નજીકનો અને ભરોસાપાત્ર સાથી દેશ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઈઝરાયેલ સાથેના મજબૂત સંબંધો અને ભારતની એવી ક્ષમતા કે તે તમામ પક્ષો સાથે ઉત્તમ સંબંધો જાળવી રાખે છે, તેને કારણે ભારત મધ્યસ્થી માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે સઉદી અરેબિયા, ઇજિપ્ત અને તૂર્કી સાથે મળીને અમેરિકા અને ઈરાન વચ્ચે મંત્રણા કરાવવાની રજૂઆત કરી હતી, પરંતુ ઈઝરાયેલે તેને ગંભીરતાથી લીધી હોય તેવું જણાતું નથી. બીજી તરફ, ઈરાને અમેરિકા સાથે યુદ્ધ વિરામ અંગેની કોઈપણ પ્રકારની વાતચીત કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું હતું કે, મધ્યસ્થીઓ દ્વારા તેમને અમેરિકાના મંત્રણા માટેના સંદેશા મળ્યા છે, પરંતુ તેની શરતો અતાર્કિક છે. ઈરાને ભારપૂર્વક કહ્યું છે કે તેમના પર સૈન્ય હુમલો થયો હોવાથી હાલમાં તેમની પ્રાથમિકતા મંત્રણા કરવાને બદલે પોતાની સંરક્ષણ શક્તિ મજબૂત કરવા પર છે. આ સ્થિતિમાં પશ્ચિમ એશિયાનો સંઘર્ષ વધુ ઘેરો બનવાની ભીતિ સેવાઈ રહી છે.

## પહેલા પાનાનું ચાલુ

### અમે ઈંધણના ભાવ

માટેનો મજબૂત પાયો નાખી રહી છે. તેમણે સાણંદમાં સૅમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે આજે સાણંદ અને સિલિકૉન વૅલી વચ્ચે નવા સેતુનું નિર્માણ થયું છે. સાણંદના પ્લાન્ટમાં તૈયાર થતાં 'ઇન્ટેલિજન્ટ પાવર મૉડ્યુલ્સ' કેલિફોર્નિયાની કંપનીને પૂરા પાડવામાં આવશે.

મોદીએ જણાવ્યું હતું કે કોરોનાવાઇરસના રોગચાળા વખતે સપ્લાઇ ચેન્સમાં વિઘ્ન ઊભું થયું હતું અને ત્યારે ભારતે સૅમિકન્ડક્ટરના ઉત્પાદનનું હબ (મથક) બનવાનું નક્કી કર્યું હતું. ભારત સૅમિકન્ડક્ટર્સ, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ) અને દુર્લભ ખનિજો સહિતની મહત્ત્વની ટૅક્નોલૉજીની સપ્લાઇ ચેન્સ અવિરત ચાલુ રાખવાના ઉદ્દેશ્ય સાથેના અમેરિકાના નેતૃત્વ હેઠળ રચાયેલા વ્યૂહાત્મક સંગઠન 'પૅક્સ સિલિકા'માં તાજેતરમાં જોડાયું હતું.

વડા પ્રધાને જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે દેશને દુર્લભ ખનિજોમાં સ્વાવલંબી બનાવવા માટે 'નેશનલ ક્રિટિકલ મિનરલ્સ મિશન' શરૂ કર્યું છે. આ ઉપરાંત, ખનિજોના રિસાઇકલિંગ (પુનઃપ્રક્રિયા)ને પ્રોત્સાહન આપવા માટે રૂપિયા ૧,૫૦૦ કરોડની યોજના પણ શરૂ કરી છે. મોદીએ જણાવ્યું હતું કે કેન્દ્રના અંદાજપત્રમાં દરિયાકિનારે આવેલા ઓડિશા, આંધ્ર પ્રદેશ, તમિળનાડુ અને કેરળ જેવાં રાજ્યોમાં 'દુર્લભ ખનિજોનો કૉરિડૉર' રચવાની જોગવાઇ કરાઇ છે.

તેમણે જણાવ્યું હતું કે ભારત માને છે કે ૨૧મી સદી માત્ર આર્થિક સ્પર્ધાની જ નહિ, પરંતુ ભવિષ્યને ધ્યાનમાં રાખીને ટૅક્નોલૉજી ક્ષેત્રે કરાતી પ્રગતિની પણ હશે. ભારત આર્ટિફિશ્યલ ટૅક્નોલૉજીમાં વિશ્વનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતે ડિટિજલ અને ફિનટૅક ક્ષેત્રે મેળવેલી સફળતાને લીધે તે દુનિયાભરમાં આવી ટૅક્નોલૉજીમાં વિશ્વસનીય દેશ બની ગયો છે. ભારત ટૅક્નોલૉજી ક્ષેત્રે અભૂતપૂર્વ રોકાણ કરી રહ્યું છે.

તેમણે સાણંદમાં સૅમિકન્ડક્ટરના બીજા પ્લાન્ટના ઉદ્ઘાટનને ગૌરવભરી ઘટના ગણાવી હતી અને દાવો કર્યો હતો કે ભારત હવે સૅમિકન્ડક્ટરની વૈશ્વિક સપ્લાઇ ચેનમાં જોડાયું છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારતે ૨૦૨૧માં રૂપિયા ૧.૬૦ લાખ કરોડના ખર્ચે શરૂ કરેલું 'સૅમિકન્ડક્ટર મિશન' દસ રાજ્યમાં ફેલાયેલું છે. ભારતનું સૅમિકન્ડક્ટર માર્કેટ રૂપિયા ૪.૫ લાખ કરોડનું છે અને તે વધીને રૂપિયા નવ લાખ કરોડનું થવાની આશા છે. (એજન્સી)

### અમેરિકામાં ગૅસોલિનના

અલગ-અલગ દરને લીધે ભાવ પણ જુદા-જુદા છે.

અમેરિકા અને ઇઝરાયલે સાથે મળીને ૨૮ ફેબ્રુઆરીએ ઇરાનની સામે સંયુક્ત લશ્કરી કાર્યવાહી શરૂ કરી, તે પછી ગૅસોલિનના મુખ્ય ઘટક ખનિજ તેલનો ભાવ ઝડપથી વધી રહ્યો છે. ખનિજ તેલનું મોટા પાયે ઉત્પાદન કરતા દેશોમાંથી પુરવઠો મળવાનું બંધ કે ઓછો થઇ જવાથી ક્રૂડ ઑઇલની વિશ્વભરમાં અછત ઊભી થઇ છે.

દાખલા તરીકે પૅરિસમાં ગૅસનો ભાવ લિટર દીઠ ૨.૩૪ યુરો (અંદાજે ૨.૬૮ ડૉલર) થઇ ગયો છે એટલે કે ગૅલન દીઠ ૧૦.૨૭ ડૉલરમાં વેચાય છે. ઈંધણના ભાવમાં વધારાને લીધે વિશ્વભરમાં અન્ય ચીજો પણ મોંઘી થઇ ગઇ છે. અમેરિકાની ટપાલ સેવા 'પ્રાયૉરિટી મૅલ' જેવી લોકપ્રિય પ્રૉડક્ટ્સમાં આઠ ટકા જેટલો કામચલાઉ વધારો માગી રહી છે. અમેરિકામાં માલસામાનનું વહન કરતી ટ્રક દ્વારા વપરાતા ડીઝલનો સરેરાશ ભાવ યુદ્ધની પહેલાં ગૅલન દીઠ ૩.૭૬ ડૉલર હતો, તે હવે વધીને ૫.૪૫ ડૉલર થઇ ગયો છે. (એજન્સી)

### ઈરાનમાં અણુમથકો

પર વારંવાર હુમલા કર્યા હતા. ઈરાને હોર્મુઝ બંધ કરી દેતાં વિશ્વમાં તેલના ભાવમાં જબરદસ્ત ઉછાળો આવ્યો છે. તેલના ભાવ વધતા જરૂરિયાતની વસ્તુઓ મોંઘી થઈ છે. ઈન્ટરનેશનલ સ્ટાન્ડર્ડના બ્રેન્ટ ક્રૂડના સ્પોટ પ્રાઈઝ એક બેરલદીઠ ૧૦૬ ડૉલર થયા હતા. યુદ્ધ શરૂ થયું ત્યાર બાદ તેલના ભાવ ૪૫ ટકા વધ્યા છે. ટ્રમ્પે ધમકી આપી હતી કે જો ટૂંક સમયમાં યુદ્ધવિરામ ન થયો તો અમેરિકા એના આક્રમણનો વ્યાપ વધારશે. ટ્રમ્પે ઈસ્ફહાન પર હુમલાનો વીડિયો જારી કર્યો હતો. તહેરાને એની પાસે રહેલા ૬૦ ટકા સમૃદ્ધ યુરેનિયમ અહીંના અણુમથકોમાં રાખ્યું છે.

દરમિયાન ઈરાને ડ્રોનહુમલો કરતા કુવૈતના ઑઈલ ટર્મિનલના પ્લાન્ટ માં આગ લાગી હતી. આંતરેલુ ડ્રોન નાગરિક વિસ્તાર પર પડતા ચાર જણ ઘાયલ થયા હતા. બાહરિનમાં સાયરન વાગી હતી, જ્યારે સઉદી અરેબિયાએ કહ્યું હતું કે અમારી રાજધાની પર ત્રણ બેલિસ્ટિક મિસાઈલ છોડવામાં આવી હતી. ઈઝરાયલમાં પણ મોટા ધડાકા સંભળાયા હતા. (એજન્સી)

### સરકારે ગૅસના

ઉત્પાદનના ૬૦ ટકા એટલે કે દિવસના ૯.૨ કરોડ સ્ટાડર્ડ ઘન મીટર ગૅસને એડમિનિસ્ટર્ડ પ્રાઇસ મૅકનિઝમ લાગુ પડે છે. આ વધારાની અસર ખાતરથી લઇને સીએનજી અને પાઇપ્ડ કુકિંગ ગૅસના ઉદ્યોગને પડશે.

સરકારે ૨૦૨૩માં નક્કી કરેલી એડમિનિસ્ટર્ડ પ્રાઇસ મૅકનિઝમમાં આ ભાવવધારો લાગુ પડશે. તેલ મંત્રાલયના પેટ્રોલિયમ પ્લાનિંગ ઍન્ડ એનાલિસીસ સૅલે સત્તાવાર આદેશમાં જણાવ્યું હતું કે એપ્રિલમાં મેટ્રિક મિલ્યન બ્રિટિશ થર્મલ યુનિટ સ્થાનિક કુદરતી વાયુનો ભાવ ગ્રૉસ કૅલરિફિક વૅલ્યૂના આધારે ૧૦.૭૬ ડૉલર રહેશે. (એજન્સી)

### અમેરિકા પીછેહઠ

સાથીઓના મત મુજબ હોર્મુઝ સામુદ્રધુની બધાં જહાજોની સામાન્ય અવરજવર માટે ખુલ્લી મૂકવામાં સફળ થવા કદાચ ચારથી છ અઠવાડિયાં કરતાં વધુ સમય લાગી શકે છે.

ટ્રમ્પનું હાલમાં એકમાત્ર લક્ષ્ય ઇરાનના નૌકાદળની શક્તિ અને મિસાઇલોનો જથ્થો ઓછો કરાવીને તહેરાનને ખાડીમાંથી વેપારી જહાજોની મુક્ત અવરજવર કરવા દેવાની ફરજ પાડવાનું છે. અમેરિકાને પોતાના લક્ષ્યમાં સફળતા નહિ મળે, તો વૉશિંગ્ટન આ લક્ષ્ય પાર પાડવાનું કામ પોતાના સાથી દેશો તેમ જ અખાતમાંના અન્ય રાષ્ટ્રોને સોંપીને પોતે પીછેહઠ કરી શકે છે.

વાઇટ હાઉસનાં પ્રેસ સેક્રેટરી કેરોલાઇન લીવઇટે જણાવ્યું હતું કે પ્રમુખ અને પેન્ટાગૉનના વડાને ઇરાન સામેની આ લશ્કરી કાર્યવાહી ચારથી છ અઠવાડિયાં ચાલે એવો અંદાજ હતો અને હવે તેને ૩૦ દિવસ કરતાં વધુ સમય થઇ ગયો છે.શું અમેરિકાએ ઇરાન સામેની લશ્કરી કાર્યવાહીનો 'બોજો' હવે કુવૈત, યુએઇ અને સઉદી અરેબિયા જેવા દેશોને સોંપી દેવો ન જોઇએ?

તેમણે એવો નિર્દેશ આપ્યો હતો કે અમેરિકા હવે ઇરાન સામેની લશ્કરી કાર્યવાહીનો 'બોજો' આરબ દેશોને ઉપાડવા કહી શકે છે.

અમેરિકા અને ઇઝરાયલે ૨૮ ફેબ્રુઆરીએ ઇરાન પર હુમલા શરૂ કર્યા તે પછી તહેરાને હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજોની અવરજવર મુશ્કેલ બનાવી છે. (એજન્સી)

### ચીન-પાકિસ્તાને

સામુદ્રધુનીમાંથી સુરક્ષિત રીતે પસાર થયા છે અને એ માટે સંબંધિત પક્ષકારોએ આપેલા સાથસહકાર બદલ અમે તેમનો આભાર માનીએ છીએ.

સંબંધિત પક્ષકારોના સહકારથી અમારા ત્રણ જહાજે હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષિત રીતે પાર કરી હોવાનું ચીનના વિદેશ ખાતાના પ્રવક્તા માઓ નીન્ગે કહ્યું હતું.

ઈરાન હોર્મુઝ સામુદ્રધુની પર પોતાના સાર્વભૌમત્વને આંતરરાષ્ટ્રીય માન્યતા આપવાની માગણી કરી રહ્યું છે. માલસામાનના આંતરરાષ્ટ્રીય પરિવહન અને ઊર્જાના વેપાર માટે હોર્મુઝની સામુદ્રધુની અને તેની આસપાસનો વિસ્તાર મહત્ત્વનો માર્ગ છે. પશ્ચિમ એશિયા સહિતના વિસ્તારમાં શાંતિ અને સ્થિરતાની સ્થાપના કરવા તાત્કાલિક યુદ્ધવિરામ કરવાની ચીને હાકલ કરી હોવાનું તેમણે કહ્યું હતું.

માઓએ કહ્યું હતું કે પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન ઈશાક ડાર વિદેશ પ્રધાન વાન્ગ ટી વચ્ચે યોજાનારી બેઠકમાં પશ્ચિમ એશિયામાં પ્રવર્તી રહેલી યુદ્ધની પરિસ્થિતિનો મુદ્દો પણ ઉપાડી લેવામાં આવશે. ઈઝરાયલ-અમેરિકાએ ઈરાન પર કરેલા હુમલા બાદ ચીને પ્રથમ જ વાર આ મુદ્દે મૌન તોડ્યું છે. (એજન્સી)

### નાલંદાના મંદિરમાં

ગ્રેસિયા આપવાની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાનની કચેરીએ એક નિવેદનમાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાને આ બનાવમાં માર્યા જનાર ભાવિકો અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે છ લાખ રૂપિયાના એક્સ ગ્રેસિયાની રકમ મૃતકોના કુટુંબને આપવાની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાને ઘાયલોને બહેતર સારવાર મળે એવી તકેદારી લેવા અધિકારીઓને સૂચના આપી હતી. બિહારના નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરીને પણ શોકસંદેશો બહાર પાડ્યો હતો. નુરુલ હકે કહ્યું હતું કે અધિકારીઓ મૃતકોની ઓળખાણ શોધી રહ્યા છે. નાલંદાના ડેપ્યુટી ડેવલપમેન્ટ કમિશનર શુભમ કુમારે પત્રકારોને માહિતી આપી હતી કે આ કમનસીબ બનાવ મંદિરમાં ભારે ભીડને લીધે બન્યો હતો. આઠ જણનાં મોત થયાં છે અને બીજા પાંચને ઈજા થઈ છે. બિહાર વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે સરકાર પર વહીવટી ગેરવ્યવસ્થાનો આક્ષેપ કર્યો હતો. તેમણે આ બનાવની ઉચ્ચ સ્તરીય તપાસની માગણી કરી હતી. (એજન્સી)

### ફ્લોરિડાના ઍરપોર્ટને

કર્યો હતો જેમાં તેમની સૂચિત પ્રેસિડેન્શિયલ લાઈબ્રેરીની ડિજિટલ ઝલક મૂકી હતી. નાટ્યાત્મક સંગીતના બેકગ્રાઉન્ડમાં માયામીમાં ગગનચુંબી ટાવર બતાડવામાં આવ્યો છે. એના પર 'ટ્રમ્પ' એવું લખાણ છે. વીડિયોમાં ટાવરની અંદર તેમજ બહારના ભાગ બતાડવામાં આવ્યા છે. લોબીમાં પ્રેસિડેન્શિયલ જેટ પાર્ક કરેલું છે અને ગોલ્ડ એસ્કેલેટર બતાડવામાં આવી છે. ટ્રમ્પ ૨૦૧૫ની પ્રમુખપદની ચૂંટણીમાં આવા જ ગોલ્ડ એસ્કેલેટર પર સવાર થયા હતા. ટ્રમ્પે મૂકેલા વીડિયોમાં વિશાળ બોલરૂમ જોવા મળે છે. ટ્રમ્પ વાઈટ હાઉસમાં પણ આવો બોલરૂમ બનાવવાની યોજના ઘડી રહ્યા છે. વીડિયોમાં ઓવલ ઑફિસની પ્રતિકૃતિ, રૂફટોપ ગાર્ડન, અને ટ્રમ્પનું સોનાનું પૂતળું પણ જોવા મળે છે.

આ ગગનચુંબી ટાવરની ડિઝાઈન માયામીસ્થિત બેર્નેલો અજામિલે તૈયાર કરી છે. ટ્રમ્પે એક લિન્ક દીધી છે જે લાઈબ્રેરીની વેબસાઈટ પર લઈ જાય છે. વાઈટ હાઉસે આ પ્લાન અંગેના કોઈ સવાલના તત્કાળ જવાબ આપ્યા નહોતા. (એજન્સી)
















# સાયન હૉસ્પિટલમાં રેડિયોલોજી ડિપાર્ટમેન્ટમાં ભીષણ આગ: કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા સંચાલિત સાયન હૉસ્પિટલના રેડિયોલોજી વિભાગમાં મંગળવારે એસીમાં સ્ફોટ થઈને ભીષણ આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગની દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ મંગળવારે સવારના ૧૧.૫૭ વાગે સાયન હૉસ્પિટલના આઉટપેશન્ટ વોર્ડ (ઓપીડી)ની બાજુમાં આવેલા રેડિયોલોજી વિભાગમાં એસીમાં સ્ફોટ થઈને આગ લાગી હતી. સ્ફોટ થતાં જ રેડિયોલોજી વિભાગમાં એક્સ-રે કાઢવામાં આવેલા તમામ દર્દીઓને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા, તેથી મોટી જાનહાનિ ટળી હતી. રેડિયોલોજી વિભાગ સાયન હૉસ્પિટલના સાત નંબરના પ્રવેશદ્વારની સામે ગ્રાઉન્ડ પ્લસ પાંચ માળની મુખ્ય ઓપીડી બિલ્ડિંગ આવેલી છે. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર રેડિયોલોજી ડિપાર્ટમેન્ટ આવેલો છે.

આ વિભાગના સૌથી છેલ્લા રૂમમાં એક એર કન્ડિશનિંગ સિસ્ટમમાં અચાનક સવારે ૧૧.૫૭ વાગે વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટ બાદ રૂમમાં આગ ફાટી નીકળી હતી અને તે સંપૂર્ણ રૂમમાં રહેલા ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, લાકડાના ફર્નિચર, ઓફિસ રેકોર્ડ સહિત તમામ સામાનમાં આગ ફેલાઈ ગઈ હતી અને તેને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો નીકળ્યો હતો.

ઘટનાસ્થળે ફાયરબ્રિગેડે પહોંચીને ૧૨.૧૪ વાગ્યા સુધી આગ પર નિયંત્રણ મેળવ્યું હતું, અને એક વાગ્યા સુધીમાં આગને સંપૂર્ણપણે બુઝાવી દેવામાં સફળતા મળી હતી, તેને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. આ અકસ્માતમાં કોઈને ઈજા પહોંચી ન હોવાનું સાયન હૉસ્પિટલના ડીન ડૉ. પ્રમોદ ઈંગલેએ જણાવ્યું હતું. ■




# અશોક ખરાતની દીકરીની પત્રિકાએ તોફાન સર્જ્યું: રાજકારણીઓની ઊંઘ ઉડાડી મૂકી

## લગ્નપત્રિકામાં મુખ્ય મહેમાન તરીકે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત અન્ય નેતાઓનાં નામ

નાશિક: મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના 'ગૉડમૅન' અશોક ખરાતના સંપર્કમાં અનેક રાજકારણીઓ હતા, એવી ચર્ચા શરૂઆતથી જ હતી ત્યારે હવે ખરાતની દીકરીની લગ્નપત્રિકાએ તોફાન લાવી દીધું છે. લગ્નપત્રિકામાં મુખ્ય મહેમાન તરીકે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત અન્ય નેતાઓનાં નામ હોવાનું સામે આવતાં હવે રાજકારણીઓની ઊંઘ ઊડી ગઈ હોવાનું કહેવાય છે.

છેલ્લાં ત્રણ વર્ષ સુધી નાશિકના સ્વઘોષિત જ્યોતીષી અશોક ખરાતે દુષ્કર્મ કર્યું હોવાની ફરિયાદ મહિલાએ નોંધાવી હતી. ફરિયાદને આધારે પોલીસે ખરાતની ધરપકડ કરી હતી. અત્યારે ખરાત બુધવાર સુધી પોલીસ કસ્ટડીમાં છે. તેની વિરુદ્ધ સરકારવાડા પોલીસ સ્ટેશનમાં અત્યાર સુધીમાં ૧૦ એફઆઈઆર નોંધાયા હતા, જેમાંથી આઠ તો મહિલાઓના જાતીય શોષણ અને બે છેતરપિંડીના છે.

મહારાષ્ટ્રના અનેક રાજકારણી છેલ્લાં કેટલાંક વર્ષથી ખરાતની મુલાકાત લેતા હતા, એવી ચર્ચા આ કેસની શરૂઆતથી જ થઈ રહી હતી, પરંતુ એસઆઈટીની તપાસમાં ખરાતની દીકરીની લગ્નપત્રિકા મળતાં જાણે આ ચર્ચાને સમર્થન મળ્યું હતું.અત્યારે સોશ્યલ મીડિયા પર એક લગ્નપત્રિકા ખાસ્સી વાયરલ થઈ રહી છે, જે ખરાતની પુત્રીની હોવાનું કહેવાય છે. આ પત્રિકામાં મુખ્ય મહેમાન તરીકે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, પ્રધાન ચંદ્રકાંત પાટીલ, આશિષ શેલારનાં નામ છે. તે સિવાય દીપક કેસરકર, રૂપાલી ચાકણકર અને મિલિંદ નાર્વેકર જેવા નેતાઓનાં નામ પણ મુખ્ય મહેમાન તરીકે છાપવામાં આવ્યાં છે. જોકે નાશિકમાં થયેલા આ લગ્નસમારંભમાં કોણ કોણ હાજર હતું તેની ખાતરી કરવામાં આવી રહી છે.બીજી બાજુ, એસઆઈટીની તપાસમાં ખરાતના મોબાઈલ ફોનમાંનો 'ક્લોન ડેટા' હાથ લાગ્યો છે. કહેવાય છે કે ખરાતે તેના મોબાઈલ અને લૅપટોપમાં કોડવર્ડમાં રાજકારણીઓના નામ-નંબર સહિતની અન્ય વિગતો સેવ કરી હતી. આ વિગતોને આધારે એસઆઈટી તપાસ કરી રહી છે, જેને પગલે તપાસનો સામનો કરવો પડશે, એવા ભયથી અનેક રાજકારણીઓમાં ફફડાટ હોવાનું કહેવાય છે. ■

## અશોક ખરાતની પત્ની પણ કાનૂની સકંજામાં સપડાઈ

### શિર્ડીમાં જમીન ખરીદીમાં છેતરપિંડીનો આરોપ: ખરાત સાથે પત્ની અને અન્ય ત્રણ વિરુદ્ધ ગુનો

નાશિક: મહિલા સાથે દુષ્કર્મના કેસમાં ધરપકડ પછી પોલીસ કસ્ટડીમાં રહેલા કથિત ગૉડમૅન અશોક ખરાતની પત્ની પણ હવે કાનૂની સકંજામાં સપડાઈ છે. શિર્ડીમાં જમીન ખરીદીમાં કથિત છેતરપિંડીના કેસમાં ખરાત સાથે તેની પત્ની કલ્પના અને અન્ય ત્રણ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો, જેમાંથી બેની ધરપકડ કરવામાં આવી હતી.પકડાયેલા બન્ને આરોપીની ઓળખ અરવિંદ બાવકે અને કિરણ સોનવણે તરીકે થઈ હતી. બન્નેને સોમવારે રાહાતા કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે તેમને ત્રણ દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

શિર્ડી પરિસરમાં જમીન ખરીદ-વેચાણમાં મોટા પ્રમાણમાં છેતરપિંડી આચરવામાં આવી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો. પોલીસે પ્રાથમિક તપાસને આધારે બે આરોપીની ધરપકડ કરી હતી. આ કેસનો મુખ્ય આરોપી અશોક ખરાત અગાઉથી જ અન્ય એક કેસમાં લૉકઅપમાં છે. હવે ખરાતની પત્ની પર ધરપકડની વીજળી પડે એવી શક્યતા વધી ગઈ છે.પોલીસ ખરાતની પત્ની કલ્પના ખરાતની પૂછપરછ કરી રહી હોવાનું સૂત્રો જણાવ્યું હતું. અન્ય એક આરોપી અશોક તાંબેને પણ પોલીસ ટૂંક સમયમાં કસ્ટડીમાં લેશે, એવું ચર્ચાઈ રહ્યું છે. આ કેસમાં બીજા કોઈ આરોપીઓની સંડોવણી છે કે કેમ તેની તપાસ પોલીસ કરી રહી છે. પકડાયેલા બન્ને આરોપીની પણ પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે. ■

## પુણેના પૉશ વિસ્તારમાં કરોડોની મિલકત

જ્યોતીષીના ઓઠા હેઠળ વિવિધ વિધિ તેમ જ અન્ય કારણો રજૂ કરીને રાજકારણીઓ તેમ જ સામાન્ય નાગરિકો પાસેથી પડાવેલાં નાણાંમાંથી અશોક ખરાતે પુણેના પૉશ વિસ્તારમાં કરોડો રૂપિયાની મિલકત ખરીદી હોવાનું સામે આવ્યું છે.

કહેવાય છે કે કોરેગાંવ પાર્ક પરિસરમાં ૨૦૨૪માં ખરાત અને તેના પરિવારના સભ્યોના નામે ૪૯ ગુંઠા જમીન અને કેટલાક રૉહાઉસ ખરીદવામાં આવ્યા હતા, જેના પુરાવા એસઆઈટીને હાથ લાગ્યા છે. દસ્તાવેજો પર આ મિલકતોની કિંમત ૧૯.૫૬ કરોડ રૂપિયા દર્શાવવામાં આવી છે, પણ બજારભાવ અનુસાર અત્યારે આ મિલકતની કિંમત ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવામાં આવે છે.

નાગરિકોને તંત્ર-મંત્ર અને ધાર્મિક વિધિની જાળમાં સપડાવીને કમાયેલું કાળું નાણું ખરાતે મિલકતમાં રોક્યું હોવાનું એસઆઈટીનું માનવું છે. આ માટેનો આર્થિક વ્યવહાર ખરાતે તેના સીએ મારફત કર્યો છે કે કેમ તેની તપાસ કરવામાં આવી રહી છે. ■

## જાણીતા ડૉક્ટરો રડાર પર?

મહિલાઓ સાથે શારીરિક સંબંધ બાંધ્યા પછી અશોક ખરાત તેમને દવાઓ પણ આપતો હોવાનું એસઆઈટીની તપાસમાં સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસમાં એસઆઈટીને જાણવા મળ્યું હતું કે મહિલાઓને દવા આપવા માટે ખરાત નાશિકના કેટલાક ડૉક્ટરના સંપર્કમાં હતો. આ ડૉક્ટરોની સલાહથી જ ખરાત મહિલાઓને દવા આપતો હતો. જોકે એ દવા શેની હતી તેની તપાસ પોલીસ કરી રહી છે. આ માટે ડૉક્ટરોની પૂછપરછ કરવામાં આવે એવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. ■

## ચૂંટણી અરજી ભરતાં પહેલાં ખરાત પાસેથી કઢાવતા મુહૂર્ત

મહિલાઓના જાતીય શોષણના ચક્કરમાં ફસાયેલા કહેવાતા બાબા અશોક ખરાતથી અનેક રાજકારણીઓ પ્રભાવિત હતા. લગભગ ૪૫થી વધુ રાજકીય નેતા ખરાતના સંપર્કમાં હતા, એવું જાણવા મળી રહ્યું છે.

આંચકાજનક બાબત એટલે રાજકારણીઓ ખરાત પર એટલો વિશ્વાસ રાખતા હતા કે કોઈ પણ શુભ કાર્ય કરવા તેની સલાહ લેતા હતા. એટલે સુધી કે કેટલાક નેતાઓ ચૂંટણી ફૉર્મ ભરવા માટેનું મુહૂર્ત પણ ખરાત પાસે જોવડાવતા હતા. ખરાતની સૂચના અનુરૂપ ચૂંટણી ફૉર્મ ભરવામાં આવતું. ખરાત કયા નેતાઓના સલાહકાર હતા તેની તપાસ એસઆઈટી કરી રહી છે.

# માથા વિનાના ધડનો કેસ: બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નાલાસોપારા નજીક પેલ્હાર ગામમાંથી ગૂણીમાંથી મળી આવેલા માથા વિનાના ધડનો કેસ ઉકેલી પોલીસે મૃતકના વ્યાવસાયિક ભાગીદાર સહિત બેની ધરપકડ કરી હતી. આર્થિક વિવાદમાં ક્રૂરતા આચરીને તાનસા નદીમાં ફેંકેલું મૃતકનું માથું પણ પોલીસે શોધી કાઢ્યું હતું.

પેલ્હાર પોલીસે ધરપકડ કરેલા બન્ને આરોપીની ઓળખ દિનેશકુમાર કાનારામ પ્રજાપતિ (૨૭) અને સંદીપ બ્રહ્મદેવ તિવારી (૩૫) તરીકે થઈ હતી. આરોપી પ્રજાપતિ અને મૃતક અશોક સિંહ કરમ સિંહ રાજપૂત (૩૨) કરિયાણાના વ્યવસાયમાં ભાગીદાર હતા.

રાજસ્થાનના એક જ ગામમાં રહેતા પ્રજાપતિ અને રાજપૂતે ભાગીદારમાં વ્યવસાય શરૂ કર્યો હતો, પરંતુ વ્યવસાયનાં નાણાંને લઈ તેમની વચ્ચે વિવાદ થયો હતો. આ વિવાદમાં જ પ્રજાપતિએ વિરારના કાંદલપાડામાં રહેતા મિત્ર તિવારીની મદદથી હત્યાને અંજામ આપ્યો હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે રવિવારે આરોપીએ તેના ઘરમાં તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી રાજપૂતની હત્યા કરી હતી. પછી તેની ઓળખ ન થાય તે માટે હથિયારથી માથું કાપીને ધડથી અલગ કરી નાખવામાં આવ્યું હતું. રાજપૂતના ધડને પ્લાસ્ટિકની ગૂણીમાં ભરીને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે નજીક સોપારા ફાટા પાસે ઝાડીઝાંખરાંમાં ફેંકી દેવામાં આવ્યું હતું. તેનું માથું અને મોબાઈલ ફોન તાનસા નદીમાં ફેંકવામાં આવ્યા હતા.

સોમવારની સવારે મૃતકનું ધડ મળી આવ્યા પછી પેલ્હાર પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ધડ મળ્યું એ સ્થળેથી પસાર થનારાં શંકાસ્પદ વાહનોની તપાસમાં પોલીસ પ્રજાપતિ સુધી પહોંચી હતી. તેણે આપેલી માહિતી પરથી તિવારીને પણ તાબામાં લેવાયો હતો.

આરોપીની કબૂલાતને આધારે નદીકિનારેથી મૃતકનું માથું અને મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. ■

# બીડમાં નવ ઢોંગીબાબા પોલીસના સકંજામાં

બીડ: સ્વઘોષિત 'ગૉડમૅન' અશોક ખરાતની બળાત્કારના કેસમાં ધરપકડ કરાયા બાદ તપાસમાં એક પછી એક ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે. અશોક ખરાત વિરુદ્ધ પોલીસની કાર્યવાહી બાદ રોજ નવા મામલા બહાર આવી રહ્યા છે, ત્યારે બીડ જિલ્લામાં પૂજાવિધિને નામે લોકો પાસેથી લાખો રૂપિયાની લૂંટ ચલાવનારા નવ ઢોંગીબાબાને પોલીસજાળમાં સપડાયા છે.બીડ જિલ્લામાં ઢોંગીબાબાઓએ મહિલાઓનું શારીરિક શોષણ જેવા ગુના આચર્યા ન હોવા છતાં પૂજાવિધિને નામે લાખો રૂપિયાની લૂંટ ચલાવી હોવાના અનેક કિસ્સાઓ બન્યા છે. એ સિવાય જમીનમાં દાટેલું ગુપ્તધન બહાર કાઢી આપવાને બહાને લોકો સાથે છેતરપિંડી આચરવા ઉપરાંત વ્યવસાયમાં યશ અને બીમારી દૂર કરી આપવાને બહાને પણ ઠગાઇ આચરી હોવાનું સામે આવ્યું છે. ■




# ચેમ્બુરમાં પૂરપાટ વેગે આવેલી કારે રિક્ષાને અડફેટે લેતાં વૃદ્ધાનું મોત: બે જણ ઘવાયા

મુંબઈ: ચેમ્બુર વિસ્તારમાં પૂરપાટ વેગે આવેલી કારે રિક્ષાને અડફેટમાં લેતાં ૬૫ વર્ષની વૃદ્ધાનું મોત થયું હતું, જ્યારે અન્ય બે જણ ઘાયલ થયા હતા.

નેહરુ નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે સોમવારે આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી વૃદ્ધાની ઓળખ ચાંદ બી હુસૈન શેખ તરીકે થઇ હતી. અકસ્માતમાં હાફિઝા બાબા શેખ (૩૫) અને રિક્ષાચાલક વીરેન્દ્ર પ્રસાદ ઘાયલ થયા હતા. પોલીસે આ પ્રકરણે ગુનો નોંધીને કારના ડ્રાઇવરની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર ચાંદ બી શેખ અને હાફિઝા શેખે કુર્લા પશ્ચિમના ચુનાભટ્ટી વિસ્તારમાં જવા માટે ભિવંડીથી રિક્ષા પકડી હતી. રિક્ષા ચેમ્બુરમાં પોસ્ટર કોલોની નજીકથી પસાર થઇ રહી હતી ત્યારે પૂરપાટ વેગે આવેલી કારે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી.

કારની ટક્કરથી રિક્ષામાં બેઠેલી ચાંદ બી શેખ બહાર ફેંકાઇ ગઇ હતી અને ડિવાઇડર સાથે ભટકાઇ હતી, જેમાં તેના માથામાં ગંભીર ઇજા થઇ હતી, જ્યારે રિક્ષાચાલક અને હાફિઝા શેખને પણ ઇજા પહોંચી હતી.

અકસ્માતને પગલે નાગરિકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઘાયલ થયેલા ત્રણેય જણને ત્વરિત રાજાવાડી હોસ્પિટલમાં લઇ જવાયાં હતાં, જ્યારે ડોક્ટરોએ ચાંદ બી શેખને તપાસીને મૃત જાહેર કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.(પીટીઆઇ)




**વસઈ-વિરાર પાલિકાની પરિવહન સેવા**

# ફ્રી બસ પાસ રિન્યૂઅલની સમયમર્યાદા 30 એપ્રિલ સુધી લંબાવવામાં આવી

વસઈ: વસઈ-વિરાર મહાનગર-પાલિકાની પરિવહન સેવા દ્વારા મફત બસ પ્રવાસ યોજના હેઠળ આપવામાં આવેલા બસ પાસની મુદત માર્ચના અંતમાં પૂરી થઈ રહી છે. જોકે તાત્કાલિક નવા પાસ આપવા શક્ય ન હોવાથી બસ પાસના રિન્યુઅલ માટે એક મહિનાની મુદત વધારી દેવામાં આવી છે.

વસઈ-વિરાર મહાનગરપાલિકાની પરિવહન સેવા દ્વારા ૩૬ રૂટ પર બસો ચલાવવામાં આવે છે, જેમાં દરરોજ હજારો મુસાફરો મુસાફરી કરે છે. આ યોજના હેઠળ વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, કેન્સર પીડિતો અને ડાયાલિસિસ કરાવતા નાગરિકોને મફત બસ મુસાફરીની વિશેષ છૂટ આપવામાં આવે છે. માર્ચના અંતમાં જૂના પાસની મુદત પૂરી થઈ રહી હોવાથી પાલિકા દ્વારા પાસનું રિન્યુઅલ કરાવી લેવાની અપીલ કરવામાં આવી હતી. પરંતુ લાભાર્થીઓને નવા બસ પાસ તાત્કાલિક આપવાનું શક્ય ન હોવાથી, ૩૧ માર્ચ સુધીની બસ પાસની મુદતને એક મહિનો એટલે કે ૩૦ એપ્રિલ સુધી લંબાવવાનો નિર્દેશ મેયર અજીવ પાટીલે આપ્યો હતો. ■

# ઈરાનમાં મહારાષ્ટ્રના કેળાના ૧૦૦૦ કન્ટેનર ફસાયા

થાણે: ખાડી દેશોમાં ચાલી રહેલી યુદ્ધની પરિસ્થિતિની સીધી અસર હવે મહારાષ્ટ્રના કેળાના ખેડૂતો પર પડી રહી છે. જેએનપીએ બંદરથી ઈરાન નિકાસ કરવામાં આવેલા કેળાના અંદાજે ૮૦૦થી ૧૦૦૦ કન્ટેનર ત્યાં જ અટવાઈ પડ્યા છે.

બીજી તરફ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને શિપિંગ કંપનીઓએ ભાડામાં પાંચથી છ ગણો વધારો કરી દીધો છે, જેના કારણે નિકાસકારો અને ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે.

કેળા એ જલ્દી બગડી જાય તેવો માલ હોવાથી તે ખરાબ થવાનું જોખમ વધી ગયું છે, જેનાથી ખેડૂતોને બેવડું નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

દેશમાં કેળાના ઉત્પાદનમાં મહારાષ્ટ્રને અગ્રણી રાજ્ય ગણવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ઉત્પાદિત કેળા માત્ર સ્થાનિક બજાર માટે જ નહીં પરંતુ વિદેશમાં પણ મોટા પ્રમાણમાં નિકાસ કરવામાં આવે છે. ખાસ કરીને ગલ્ફ દેશોમાં આ કેળાની ભારે માગ છે. આ ઉપરાંત રશિયા, નેપાળ, બાંગ્લાદેશ અને માલદીવ જેવા દેશોમાં પણ મોકલવામાં આવે છે. આ નિકાસ મુખ્યત્વે નવી મુંબઈના જેએનપીએ બંદર પરથી કરવામાં આવે છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૧૦ વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની બદલી

## દોઢ વર્ષમાં તુકારામ મુંડેને નવી જવાબદારી, લોકેશ ચંદ્ર મુખ્ય પ્રધાન કાર્યાલયમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આર્થિક વર્ષના છેલ્લા દિવસે મહારાષ્ટ્રમાં ૧૦ વરિષ્ઠ આઈએએસ અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. અશ્વિની ભીડે, લોકેશ ચંદ્ર, તુકારામ મુંઢેને મહત્વપૂર્ણ પદો પર નિયુક્ત કરવામાં આવ્યા હતા.

મહારાષ્ટ્ર વહીવટીતંત્રમાં આમુલ ફેરફારના ભાગરૂપે એક સાથે ૧૦ વરિષ્ઠ સનદી અધિકારીઓની બદલી કરવામાં આવી છે. આમાં, મુખ્ય પ્રધાનના એડિશનલ ચીફ સેક્રેટરી અશ્વિની ભીડેને મુંબઈ મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભીડે મુંબઈ મહાનગરપાલિકાના પહેલા મહિલા કમિશનર બન્યા છે. ભીડેના સ્થાને ૧૯૯૩ બેચના લોકેશ ચંદ્રાની નિમણૂક કરવામાં આવી છે. અગાઉ, તેઓ મહાવિતરણના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યરત હતા. ભીડે મુંબઈ મેટ્રોના મેનેજિંગ ડિરેક્ટરનો વધારાનો હવાલો પણ સંભાળશે.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ, શિયાળુ સત્ર જેવા વિવિધ કારણોસર છેલ્લા છ મહિનાથી મહારાષ્ટ્રમાં ચાર્ટર્ડ અધિકારીઓ અને પોલીસ વિભાગના અધિકારીઓની બદલીઓ થઈ ન હતી. તેથી, માર્ચના અંત સુધીમાં આ બદલીઓ થશે તે નિશ્ચિત માનવામાં આવતું હતું. તે મુજબ, ચાર દિવસ પહેલાં (૨૮ માર્ચ) કેટલાક અધિકારીઓની બદલી કરવામાં આવી હતી. ત્યારબાદ, મંગળવારે (૩૧ માર્ચ) મુખ્ય પ્રધાનના કાર્યાલયથી મુંબઈ મ્યુનિસિપલ કમિશનરમાં સનદી અધિકારીઓની બદલી કરવામાં આવી છે.

કૃષિ અને પશુપાલન વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે કાર્યરત વિકાસ ચંદ્ર રસ્તોગીને નાણા વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી (આર્થિક સુધારા) તરીકે બદલી કરવામાં આવી છે. હાલમાં આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને પુનર્વસન, મહેસૂલ અને વન વિભાગમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે કાર્યરત વિનીતા વેદ સિંઘલને માટી અને જળ સંરક્ષણ વિભાગમાં પ્રિન્સિપલ સેક્રેટરી તરીકે બદલી કરવામાં આવી છે.

નાનાજી દેશમુખ કૃષિ સંજીવની પ્રોજેક્ટમાં પ્રોજેક્ટ ડિરેક્ટર તરીકે કાર્યરત પરિમલ સિંહને કૃષિ વિભાગમાં સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, વરિષ્ઠ સનદી અધિકારી તુકારામ મુંઢેની ફક્ત દોઢ વર્ષના ટૂંકા ગાળામાં બદલી કરવામાં આવી છે. દિવ્યાંગ કલ્યાણ વિભાગમાં સેક્રેટરી રહેલા મુંઢેને હવે આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને પુનર્વસન, મહેસૂલ અને વન વિભાગમાં સેક્રેટરી તરીકે બદલી કરવામાં આવી છે. ૨૧ વર્ષની કારકીર્દીમાં મુંઢેની આ ૨૪મી બદલી છે.

લહુ માળીને શિવશાહી પુનર્વસન પ્રોજેક્ટ લિમિટેડ, મુંબઈના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. માણિક ગુરસાલને તુકારામ મુંઢેના સ્થાને દિવ્યાંગ કલ્યાણ વિભાગના સેક્રેટરીની જવાબદારી સોંપવામાં આવી છે. સ્ટેટ ટેક્સ વિભાગ, મુંબઈમાં જોઈન્ટ કમિશનર તરીકે કાર્યરત પ્રેરણા દેશભ્રતારને મત્સ્યઉદ્યોગ કમિશનર તરીકે બદલી કરવામાં આવી છે.

# રેડી રેકનર દર સ્થિર રહેશે

## ઘર ખરીદનારાઓને મળશે ફાયદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને મોટી રાહત આપતા, ફડણવીસ સરકારે નવા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રેડી રેકનર દર ન વધારવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ દરો, જે પહેલી એપ્રિલ, ૨૦૨૬થી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન એન્ડ કંટ્રોલર ઓફ સ્ટેમ્પ્સના કાર્યાલય દ્વારા લાગુ કરવામાં આવશે, તે પાછલા વર્ષ (૨૦૨૫-૨૬)ની જેમ 'જેમ હતા તેમ' જાળવી રાખવામાં આવ્યા છે. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સૂચના પર આ નિર્ણય લીધો છે.

મહેસૂલનો આંકડો ૬૦ હજાર કરોડ રૂપિયા પર સ્થિર હોવા છતાં, સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી વિભાગની આવકમાં મોટો વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (૩૦ માર્ચ, ૨૦૨૬ સુધી)માં, સરકારને કુલ ૬૦,૫૬૮.૯૪ કરોડ રૂપિયાની આવક મળી છે. આમાં સૌથી મોટો હિસ્સો 'આઈ-સરિતા' સિસ્ટમનો છે, જેના દ્વારા ૪૯,૫૩૪ કરોડ રૂપિયાની આવક એકત્રિત કરવામાં આવી છે.

જોકે દરોમાં વધારો કરવામાં આવ્યો નથી, પરંતુ વાર્ષિક ભાવ કોષ્ટકોમાં સુસંગતતા લાવવા માટે ઘણા ટેકનિકલ ફેરફારો કરવામાં આવ્યા છે. આમાં મંજૂર પ્રાદેશિક અને વિકાસ યોજનાઓ (ડીપી)નો અમલ, નવા સર્વે નંબરોની નોંધણી અને ગુમ થયેલા ગામડાઓ અથવા ગામડાઓના નામોમાં સુધારાનો સમાવેશ થાય છે. આ દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયાને વધુ પારદર્શક અને વાસ્તવિક બનાવશે.

### રેડી રેકનર દરો જાળવી રાખવાના પગલાંનું ડેવલપરો દ્વારા સ્વાગત

મુંબઈઃ રાજ્ય સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે રેડી રેકનર દરો પર યથાવત સ્થિતિ જાળવવાનો મહત્વપૂર્ણ અને સમયસર નિર્ણય લીધો છે, અનિશ્ચિત વૈશ્વિક પરિસ્થિતિઓની પૃષ્ઠભૂમિમાં, જેના કારણે તેલ/ગેસ/ઊર્જા પુરવઠામાં અછત સર્જાઈ રહી છે, જેના કારણે બાંધકામ ખર્ચમાં વધારો થયો છે. ક્રેડાઈ-એમસીએચઆઈ દ્વારા વર્તમાન પરિસ્થિતિઓમાં રેડી રેકનર દરોમાં કોઈપણ વધારાની પ્રતિકૂળ અસર પર ભાર મૂકતા મજબૂત રજૂઆતો કરવામાં આવી હતી અને તેમના સૂચનો પર યોગ્ય રીતે વિચારણા કરવામાં આવી હોવાનું જણાવીને ડેવલપરો દ્વારા આ નિર્ણયનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ક્રેડાઈ-એમસીએચઆઈના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ જિતેન્દ્ર મહેતાએ નિર્ણયનું સ્વાગત કરતાં કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેનો તેમના સક્રિય અભિગમ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રને સતત સમર્થન આપવા બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. ક્રેડાઈ-એમસીએચઆઈએ ઉદ્યોગના હિતોનું રક્ષણ કરવા અને મુંબઈના રિયલ એસ્ટેટ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવા માટે સરકાર સાથે સક્રિય રીતે જોડાવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે.

# લાલબાગમાં જૈન દેરાસરમાંથી ૧.૭૫ કરોડ રૂપિયાના દાગીના ચોરાયા

મુંબઈઃ લાલબાગ વિસ્તારમાં આવેલા જૈન દેરાસરમાંથી ૧.૭૫ કરોડ રૂપિયાના દાગીના ચોરાયાની ઘટના પ્રકાશમાં આવ્યા બાદ કાલાચોકી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ હતી. આ ફરિયાદને આધારે પોલીસે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

લાલબાગમાં અવિઘ્ન સ્ટેટ ખાતે આવેલ જૈન દેરાસર દરરોજ સવારે પાંચ વાગ્યે ખોલવામાં આવે છે અને રાતે નવ વાગ્યે તેના દરવાજા બંધ કરી દેવામાં આવે છે. ૩૦ માર્ચે સવારે પાંચ વાગ્યે પૂજારી દેરાસર ખોલવા માટે આવ્યા ત્યારે તેમને તાળાં તૂટેલાં દેખાયાં હતાં, જેને પગલે ટ્રસ્ટના કાર્યકરી સભ્યને તેની જાણ કરવામાં આવી હતી.

દરમિયાન દેરાસરમાં તપાસ કરવામાં આવતાં ૧.૭૫ કરોડ રૂપિયાના દાગીના ચોરાયાનું જાણવા મળ્યું હતું. આથી ટ્રસ્ટના કાર્યકારી સભ્યએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ ઘટનાસ્થળે તપાસ કરી હતી અને સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસવામાં આવ્યા હતા. ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૪) આર. રાઘાસુધાએ જણાવ્યું હતું કે પોલીસની ટીમે તપાસ કરી રહી છે. પોલીસ ટૂંક સમયમાં આરોપી સુધી પહોંચી જશે.

# મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં વરસાદ અને વાવાઝોડાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માર્ચ મહિનામાં મુંબઈ સહિત તેના પડોશી શહેરમાં સામાન્ય કરતા ઊંચું તાપમાન નોંધાયા બાદ હવે એપ્રિલ મહિનાની શરૂઆત જ પ્રી-મોન્સૂન શાવર (ચોમાસા પહેલાનો વરસાદ)થી થવાની શક્યતા છે, જેમાં હવામાન વિભાગે પહેલી એપ્રિલથી મુંબઈ મેટ્રોપોલિટન રિજન માટે યલો અલર્ટ આપ્યું છે.

માર્ચ મહિનામાં સામાન્ય કરતા ઊંચુ તાપમાન નોંધાયું હતું, જેમાં પાંચ વખત તો મુંબઈમાં હીટવેવ રહી હતી. તો રાજ્યમાં આકરી ગરમીની સાથે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ કમોસમી વરસાદ અને માવઠું રહ્યું હતું. હવે એપ્રિલ મહિનામાં પણ વરસાદની શક્યતા જણાઈ રહી છે.

હવામાન વિભાગે મુંબઈ અને પાલઘર જિલ્લા માટે બીજી એપ્રિલ સુધી હળવો વરસાદ અને વાવાઝોડાની ચેતવણી આપી છે. તો થાણે અને રાયગડ જિલ્લામાં વાવાઝોડા અને મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરીને યલો અલર્ટ આપ્યું છે.

છેલ્લા બે દિવસથી મહારાષ્ટ્રના અનેક વિસ્તારમાં ભારે વરસાદ અને વાવાઝોડું રહ્યું હતું. સોમવારે પુણે, નાશિક, મરાઠવાડા અને પશ્ચિમ મહારાષ્ટ્રના અમુક વિસ્તારમાં કરા પડવાની સાથે જ ભારે વરસાદ રહ્યો હતો. મંગળવારે પણ અમુક વિસ્તારમાં છૂટક વરસાદ રહ્યો હતો. હવે બુધવારથી કોંકણ વિસ્તારમાં વરસાદ પડવાની શક્યતા છે, જેમાં હવામાન વિભાગે મુંબઈમાં હળવો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. જોકે મુંબઈ અને પાલઘર માટે કોઈ અલર્ટ આપવામાં આવ્યું નથી. જોકે થાણે અને રાયગડ જિલ્લા માટે યલો અલર્ટ આપવામાં આવ્યું છે, જેમાં નવી મુંબઈના પણ અમુક વિસ્તારનો સમાવેશ થાય છે.

હવામાન વિભાગે બીજી એપ્રિલ સુધીની ચેતવણી આપી છે, જેમાં જણાવ્યું છે કે થાણે અને રાયગઢના અલગ અલગ વિસ્તારમાં વીજળીના ગડગડાટ સાથે મધ્યમ વરસાદ અને કલાકના ૩૦થી ૪૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.

મુંબઈ અને તેના પડોશી શહેરમાં પ્રી-મોન્સૂન શાવર એટલે કે ચોમાસા પહેલાના વરસાદની શરૂઆત હોવા છતાં ગરમીથી હાલ પૂરતી રાહત મળવાની શક્યતા ઓછી છે. તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની શક્યતા છે.

### સાયક્લોનિક અસર

દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન છે અને ભેજવાળા પવનો પણ અરબી સમુદ્રમાંથી આવી રહ્યા છે. આ સિસ્ટમની અસર મધ્ય ભારત અને મહારાષ્ટ્રને થશે. જોકે મુંબઈ મેટ્રોપિલન રિજનની સરખામણીમાં ઉત્તર મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડામાં ભારે વરસાદ રહેશે. જૂન મહિનામાં નૈઋત્યના ચોમાસાનું આગમન થાય નહીં ત્યાં સુધી મહારાષ્ટ્રમાં પ્રી-મોન્સૂન વરસાદની સંભાવના રહેતી હોય છે. ૧૯૭૧થી ૨૦૨૦ સુધીમાં હવામાન વિભાગના રેકોર્ડ મુજબ મહારાષ્ટ્રમાં માર્ચ અને મે દરમ્યાન સરેરાશ ૨૬.૨ મિ.મી. વરસાદ નોંધાયો છે.

## વસઈમાં કાળજું કંપાવનારી ઘટના

# ચાર વર્ષના બાળકને પગેથી પકડીને હવામાં ફેરવ્યા પછી જમીન પર પટક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈની એક હાઉસિંગ સોસાયટીમાં બનેલી કાળજું કંપાવનારી ઘટનામાં ચાર વર્ષના બાળકને પગેથી પકડીને હવામાં ફેરવ્યા પછી બેરહેમીથી જમીન પર પટકવામાં આવ્યો હતો. પિતા સાથે થયેલા ઝઘડાનું વેર વાળવા પુત્ર પણ અમાનુષી હુમલો કરનારા રિક્ષા ડ્રાઈવરની પોલીસે ધરપકડ કરી હતી. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલો બાળક જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે ત્યારે રહેવાસીઓએ આ રીતે વેર વાળવાના કૃત્ય પર બળાપો ઠાલવ્યો હતો.

વસઈ પોલીસે પકડી પાડેલા આરોપીની ઓળખ સંદીપ પવાર તરીકે થઈ હતી. થોડા દિવસ અગાઉ સંદીપનો ઝઘડો એ જ સોસાયટીમાં રહેતા અતુલ કોંઢારે સાથે થયો હતો, જેને પગલે તેણે અતુલના પુત્ર પર હુમલો કર્યો હોવાનું પોલીસનું કહેવું છે.

વસઈ પશ્ચિમમાં આવેલી અનુપમ સોસાયટીમાં બનેલી આ ઘટના સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. સીસીટીવીનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા પછી રહેવાસીઓએ આરોપી વિરુદ્ધ બળાપો કાઢ્યો હતો.

મળતી માહિતી અનુસાર આરોપી સંદીપ પવાર રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સંદીપ અને બાળકના પિતા અતુલ વચ્ચે વિવાદ હતો. સોમવારની સાંજે સાત વાગ્યાની આસપા સંદીપ સોસાયટી કમ્પાઉન્ડમાં આવ્યો ત્યારે બાળકો તેની રિક્ષા પાસે રમતા હતા. વીડિયોમાં નજરે પડે છે કે બાકીના બાળકોને ધમકાવીને ભગાવી દીધા પછી સંદીપે રિક્ષામાં બેસેલા બાળકની મારપીટ કરી હતી. પછી બન્ને પગેથી બાળકને ઊંધો ઊંચકી હવામાં ગોળ ફેરવ્યો હતો અને જમીન પર પટક્યો હતો. આટલેથી ન અટકતાં બાળકને પગેથી ઘસડીને સંદીપ બિલ્ડિંગ તરફ લઈ જાય છે અને ત્યાં પણ તેની મારપીટ કરે છે. આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા બાળકને પહેલાં વસઈની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો.

# આઈપીએલ બ્રોડકાસ્ટમાં સંકળાયેલા બ્રિટિશ એન્જિનિયરનો મૃતદેહ મળ્યો

## નરીમન પોઈન્ટની હોટેલમાંથી મૃત અવસ્થામાં મળ્યાઃ છેલ્લે વાડખેડેની મેચમાં જોવા મળેલા

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની મેચો માટે બીસીસીઆઇ સાથે કામ કરતા ૭૬ વર્ષના બ્રિટિશ બ્રોડકાસ્ટ એન્જિનિયર દક્ષિણ મુંબઈના નરીમન પોઇન્ટ પર આવેલી ફાઇવસ્ટાર હોટેલની રૂમમાં સોમવારે સવારના બેભાન અવસ્થામાં મળી આવ્યા બાદ તેમનું મૃત્યુ થયું હતું, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

મૃતકની ઓળખ જૅન વિલિયમ લેંગફોર્ડ (૭૬) તરીકે થઇ હતી, જેઓ આઇપીએલ ૨૦૨૬ સીઝન માટે શહેરમાં હતા અને હોટેલ ટ્રાઇડેન્ટમાં રોકાયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લેંગફોર્ડ ૨૯ માર્ચે વાનખેડે સ્ટેડિયમમાં યોજાયેલી મેચ વખતે ત્યાં હાજર હતા. મેચ પત્યા બાદ તેઓ હોટેલની રૂમમાં પાછા ફર્યા હતા. બીજે દિવસે સવારે તેમને વારંવાર કૉલ કરવામાં આવ્યા છતાં કોઇ જ પ્રતિસાદ મળ્યો નહોતો. આથી ચિંતિત હોટેલનો સ્ટાફ તપાસ કરવા માટે ગયો હતો. તેઓ રૂમનો દરવાજો ખોલીને અંદર પ્રવેશ્યા ત્યારે લેંગફોર્ડ જમીન પર બેભાન અવસ્થામાં પડેલા મળી આવ્યા હતા.

લેંગફોર્ડને તાત્કાલિક બોમ્બે હોસ્પિટલમાં સારવાર માટે લઇ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તપાસીને તેમને મૃત જાહેર કર્યા હતા. લેંગફોર્ડના મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે મોકલાયો હતો અને તેમાં કશું જ વાંધાજનક મળ્યું નહોતું. મરીન ડ્રાઇવ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ હાથ ધરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

દરમિયાન આઇપીએલ ગવર્નિંગ કાઉન્સિલ અને તેની સાથે સંકળાયેલા તમામે લેંગફોર્ડના અકાળ અવસાન પર શોક વ્યક્ત કર્યો હતો.

# મહારાષ્ટ્ર વિભાગોએ ૧૦,૦૦૦થી વધુ ઓડિટ પ્રશ્નોને અવગણ્યાઃ કેગ

## ૮૯૧ કરોડ રૂપિયાની સંભવિત ગેરરીતિઓનો સંકેત

મુંબઈઃ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ (કેગ)એ મહારાષ્ટ્રના શાસનમાં 'વ્યવસ્થિત ખામીઓ'ને દર્શાવી છે, ૧૦,૦૦૦થી વધુ ઓડિટ પ્રશ્નોમાં ૮૯૧ કરોડ રૂપિયાની સંભવિત નાણાકીય ગેરરીતિઓ અંગે કેગે પુછેલા સવાલોને વિવિધ વિભાગોએ એક દાયકાથી વારંવાર યાદ અપાવવા છતાં અવગણ્યા હતા.

રાજ્ય વિધાનસભાના તાજેતરમાં પૂર્ણ થયેલા બજેટ સત્રમાં રજૂ કરાયેલા અહેવાલમાં, કેગએ વિભાગો દ્વારા કાર્યવાહી નોંધ (એટીએન) ફાઇલ કરવામાં વિલંબની ટીકા કરી હતી, અને જણાવ્યું હતું કે ૨,૪૦૮ નિરીક્ષણ અહેવાલો (આઈઆર)માં પ્રશ્નોનું નિરાકરણ લાવવામાં રાજ્યની અસમર્થતા 'વહીવટીતંત્રની બેદરકારી' દર્શાવે છે.

કેગએ ખાતાઓ પર પ્રશ્નો ઉઠાવ્યા છે, જેમાંથી કેટલાક એક દાયકાથી વધુ જૂના છે, પરંતુ વિભાગોએ તેમને અનુત્તરિત છોડી દીધા છે.

જૂન ૨૦૨૩ સુધીમાં ૧૦,૩૪૦ ફકરા (સવાલો) ધરાવતા ૨,૪૦૮ જેટલા આઈઆર પેન્ડિંગ હતા, તે નોંધપાત્ર બેકલોગ દર્શાવે છે, જ્યારે ૨૦૨૨-૨૩ માટે એક અલગ સ્થાનિક ઓડિટમાં ૮૯૧.૨૯ કરોડ રૂપિયાના મહેસૂલના પ્રભાવને લગતા ૨,૧૧૯ વાંધા ઉઠાવવામાં આવ્યા હતા, જેની સામે વર્ષ દરમિયાન ફક્ત ૨૫.૫૮ કરોડ રૂપિયા જ વસૂલ કરવામાં આવ્યા હતા. કેગના રિપોર્ટમાં જણાવાયું છે કે આઈઆર અને ઓડિટ ફકરા નાણાકીય દેખરેખનો મુખ્ય ભાગ બનાવે છે, કારણ કે તે સ્થાનિક ઓડિટ પછી તરત જ વિભાગીય વડાઓને અનિયમિતતાઓ ઓળખવા માટે જારી કરવામાં આવે છે.

વ્યક્તિગત ફકરા ચોક્કસ ઓડિટ અવલોકનોનું પ્રતિનિધિત્વ કરે છે જેમ કે ગેરરીતિ, અનધિકૃત ખર્ચ અને નિયમોનું પાલન ન કરવું, જેના માટે સમયસર પ્રતિભાવ અને સુધારાત્મક કાર્યવાહીની જરૂર હોય છે.

ઓડિટ ફકરાઓ સતત પેન્ડિંગ, એટીએન રજૂ કરવામાં વિલંબ અને ઓડિટ અવલોકનોનું નબળું પાલન 'એક્ઝિક્યુટિવ જવાબદારી અને કાયદાકીય દેખરેખ સુનિશ્ચિત કરવામાં પ્રણાલીગત ખામીઓ' તરફ નિર્દેશ કરે છે, એમ આ અહેવાલમાં જણાવાયું છે. ક્લસ્ટર મુજબના ડેટા દર્શાવે છે કે જાહેર બાંધકામ, પાણી પુરવઠો અને સ્વચ્છતા, અને રસ્તાઓ અને પુલો સહિતના ક્ષેત્રો સૌથી વધુ પેન્ડન્સી ધરાવતા હતા, જેમાં ૭૮૯ આઈઆરમાં ૩,૬૦૪ ફકરા હતા. ગૃહ અને કાનૂની બાબતો સહિત કાયદો અને વ્યવસ્થા ક્ષેત્રે ૧,૬૯૦ ફકરા સાથે ૪૫૪ અહેવાલો હતા, જ્યારે પર્યાવરણ, વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે ૧,૪૭૧ ફકરા સાથે ૩૮૮ અહેવાલો હતા.

## હિન્દુ મરણ

**દમણિયા દરજી**

મુંબઇ નિવાસી સ્વ. જયંતીલાલ જમનાદાસ દમણિયા (ઉં. વ. ૮૪) તા. ૨૨-૩-૨૬ના રવિવારે દેવલોક પામ્યા છે. તે ભાનુમતીબેનના પતિ. સ્વ. હરકિશનભાઇ, સ્વ. હરીલાલભાઇ, સ્વ. મનસુખભાઇ, સ્વ. કૃષ્ણકાંતભાઇ, સ્વ. રમણીકભાઇ, પ્રવીણભાઇ, સ્વ. પદમાબેન, ગં. સ્વ. લીલાવતીબેન, અ. સૌ. વાસંતીબેન, અ. સૌ. કુસુમબેનના ભાઇ. રેખા, રાખી, જીજ્ઞા, યતિનના પિતા. રાજેશકુમાર, ધર્મેશકુમાર, મિહિરકુમાર અને તૃપ્તિના સસરા. દેવાંશી, ધ્રુવના દાદા. સ્વ. હરીગંગાબેન કાન્તીલાલ મોતીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૩-૪-૨૬ શુક્રવારે રાખેલ છે, સાંજે ૪થી ૬. ઠે. પ્રભુ શ્રીરામ મંદિર, ત્રીજો કુંભારવાડો, મુંબઇ-૪૦૦૦૦૪.

**દશા દિશાવાળ વણિક**

ડો. નિલમબેન જગદીશભાઇ શાહ (ઉં. વ. ૯૨) સોમવાર, તા. ૩૦-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ડો. નિશા, ડો. આશિતા, ડો. સંજયના માતુશ્રી. સ્વ. સૂર્યકાંતભાઇ, સ્વ. રમેશભાઇ, હસમુખભાઇ, ડો. ભાનુબહેન, સ્વ. પ્રવીણભાઇના બેન. સ્વ. સુબોધભાઇ, અનિલભાઇ, ડો. જયોત્સ્નાબેનના ભાભી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. ઉમિયાબેન શંભુરામ દાવડા ગામ નલીયાવાળાના મોટા પુત્ર મુકેશ દાવડા (ઉં. વ. ૬૫) રામશરણ પામેલ છે. તા. ૨૯-૩-૨૬ તે સ્વ. ચંદાબેન શિવદાસ કતીરા, ગામ લખપત વાળાના જમાઇ. અનિલના બનેવી. તે મીનાબેનના પતિ. ભાવિષા અને નિમેશના પિતા. શ્રુતિના સસરા. આરવના નાનાજી અને ધ્રૂવના દાદાજી. ભાવના ભરત પુંજાણીના ભાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧-૪-૨૬ના તથાસ્તુ હોલ, કાલિદાસ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, મુલુંડ (વેસ્ટ) સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપડવણજ દશા પોરવાડ**

કપડવણજના હાલ મુંબઇ ગં. સ્વ. વસુમતીબેન જયંતીલાલ દલાલ (ઉં. વ. ૮૯) સોમવાર, તા. ૩૦-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જયંતીભાઇ દલાલના ધર્મપત્ની. અમિત, રાકેશ, તેજસ અને નેહાના મમ્મી. કલ્પના, નીપા, બકુલકુમારની સાસુ. મેઘા, વેદાંતના દાદી. રાહિલ-સાહિલના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ગામ કોટડીવાળા હાલ બોરીવલી, હરેશભાઇ મણિલાલ મહેતા (ઉં. વ. ૭૬) ૩૦/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે મીનાક્ષીના પતિ. નિકુંજ તથા રાગેશના પિતા. સૌ. મનીષા તથા સૌ. ખ્યાતિના સસરા. સ્વ. ચંદ્રકાંત, સ્વ. સતિષભાઈ, સ્વ. દમયંતીબેન, સ્વ. ક્રિષ્નાબેન, સ્વ. અવંતિકાબેન તથા ગં. સ્વ હંસાબેનના ભાઈ. સ્વ. રણછોડદાસ ગાંડાલાલ ગોરડીયાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૨/૪/૨૬ના રોજ ૫ થી ૭. શ્રી હાલાઇ લોહાણા બાળાશ્રમ, અતુલ ટાવર પાસે, મથુરાદાસ એક્ષટેનશન રોડ કાંદિવલી વેસ્ટ.

**ત્રિવેદી મેવાડા**

મૂળગામ ડાકોરવાળા હાલ અંધેરી, સ્વ. ચંપાબેન કિકુભાઇ ઉપાધ્યાયના પુત્ર દિપક (ઉં. વ. ૬૫) ૨૯/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે વીણાબેનના પતિ. દિવ્યેશ તથા દીવાંશુના પિતા. આરુષિ તથા ગાર્ગીના સસરા. અજિત, તુષાર, રાજેશ, યોગીનીના ભાઈ. સાસરાપક્ષે વરલીવાળા સ્વ. કુસુમબેન તથા ઓમપ્રકાશ પંડ્યાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા ૩/૪/૨૬ના રોજ ૫ થી ૭. આલામોડ બેન્કવેટ હોલ, ગુલમોહર રોડ, મહાડા કેલોની જુહુ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ધોલેરા નિવાસી હાલ કાંદિવલી, દિનકર મણીલાલ મહેતાનાં ધર્મપત્ની દક્ષા (સુશીલાબેન) (ઉં. વ. ૭૬) તે દેવાંગ-મેઘના અને બીજલ-બંકીમ દેસાઈના માતા. ધીરૂભાઈ, સ્વ. સવિતાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. રમાબેન, ગં.સ્વ. શારદાબેનનાં ભાભી. પિયરપક્ષે દેલવાડાવાળા સ્વ. પરસોતમદાસ વિઠ્ઠલદાસ ગાંધીનાં દિકરી. ખુશી, નિલ, હીત અને પાર્થનાં દાદી તા. ૩૦.૦૩.૨૬ને સોમવારના શ્રીજીચરણ પામેલ છે, સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૨.૦૪.૨૬ને ગુરુવારનાં રોજ ૫ થી ૭. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, ૫ મે માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

ગામ વણાકાબરાવાળા હાલ મીરારોડ, ગં.સ્વ. શારદાબેન શામજીભાઈ ધોરડા (ઉં. વ. ૭૮) ૨૯/૩/૨૬ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. શામજીભાઈ ભીમજીભાઈ ધોરડાના ધર્મપત્ની. ઘોડકવાવાળા હાલ ઉના બાલુભાઇ ભાયાભાઇ સતિકુંવરના દીકરી. સ્વ. અંતુભાઇ, રમેશભાઈના બહેન. દિનેશભાઇ, જયશ્રી કિરણ પટ્ટ, વર્ષા સંજય સાગરના માતુશ્રી. પ્રફુલાબેનના સાસુ. તેમની પ્રાર્થનાસભા ૨/૪/૨૬ના રોજ ૫ થી ૬. ગ્રાઉન્ડ ફ્લોર, સી ૬, નયનદીપ બિલ્ડીંગ, સેક્ટર ૬, શાંતિનગર મીરારોડ ઈસ્ટ.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. સરલાબેન બાબુભાઈ પારેખના પુત્રવધૂ. અ. સૌ. બીના કમલેશ પારેખ (ઉં. વ. ૬૮) તા. ૨૯/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સુજલ તથા નેહાના માતુશ્રી. સૌ. હેતલ તથા ચિન્મયકુમાર અરુણકુમાર ત્રિવેદીના સાસુ. ગં.સ્વ. રોહિણાબેન નવીનચંદ્ર મહેતાના ભાભી. પિયરપક્ષે વીમાવાળા સ્વ. મધુસુદન નારણદાસ મહેતાના દીકરી. મોસાળપક્ષે સ્વ. શાંતિલાલ જમનાદાસ કોઠારી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા નીમા**

ઝાલોદ નિવાસી હાલ કાંદિવલી, દિપકકુમાર સાકરચંદ કોઠારી (ઉં.વ.૭૫) તા. ૩૦.૦૩.૨૬ના સોમવારના સ્વર્ગવાસ થયેલ છે. તે ગં. સ્વ. ગીતાબેન દિપકકુમાર કોઠારીના પતિ. પિનલ અને વિરલના પિતા. પ્રતિકકુમાર અને નમ્રતાના સસરા. સ્વર અને દિત્યાના નાના. મીહાનના દાદા. તેમની પ્રાર્થનાસભા તા. ૨.૦૪.૨૬ના ગુરુવારના સાંજે ૪ થી ૬. સ્થાન ૬૦૩ ગોકુલ વાટીકા, એમ.જી. રોડ નંબર ૪, પટેલ નગરની પાછળ, કાંદિવલી પશ્ચિમ.

**કપોળ**

ફોર્ટ સોનગઢ નિવાસી હાલ ગોરેગામ, નરેન્દ્રભાઈ ઠાકોરલાલ મહેતાના ધર્મપત્ની અ.સૌ. તરલીકાબેન (ઉં. વ. ૭૭) તા. ૨૯.૦૩.૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. ચી. અમિત જ્યોતિના માતુશ્રી. તે સ્વ. મનહરલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. હસમુખલાલના ભાભી. પિયરપક્ષે કરિયાણાવાળા સ્વ. અમૃતલાલ ભગવાનદાસ મહેતાના દીકરી. સ્વ. ગુણવંતભાઈ, કનુભાઈ, પ્રદીપભાઈ, દિલીપભાઈ, વસંતબેન કનૈયાલાલ પારેખ, મધુબેન રમેશભાઈ મોદી, કુસુમબેન અશોકભાઈ શેઠ, જ્યોતિબેન રોહિતભાઈ સંઘવીના બહેન. સર્વેપક્ષે પ્રાર્થનાસભા તા. ૦૨.૦૪.૨૬, ગુરુવારે ૫ થી ૭. એમ.પી.એચ. હોલ, ઓબેરોય એસ્ક્વેર, મોહન ગોખલે રોડ, ગોરેગામ ઇસ્ટ.

**કપોળ વૈષ્ણવ**

મુળ ગામ કોટડી, રાજુલા, હાલ કાંદિવલી, રાજેશભાઈ નાગરદાસ દોશી (ઉં. વ. ૬૯) તે જ્યૌત્સનાબેનના પતિ. સ્વ. વિજયાબેન નાગરદાસ દોશીના પુત્ર. ગં.સ્વ. મધુકાન્તા ગુણવંતરાય

## પારસી મરણ

ફિરોઝા રોહીન્ટન પટેલ તે રોહીન્ટનના ધનિયાની. તે મરહુમો એમી જાલ ડોકતરના દીકરી. તે ફરઝાદ ને હનોશના માતાજી. તે મોનાઝર ને ઝીલનાઝના સાસુજી. તે સુનનુ ને ખુશનુરના બહેન. તે યોહાન ને ઝાઇરાના બપઇજી. (ઉં. વ. ૬૫) રે. ઠે. ૬૪૭, ગઇ, બિલ્ડિંગ, બી બ્લોક, રૂમ નં. ૨૦૩, બીજે માળે, ખરેઘાટ રોડ, દાદર પારસી કોલોની મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧-૪-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે ઉપરની વાડીયા બંગલીમાં છેજી.

મહારુખ કેરમાન ખંબાતા તે કેરમાનના ધન્યાની. તે મરહુમો ખોરશેદ જમશેદ વેસુના દીકરી. તે મરહુમો નાજુ મર્ઝબાન ખંબાતાના વહુ. તે અનોશ ને રુકશાનાના માતાજી. તે દીલનવાઝ ને આશીશના સાસુજી. તે પૈરુશના બપઇજી. રે. ઠે. પીટીટ બ્લોક નં-૨, ભોંયતળિયે, ગ્રાન્ટ રોડ, જમશેદજી પીટીટ સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૪-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે, કામાબાગ અગિયારીમાં.

હોશંગ એરચ હાન્સોટિયા (ઉં. વ. ૮૩) તા. ૩૦-૩-૨૬ના ગુજરી ગયા છે. તે મરહૂમ મિનિના પતિ. તે મરહૂમ એરચ અને શિરિન હાન્સોટિયાના દીકરા. તે ફરઝાના પારડીવાલા, ઝુબિન હાન્સોટિયાના પિતા. તે ડો. દિનશૉ પારડીવાલા, ચાઉ હાન્સોન્ટિયાના સસરા. તે દારિયસ, જેહાન, ઝેના ગ્રાન્ડફાધર. ઉઠમણું : ૧-૪-૨૬ના ઠે. ૯/એ, ધવલ ગંગા, કાર્ટર રોડ, જોગર્સ પાર્ક સામે, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૫૦.

## પાયદસ્ત

દીનશા એરચ અમરોલીયા તે મરહુમ મણી અમરોલીયાના ધણી. તે મરહુમ મોટામાય અને એરચશાહ અમરોલીયાના દીકરા. તે મરહુમ ધનમાય અને કૈખશરૂ પોચખાનવાલાના જમાઇ. તે મરહુમ દારા પોચખાનવાલાના બનેવી. તે હુતોક્ષી, દિલનવાઝ અને કેશમીરાના પપ્પા. તે જરસીસ, ડેરીક અને હોરમઝના સસરા. તે દારા, નાજુ, મરહુમ જરુ, નરીમાન, નરગીસ અને કેટીના ભાઇ. (ઉં. વ ૮૭) રે. ઠે. એન-૩૫, નવરોઝ બાગ, ડો. એસ. એસ. રાવ રોડ, લાલબાગ, મુંબઇ-૪૦૦૦૧૨. પાયદસ્ત : તા. ૧-૪-૨૬ના દીને સવારે ૧૦.૦૦ વાગે ભાભા નં. ૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૪-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે લાલબાગ અગિયારીમાં.

વીરા અદીલ શરોફ તે મરહુમ અદીલના ધન્યાની. તે મરહુમો પુતલા પીરોજશા સીધવાના દીકરી. તે યઝદ ને બેરામના માતાજી. તે કરીશ્માના સાસુજી. (ઉં. વ. ૮૦) રે. ઠે. સી-શેલ, ફલેટ નં-૫, ૧૩ દારબશા રોડ, ઓફ નેપીયન્સી રોડ, મુંબઇ-૪૦૦૦૨૬. પાયદસ્ત : તા. ૧-૪-૨૬ના દીને સવારે ૧૧.૦૦ વાગે ઓલબલેસ બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયા : તા. ૨-૪-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે, યુથી અગિયારીમાં છેજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગં. સ્વ. સુશીલાબેન વિનોદરાય મહેતા (ઉં. વ. ૮૮) તે સ્વ. વિનોદરાય નરભેરામ મહેતાના ધર્મપત્ની. હિતેશ, જયેશ, મુકેશ તથા સોનલ ભદ્રેશ ડેલીવાળાના માતુશ્રી. જસવંતભાઇ, હર્ષદભાઇ, શરદભાઇ, ભરતભાઇ, મંજુલાબેન, સ્વ. મધુબેન તથા વર્ષાબેનના ભાભી. અ. સૌ. મિત્તલ, નીના, અલ્પાના સાસુ. પિયરપક્ષે સ્વ. પરષોત્તમદાસ માધવજી વોરા (સોપારીવાલા)ની દીકરી તા. ૩૧-૩-૨૬ મંગળવારના સ્વર્ગસ્થ થયેલ છે. પ્રાર્થનાસભા બન્ને પક્ષ તરફથી ગુરુવાર, તા. ૨-૪-૨૬ના સવારના ૧૦થી ૧૧.૩૦. ઠે. જોલી જીમખાના, કામાગલ્લી, ઘાટકોપર (વે).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગુંદાલાના અમૃતબેન કુંવરજી ઉકેડા (ઉં. વ. ૭૭) તા. ૩૦-૩-૨૬ના અવસાન પામેલ છે. નેણબાઈ ઉકેડાના વીરજી પુત્રવધૂ. કુંવરજી ઉકેડાના ધર્મપત્ની. સ્વ. દિપક, પરેશ, સ્વ. લહેરચંદ, પ્રીતેશ, મેહુલના માતુશ્રી. મોખાના સ્વ. જખીબેન રવજીના રતનશીના સુપુત્રી. સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. ભવાનજી, ધીરજ, જેઠાલાલ, ઝવેરબેન, દમયંતી હરીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામુંઃ કુંવરજી ઉકેડા બોયડ, ગાંવદેવી રોડ, મૌલાના ચાલ, દિપક સ્ટોર, ઘાટકોપર (વેસ્ટ). મું.૮૬.

લાયજાના શ્રી ચંદ્રકાંતભાઈ છેડા (ઉં. વ. ૭૫), તા. ૨૯-૩-૨૬ ના અવસાન પામેલ છે. લક્ષ્મીબાઇ દામજીના પુત્ર. જયવંતીબેનના પતિ. સચિનના પિતા. મુલચંદભાઇ, મણીલાલભાઇ, પ્રફુલભાઈ, દમયંતીબેન, પ્રભાબેન, કુસુમબેનના ભાઈ. બાડાના મેઘબાઇ દામજી શીવજી ગાલાના જમાઇ. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. ચંદ્રકાંત છેડા, ૨૫૦૨, લોઢા પ્રાઇમરો, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મું. ૧૧.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી હાલ સાંતાક્રુઝ (વેસ્ટ) ભાનુબેન (ઉં. વ. ૯૦) તે સ્વ. સુરેશભાઈ મફતલાલ ગાંધીના ધર્મપત્ની. સ્વ. સમજુબેન ઉમંગીલાલ પારેખના સુપુત્રી. કમલેશના માતુશ્રી, રૂહીલના નાની તા.૨૭-૦૩-૨૬ શુક્રવારના રોજ અરિહંત શરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કાળધર્મ**

શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સંપ્રદાયનાં ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવજી સ્વામીની પરંપરાએ પૂ. આચાર્ય પુનમચંદ્રજી મ.સા. અને પૂ. તારામતીબાઇ મહા.નાં સુશિષ્યા. એવમ્ વર્તમાન પૂ. આચાર્ય નવિનચંદ્રજી મ.સા.નાં આજ્ઞાનુવર્તીની પૂ. સુવિધિબાઇ મહાસતીજી (ઉં. વ. ૮૩) તા. ૩૦-૩-૨૦૨૬, સોમવારનાં કચ્છ બિદડા સર્વોદય ટ્રસ્ટ મધ્યે કાળધર્મ પામ્યા છે. (સંસારી નામઃ ઝવેરબેન ડુંગરશી ટોકરશી વોરા : કચ્છ-નવીનાર/અમરસન્સ) તેમની ગુણાનુવાદ સભા તા. ૬-૦૪- ૨૬, સોમવારનાં રાખવામાં આવેલ છે. શ્રી કચ્છ આઠ કોટી મોટી પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ-મુંબઇ.

મહેતાના જમાઈ. નવિનચંદ્ર, સ્વ. ઉપેન્દ્ર, સ્વ. ધર્મેન્દ્ર, શિલાબેન ભરતભાઈ વોરા, મિનાબેન નયનભાઈ સંઘવીના ભાઈ. નેહલ સંદિપ શાહ, ભાવિશા હિરેન સંઘવીના પિતા. વિનોદભાઈ, સ્વ. કિરણભાઈ, વિપુલભાઈ, ઈશિતાબેન દિપકકુમાર ભુતાના બનેવી. તા. ૩૦/૦૩/૨૦૨૬, સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**મોઢ જ્ઞાતિ**

મૂળ ગામ ભરૂચ હાલ વસઈ સ્વ. કલાવંતીબેન તથા સ્વ. ઘનશ્યામલાલ ગાંધીના સુપુત્રી સ્વ. જયશ્રીબેન (ઉં. વ.૭૬) શુક્રવાર તા. ૨૭.૩.૨૬ને રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ભરતભાઈ નાગજીભાઈ તાપીયાવાળાના પત્ની. માધવી છાયા અને મેહુલના માતાશ્રી, નરેશભાઈ અને કેતનભાઈના સાસુજી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

કવર સ્ટોરી
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## જંગની આગથી વધુ ચળકવાને બદલે સોનું કેમ પીગળી રહ્યું છે?



**સામાન્ય** રીતે યુદ્ધનું રણશિંગુ વાગે કે તરત પહેલી અસર સોનાના ભાવ પર પડે અને તે સ્પ્રીંગની જેમ ઉછળીને આસમાને પહોંચવા મથે છે. જોકે, આ વખતે સોનાએ વણલખી ઉપરોક્ત પ્રથાને અવગણીને અવળી ગતિ પકડી છે. પશ્ચિમ એશિયાનું યુદ્ધ શરૂ થયું ત્યારથી સોનાના ભાવ એકંદરે સતત ઘટી રહ્યા છે! જંગની આગથી વધુ ચળકવાને બદલે વિપરીત દિશામાં જઇને સોનું પીગળી કેમ રહ્યું છે? ચાલો એ જાણવાનો પ્રયાસ કરીએ.

અલબત્ત, રિઝર્વ બેન્ક દ્વારા લેવામાં આવેલા કેટલાક પગલાને કારણે તેમ જ ફોરેક્સ માર્કેટને અસરકર્તા કેટલાંક પરિબળોને લીધે સોનાના ભાવમાં અલ્પકાલીન સુધારો ભલે જોવાયો હોય, પરંતુ ઇરાન પર અમેરિકા અને ઇઝરાયલે હુમલા શરૂ કર્યા ત્યારથી અત્યાર સુધીમાં એક અંદાજે સોનાના ભાવમાં ૧૮ ટકા જેટલો ઘટાડો થયો છે. ગ્લોબલ માર્કેટમાં ગોલ્ડમાં ઓલટાઇમ હાઇ સપાટી સામે ૨૫ ટકાનો કડાકો બોલાયો છે.

યુદ્ધની ભીષણતા વચ્ચે ક્રૂડ ઓઇલમાં આવેલા ઉછાળા બાદ આ વખતે સેફ હેવન એસેટનું સ્થાન સોના પાસેથી ડોલરે આંચકી લીધું છે. અમેરિકન ફેડરલ રિઝર્વના આક્રમક વલણ, ગયા વર્ષની તેજી બાદનું પ્રોફિટ બુકિંગ અને યુએસ બોન્ડ યીલ્ડની ઝડપી આગેકૂચે સેન્ટિમેન્ટ પર વધુ ભાર મૂક્યો હોવાને કારણે ઇન્વેસ્ટર્સ સાઇડ લાઇન રહ્યા છે.

સામાન્ય રીતે અનિશ્ચિત સમયગાળામાં સેફ હેવન એસેટનું સ્થાન સોનાને યુગોથી અપાઇ રહ્યું છે. આ વખતે જોકે અખાતી યુદ્ધે આ ગણિત બદલી નાખ્યું છે. પશ્ચિમ એશિયામાં વધતા જતા સંઘર્ષ છતાં આ કિંમતી ધાતુના ભાવમાં એક અંદાજે લગભગ ૧૮ ટકા અથવા પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૨૯,૦૦૦નું ધોવાણ થયું છે. મહિનાથી વધુ સમયથી ચાલી રહેલા આ યુદ્ધમાં યુનાઇટેડ સ્ટેટ્સ, ઇઝરાયલ અને ઇરાન વચ્ચે સતત લશ્કરી અથડામણ વધતી જ જઇ રહી છે.

આ સમયગાળા દરમિયાન, વિશ્વની સૌથી મહત્ત્વપૂર્ણ જણસ, ક્રૂડ ઓઇલ ૧૧૨ના સ્તરને વટાવી ગયું છે, જેનાથી વૈશ્વિક બજારોમાં ખળભળાટ મચી ગયો છે. સામાન્ય સંજોગોમાં, આવી પૃષ્ઠભૂમિ કિંમતી ધાતુઓને મજબૂત ટેકો આપે છે, પરંતુ આ વખતે સોનાએ વિપરીત દિશા પકડી હોવાથી ઇન્વેસ્ટર વર્ગ પણ અચંબામાં છે. મધ્યપૂર્વ યુદ્ધના કારણે ફુગાવો વકરવાના ભયને કારણે પણ સોનાના ભાવ ગબડી રહ્યા છે.

નિષ્ણાતો અનુસાર હાલમાં સોના પર ભાર મૂકતું એક મુખ્ય પરિબળ યુએસ ડોલરની નવી મજબૂતાઈ છે. ભૂ-રાજકીય અનિશ્ચિતતાના સમયમાં રોકાણકારો ફક્ત સોનામાં જ નહીં, પરંતુ ડોલરમાં પણ રોકાણ કરવાનું વલણ ધરાવે છે, જે ઊંડી તરલતા અને વ્યાપક વૈશ્વિક સ્વીકૃતિ પૂરી પાડે છે. યુએસ ડોલર ઇન્ડેક્સ (ડીએક્સવાય) ફેબ્રુઆરીના મધ્યમાં લગભગ ૯૭ ડોલરથી માર્ચના મધ્ય સુધીમાં ૧૦૦.૧૫ પર ઝડપથી વધી ગયો હતો, જે ગ્રીનબેકમાં મજબૂત સેફ હેવન પ્રવાહને દર્શાવે છે.

સોનાની કિંમત ડોલરમાં હોવાથી, મજબૂત ચલણ અન્ય ચલણો ધરાવતા લોકો માટે બુલિયનને વધુ મોંઘુ બનાવે છે, જેના કારણે રોકાણ અને ભૌતિક માગ બંનેમાં ઘટાડો થાય છે. પરિણામે, ભૂ-રાજકીય તણાવ સોનાને જે સામાન્ય રીતે નુકસાન પહોંચાડે છે તે ડોલરના તીવ્ર સુધારા દ્વારા મોટાભાગે સરભર કરવામાં આવ્યું છે.

બુલિયન સેગમેન્ટના ટોચના એનાલિસ્ટે જણાવ્યું કે, ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર વધારો અને વધતા ભૂરાજકીય તણાવે શરૂઆતમાં વ્યાપક રિસ્ક ઓફ સેન્ટિમેન્ટ ઊભું કર્યું, જેણે રોકાણકારોને રોકડ એકત્ર કરવા અને એસેટ વર્ગોમાં લિવરેજ્ડ પોઝિશન કાપવા પ્રેર્યા. આવા તબક્કામાં સોના જેવી પરંપરાગત સેફ હેવન સંપત્તિઓ પણ ટૂંકા ગાળાના વેચાણ દબાણનો સામનો કરી શકે છે, કારણ કે રોકાણકારો માર્જિન કોલ્સને પહોંચી વળવા અથવા પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરવા માટે હોલ્ડિંગ્સને લિક્વિડેટ કરે છે.

આ વાતાવરણ યિલ્ડ બેરિંગ સંપત્તિઓને મજબૂત બનાવે છે અને ભૂરાજકીય ઊથલપાથલ દરમિયાન પણ સોનાની આકર્ષણને નબળી પાડે છે. અમેરિકન ફેડરલ રિઝર્વે તેની નવીનતમ પોલિસી દરમિયાન તેના બેન્ચમાર્ક વ્યાજ દરને ૩.૫ ટકાથી ૩.૭૫ ટકાના સ્તર પર યથાવત્ રાખ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વે જોકે એ જ સાથે હોકિસ સ્ટાન્સ જાહેર કરીને દર ઘટાડવાની ઓછી શક્યતા હોવાના સંકેત આપ્યા.

આ ઉપરાંત સોનાના ભાવની ઓટનું એક કારણ ૨૦૨૫ના શાનદાર રોકાણ પછી નફો ગાંઠે બાંધવાની પ્રવૃત્તિ પણ છે. પશ્ચિમ એશિયાનો સંઘર્ષ શરૂ થયો તે પહેલાં જ સોનામાં એક શક્તિશાળી ઉછાળો જોવા મળ્યો હતો, ફક્ત ૨૦૨૫માં જ સોનાના ભાવમાં અસાધારણ ૭૦ ટકાનો વધારો થયો હતો. આટલી તીવ્ર તેજી પછી, મૂલ્યાંકનમાં વધારો થયો હતો, જેના કારણે રોકાણકારો ઊંચા સ્તરે નવા રોકાણ ઉમેરવામાં અચકાતા હતા.

ખાડી દેશોમાં સંઘર્ષમાં યુદ્ધની ભીષણતામાં વધારો થતાં અસ્થિરતામાં વધારો થયો હોવાથી બુલિયન ટ્રેડરોએ તેજીનો પીછો કરવાને બદલે નફો ગાંઠે બાંધવાનું પસંદ કર્યું, જેના કારણે રાબેતા મુજબની ખરીદીને બદલે વેચાણનો માહોલ સર્જાયો. લાંબા સમય સુધી તેજી પછી આ પ્રકારની પ્રતિક્રિયા લાક્ષણિક છે, જ્યાં નવી પોઝિશન લેવાને બદલે લાભ જાળવી રાખવાને પ્રાથમિકતા આપવામાં આવે છે.

આને પરિણામે, પ્રોફિટ બુકિંગ શરૂ થવાથી ભૂ-રાજકીય તણાવ દ્વારા મળેલા ઉછાળાના ટ્રીગરને નોંધપાત્ર રીતે ઠંડુ પાડી દેવામાં આવ્યું. બજારના તીવ્ર તણાવના સમયગાળા દરમિયાન, રોકાણકારો ઘણીવાર તરલતાને અન્ય બધાં પરિબળો કરતાં વધુ પ્રાથમિકતા આપે છે. વૈશ્વિક સ્તરે સૌથી વધુ તરલ સંપત્તિઓમાંની એક હોવાથી, સોનું નુકસાનને પહોંચી વળવા, માર્જિન કોલ્સને પહોંચી વળવા અથવા પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરવા માટે વારંવાર રોકડનો સ્રોત બની જાય છે.

આ તરલતા-આધારિત વેચાણ તાજેતરના કરેક્શનમાં એક મુખ્ય પરિબળ રહ્યું છે, જે સેફ હેવન માગને વધારે છે. ઉદાહરણ તરીકે, દુબઈમાં, ધ ઇકોનોમિક ટાઇમ્સે અહેવાલ આપ્યો છે કે ગ્રાહકોનો પ્રવાહ દરરોજ સોનું વેચવા માટે આવી રહ્યો છે. કેટલાક ઘરેણાં ઓફર કરી રહ્યા છે, કેટલાક રોકડ માટે સોનાના બાર બદલી રહ્યા છે. ખરીદદારો દ્વારા જણાવવામાં આવેલા ડિસ્કાઉન્ટને શાંતિથી સ્વીકારી રહ્યા છે. આમાંના ઘણા ભારતીય મૂળના ગ્રાહકો છે.

ઇઝરાયલ-ઈરાન યુદ્ધ દિવસે દિવસે તીવ્ર બની રહ્યું હોવાથી, ઘણા એનઆરઆઇ તેમના સોનાના હોલ્ડિંગ્સને ઘટાડી રહ્યા છે. એક અહેવાલ અનુસાર દુબઈમાં મિસાઇલમારો શરૂ થયો ત્યારથી દરરોજ આવા ૧૦૦થી વધુ વિક્રેતાઓ આવે છે. ઝવેરીઓ કહે છે કે વિદેશીઓ રોકડ રકમ મેળવવા અને ઘરે ભંડોળ મોકલવા માટે સોનું વેચી રહ્યા છે, તેથી તેઓ દરરોજ લગભગ એક કિલોગ્રામ સોનું વેચી રહ્યા છે.

યુએસ ટ્રેઝરી યીલ્ડમાં વધારાને કારણે પણ સોના પર પણ દબાણ આવી રહ્યું છે, જેના કારણે પીળી ધાતુ જેવી નોન યિલ્ડિંગ સંપત્તિમાંથી એક્ઝિટ વધતી જાય છે. જેમ જેમ બોન્ડ રિટર્ન વધુ આકર્ષક બને છે, તેમ તેમ રોકાણકારો સરકારી સિક્યોરિટીઝ તરફ વળે છે, જેના કારણે સોનાના આકર્ષણમાં ઘટાડો થાય છે.

યુદ્ધને કારણે ઇંધણ મોંઘું થતાં ફુગાવો વધવા અંગેની ચિંતામાં નોંધપાત્ર વધારો થયો છે, જે તાજેતરના અઠવાડિયામાં સોનાને નીચે ખેંચી લેવાનું એક મુખ્ય પરિબળ છે. બજારો હવે અપેક્ષા રાખે છે કે ઓઇલના સતત ઊંચા ભાવ કેન્દ્રીય બેંકોને વધુ આક્રમક વલણ અપનાવવા દબાણ કરી શકે છે, જે સોના જેવા નોન-યિલ્ડીંગ એસેટના આકર્ષણને મર્યાદિત કરી શકે છે. નોંધવું રહ્યું કે રશિયાની સેન્ટ્રલ બેન્કે ઇતિહાસમાં પહેલી વખત સોનું વેચવાની શરૂઆત કરી છે. ■

પ્રાસંગિક__અમૂલ દવે
feedback@bombaysamachar.com

## હોર્મુઝ માટે જો સંગ્રામ થયો તો જબરો હાહાકાર મચી જશે...

### આ ખાડી માટેનો જંગ સમગ્ર વિશ્વના અર્થતંત્ર અને આવનારી પેઢીના ભવિષ્યની લડાઈ છે.

માર્ચ ૨૦૨૬ના આ દિવસો માનવ ઇતિહાસમાં એક અત્યંત કાળા અને વિનાશક પ્રકરણ તરીકે લખાશે. ૨૮ ફેબ્રુઆરીથી શરૂ થયેલું અમેરિકા-ઇઝરાયલ અને ઇરાન વચ્ચેનું આ ભીષણ યુદ્ધ હવે માત્ર પ્રાદેશિક સંઘર્ષ નથી રહ્યો, પરંતુ એક વૈશ્વિક જ્વાળામુખી બની ગયો છે જે સમગ્ર વિશ્વને પોતાની લપેટમાં લેવા તૈયાર છે. મધ્ય પૂર્વના આકાશમાં અત્યારે શાંતિના કબૂતરો નહીં, પણ વિનાશક મિસાઇલો, આત્મઘાતી ડ્રોન અને અત્યાધુનિક ફાઈટર જેટનો ભયાનક ગુંજારવ સંભળાઈ રહ્યો છે. આ ભયાનક યુદ્ધનું કેન્દ્રબિંદુ હોર્મુઝની સાંકડી સામુદ્રધુની છે, જે ભૌગોલિક રીતે નાની હોવા છતાં વૈશ્વિક અર્થતંત્રની સૌથી મહત્ત્વની ધમની ગણાય છે કરોડરજ્જુ કહી શકાય.

વિશ્વના કુલ તેલ અને એલએનજી વેપારનો ૨૦% થી ૨૫% હિસ્સો આ સાંકડી ગલીમાંથી પસાર થાય છે. દરરોજ અંદાજે બે કરોડ બેરલ તેલ અહીંથી વહે છે, જે ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા જેવા એશિયાઈ દેશો માટે ઓક્સિજન સમાન જીવનરેખા છે. હોર્મુઝનો આ માર્ગ બંધ થતાં વૈશ્વિક તેલના ભાવ આકાશે પહોંચી ગયા છે અને આજે આપણે જોઈ રહ્યા છીએ તેમ કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ૨૦૦ ડૉલરની સપાટી વટાવી ચૂક્યા છે, જેણે વિશ્વભરમાં મોંઘવારીનો અસહ્ય બોજ લાદી દીધો છે.

અમેરિકાના સંરક્ષણ વિભાગ 'પેન્ટાગોન' દ્વારા તૈયાર કરવામાં આવેલી 'બ્લુ પ્રિન્ટ' અત્યંત આક્રમક અને જોખમી વ્યૂહરચના ધરાવે છે. અમેરિકાનો મુખ્ય અને છૂપો ઉદ્દેશ્ય હોર્મુઝના પ્રવેશદ્વાર પર આવેલા ત્રણ અતિ વ્યૂહાત્મક ટાપુઓ કેશમ, અબુ મુસા અને ગ્રેટર-લેસર ટુન્બ ટાપુઓ પર સૈન્ય કબજો જમાવવાનો છે. આ ટાપુઓ હોર્મુઝના મુખ પર કુદરતી ચોકીદારની જેમ ઊભા છે અને જેનો આ ટાપુઓ પર કબજો હોય તે સમગ્ર વિશ્વના તેલ વેપાર પર પોતાની પકડ મજબૂત કરી શકે છે. અમેરિકાએ આ વિસ્તારમાં ૫,૦૦૦ નૌકાદળના સૈનિકો સહિત ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કર્યા છે, જેમાં કુખ્યાત એરબોર્ન ડિવિઝનના પેરાટ્રુપર્સ અને સ્પેશિયલ ફોર્સના જવાનોનો સમાવેશ થાય છે. આ એક પ્રકારના ગ્રાઉન્ડ આક્રમણની પૂર્વ તૈયારી છે.



યુદ્ધનું કેન્દ્ર હોર્મુઝની આ સામુદ્રધુની છે

ડોનલ્ડ ટ્રમ્પ એકબાજુ એવો દાવો કરે છે કે તેમને હોર્મુઝમાં કોઈ રસ નથી, પરંતુ હકીકત તેનાથી બિલકુલ વિપરિત છે. ટ્રમ્પ વહીવટીતંત્ર શાંતિ વાર્તાના ઓઠા હેઠળ ઇરાનને છેતરવા માંગે છે. એક તરફ તે મુત્સદ્દીગીરીની વાતો કરે છે અને બીજી તરફ 'હોર્મુઝના રસ્તા ખોલો અથવા તમારા પાવર પ્લાન્ટ્સ અને ડિસેલિનેશન પ્લાન્ટ્સ ગુમાવો' જેવા કઠોર અલ્ટિમેટમ આપી રહ્યા છે. આ પ્રકારની આક્રમકતા આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને સાર્વભૌમત્વનું ઘોર ઉલ્લંઘન છે, જે વિશ્વના કોઈપણ સ્વતંત્ર રાષ્ટ્ર માટે અસ્વીકાર્ય છે.

આ યુદ્ધના માનવીય પાસાઓ અત્યંત હૃદયદ્રાવક છે. યુદ્ધના પ્રથમ ૨૫-૩૦ દિવસોમાં જ ૨૦૦૦થી વધુ માસૂમ ઇરાની નાગરિકોએ જીવ ગુમાવ્યા છે. સૌથી ચિંતાજનક અને નિંદનીય બાબત એ છે કે અમેરિકા અને ઇઝરાયલના સૈન્ય હુમલાઓ હવે માત્ર સૈન્ય છાવણીઓ પૂરતા મર્યાદિત નથી રહ્યા. ઇરાનના નાગરિક વિસ્તારો, શાળાઓ, હોસ્પિટલો અને જીવન જરૂરી પાણીના પ્લાન્ટ્સને જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા છે. પાણીના પ્લાન્ટ્સ પર હુમલો કરવો એ માનવતા વિરુદ્ધનો ગુનો છે, કારણ કે તે લાખો લોકોને તરસ્યા રાખવાની અને રોગચાળો ફેલાવવાની એક ક્રૂર યુક્તિ છે. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થાઓ ચીસો પાડીને કહી રહી છે કે આ સ્પષ્ટપણે 'વોર ક્રાઈમ' એટલે કે યુદ્ધ અપરાધ છે. ઇતિહાસમાં અગાઉ રશિયાના પુતિન અને ઇઝરાયલના નેતન્યાહુ પર જે પ્રકારે યુદ્ધ અપરાધોના આરોપ લાગ્યા હતા, આજે અમેરિકા અને ઇઝરાયલનું સૈન્ય એ જ લોહિયાળ માર્ગે ચાલી રહ્યું હોય તેમ જણાય છે. આ આક્રમકતા પાછળનું સાચું કારણ માત્ર લોકશાહી કે શાંતિ નથી, પરંતુ વિશ્વના સંસાધનો પર કબજો મેળવવાની ભૂખ છે.

બીજી તરફ, ઇરાનનો પ્રતિકાર પણ બહાદુરીભર્યો અને અજેય રહ્યો છે. ઇરાની સૈન્ય અને ઇરાની ક્રાંતિકારી ગાર્ડ્સ (આઈઆરજીસી) આ પ્રકારના આક્રમણ માટે વર્ષોથી તૈયારી કરી રહ્યા હતા. તે જાણે છે કે જો અમેરિકા ગ્રાઉન્ડ આક્રમણ કરશે તો તેનો જવાબ કેવી રીતે આપવો. ઇરાને હોર્મુઝના કિનારે અને પહાડોની ગુફાઓમાં હજારો મિસાઇલો, આત્મઘાતી ડ્રોન અને નાની પરંતુ અત્યંત ઝડપી સ્પીડ-બોટ્સનું એક જટિલ નેટવર્ક તૈયાર કર્યું છે. ઇરાની અધિકારીઓએ ખુલ્લી ચેતવણી આપી છે કે જો 'પેન્ટાગોન' આ ભૂમિ પર પગ મૂકવાની મૂર્ખામી કરશે, તો અમેરિકાએ તેના હજારો સૈનિકોના તાબૂત (Coffins) લેવા માટે તૈયાર રહેવું પડશે. ઇરાને અગાઉના વિયેતનામ અને ઇરાક યુદ્ધના અનુભવોમાંથી ઘણું શીખ્યું છે. તે જાણે છે કે અમેરિકાના વિશાળ એરક્રાફ્ટ કેરિયરને હોર્મુઝના સાંકડા જળમાર્ગમાં કેવી રીતે લાચાર બનાવી શકાય છે. ઇરાને પહેલેથી જ ઇઝરાયલના ડિમોના ન્યુક્લિયર સ્થળ અને બહેરીન સ્થિત ડેસાલિનેશન પ્લાન્ટ્સ પર વળતા હુમલા કરીને સાબિત કરી દીધું છે કે તેઓ માત્ર રક્ષણ જ નહીં, પણ ઘાતક પ્રહાર કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

આ યુદ્ધની વિવિધ અસર માત્ર મધ્ય પૂર્વ પૂરતી સીમિત નથી, પરંતુ તેની અસર દરેક સામાન્ય માણસના રસોડા સુધી પહોંચી છે. હોર્મુઝની આસપાસની અસ્થિરતાને કારણે એશિયા, યુરોપ અને ખુદ અમેરિકાનું અર્થતંત્ર ડગમગવા લાગ્યું છે. વૈશ્વિક શેરબજારો તૂટી રહ્યા છે અને ઊર્જા સંકટને કારણે ઉદ્યોગો બંધ થવાની અણી પર છે. વિશ્વના શક્તિશાળી દેશોએ એ સમજવાની જરૂર છે કે આંતરરાષ્ટ્રીય કાયદાઓ માત્ર નબળા દેશો પર થોપવા માટે નથી હોતા. જો અમેરિકા અને ઇઝરાયલ આ રીતે પોતાની મનમાની ચાલુ રાખશે તો વિશ્વમાં કાયદાનું શાસન ખતમ થઈ જશે અને જંગલ રાજ પ્રવર્તશે. ઇરાનનો પ્રતિકાર અહીં માત્ર એક દેશની લડાઈ નથી, પરંતુ પોતાના અધિકારો અને સાર્વભૌમત્વના રક્ષણ માટેની ન્યાયી લડાઈ છે. વિશ્વ સમુદાયે, યુનાઈટેડ નેશન્સે અને તટસ્થ દેશોએ હવે મૌન તોડવું જ પડશે. જો અત્યારે આ આક્રમકતાને રોકવામાં નહીં આવે, તો આ વર્ષ માનવ સંસ્કૃતિના પતન અને ત્રીજા વિશ્વયુદ્ધના પ્રારંભ તરીકે ઓળખાશે.

શાંતિના નામે ખેલાતો આ લોહિયાળ ખેલ હવે બંધ થવો જોઈએ અને સંવાદ દ્વારા ઉકેલ લાવવો જોઈએ, કારણ કે યુદ્ધ ક્યારેય ઉકેલ નથી હોતું, તે માત્ર વિનાશ લાવે છે. હોર્મુઝની લડાઈ એ સમગ્ર વિશ્વના અર્થતંત્ર અને આવનારી પેઢીના ભવિષ્યની લડાઈ છે. ■

## આ તો સ્કેમ છે...




feedback@bombaysamachar.com
પ્રફુલ શાહ

## શેરેગરકાંડના રોકાણકારો વધુ એકવાર છેતરપિંડીનો ભોગ બન્યાં...



મુંબઇ પોલીસ પાસે અશોક શેરેગર આણિ મંડળી વિરુદ્ધ એક પછી એક ફરિયાદ આવવા માંડી હતી. અંતે પોલીસે ૧૯૯૭ના નવેમ્બર મહિનામાં શેરેગર અને એની નેટવર્કના ભાગ સમા અમુક એજન્ટની ધરપકડ કરી હતી. આ દરમિયાન ધડાધડ પોલીસ કમ્પેલઇન થવા માંડી હતી. એનો આંકડો વધતા-વધતા બે હજારને આંબી ગયો હતો.

આ ભયંકર છેતરપિંડી મામલામાં મહારાષ્ટ્ર પ્રોટેકશન ઑફ ઇન્ટરેસ્ટ ઑફ ડિપોઝિટર્સ (એમ. પી. આઇ. ડી.) કોર્ટના હસ્તક્ષેપને પગલે રોકાણકારોને થોડું વળતર મળવાનું શરૂ થયું હતું. આમાં બે શર્ત હતી. એક, ફરિયાદ વર્ષ ૨૦૦૦ના જાન્યુઆરી અગાઉ થયેલી હોવી જોઇએ. બે, વળતરનું પ્રમાણ આંશિક હતું એટલે કે યોજના મુજબ ૨૫થી ૧૦૦ ટકા વચ્ચે હતું.

પરંતુ આ છેતરપિંડી અને ફરિયાદ તથા વળતર વચ્ચે શું થયું એ જાણવું જોઇએ.

ફરિયાદને તપાસ અધિકારીઓએ શેરેગરના ભંડોળ અને ખાતાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી હતી. એના અને સાથીઓના ૧૯૨ બૅંક ખાતામાં તે સમયે દસ કરોડની રકમ જમા પડેલી હતી. આમાંથી આવકવેરા ખાતાએ ૪.૩૦ કરોડ વેરા પેટે મેળવવાનો દાવો કર્યો હતો. બાકીની રકમ બૅન્કમાં ફિક્સ્ડ ડિપોઝિટ તરીકે મૂકી દેવાઇ હતી. આનો ઉપયોગ માત્ર ને માત્ર રોકાણકારોને વળતર ચુકવવા માટે કરવાનો આદેશ અપાયો હતો. જોકે અદાલતે આવકવેરા ખાતાને ૪.૩૦ કરોડની રકમ પોલીસને પાછી આપવાનો આદેશ આપ્યો હતો, કે જેથી વધુને વધુ લોકોને શકય એટલું વધારે વળતર ચૂકવી શકાય.

શેરેગર કૌભાંડને ષડયંત્રકારીઓની બદઇરાદા સાથે રોકાણકારોની અવિચારી, અતાર્કિક લાલચ અને ઉતાવળે ધનવાન બનવાની વૃત્તિનું ય પરિણામ ગણાવી શકાય. નજીવા સમયમાં મૂડી રોકાણ ડબલ થતું હોય તો મોટા મોટા કોર્પોરેટ હાઉસ શા માટે લમણાઝીંક કરે? આવક રળવા માટે બુદ્ધિચાતુર્ય, નિષ્ઠા, કાર્યક્ષમતા અને મહેનત કરવાને બદલે શોર્ટકટના કુંડાળામાં કૂદી પડો તો ભોગવવાનો વારો આવે ને આવે જ.

આવું જ ચોક્કસપણે થયું. આ અગાઉ આવું થયું હતું તે પછી પણ કાળી મજૂરી કરનારાઓ આ બધા કપટથી સાવ અજાણ હોતા નથી પણ એ બે-પાંચ-પચીસને નાની-નાની રકમ ઝડપભેર બમણી થવાની વાત જાણીને લલચાઇ જાય, આશા બાંધી બેઠો. કહેવત છે કે લોભિયા હોય ત્યાં ધુતારા ફાવી જાય.

આ શેરેગર કૌભાંડમાં રોકાણકારો સાથે પહેલીવાર છેતરપિંડી થઇ એ કરી કાવતરાખોરોએ, પરંતુ એમની સાથે બીજીવાર પણ એવું થયું ને એ વધુ આઘાતજનક હતું.

થયું એવું કે કોર્ટના આદેશ મુજબ મુંબઈ પોલીસની ચપળ અને કાર્યક્ષમ ગણાતી પાંખ ઇ.ઓ.ડબલ્યુ.(ઇકોનોમિક ઓફેન્સિસ વિંગ અર્થાત્ આર્થિક ગુના શાખા) એ શેરેગર કૌભાંડના શિકાર બનેલા ૧૭૫૦ જણાના વળતરના ચેક સહી કર્યાં હતા, પરંતુ... પરંતુ આ ચેક મૂળ રોકાણકાર સુધી પહોંચ્યા જ નહીં!

એ વળી કંઇ રીતે થયું? ને એ કેવી રીતે બહાર આવ્યું? ૨૦૦૫ની ૨૧મી માર્ચે ભોઇવાડા પોલીસમાં એક મહિલાએ ફરિયાદ નોંધાવી કે પોતાનું રૂ. ૧૩૦૦નું ડિવિડંડ વૉરન્ટ કોઇ અજાણ્યા શખસે વટાવી લીધું છે. પોલીસ જાણતી નહોતી કે આ નાનકડી રકમની તપાસ અન્ય મોટા કૌભાંડ સુધી દોરી જવાની હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું કે ડિવિડંડ વૉરન્ટ ભોઇવાડાની ગજરાજ કો-ઓપરેટિવ સોસાયટીમાં ભૈરવ એન્ટરપ્રાઇઝિસના ખાતામાં જમા થયું હતું. વધુ ઊંડાણમાં તપાસ કરતા પોલીસને અન્ય કંપનીના લાખો રૂપિયાના ડિવિડંડ વૉરન્ટ અને એક કંપનીનો લાખો રૂપિયાનો ચેક જમા થયાનું જાણવા મળ્યું હતું. એટલું જ નહીં, શેરગેર કૌભાંડમાં છેતરાયેલા રોકાણકારોનો ઇ. ઓ. ડબ્લ્યુ.એ આપેલા વળતરના ૧૭૫૦ ચેક પણ આ જ ખાતામાં જમા થયા હતા.

પોલીસે આ જાણકારી ઇ.ઓ.ડબ્લ્યુ.ને આપી એના બે વર્ષ બાદ આ નવા કેસમાં બે જણાની ધરપકડ થઇ હતી. આ સાથે ઇ. ઓ. ડબ્લ્યુ. એ નવી ફરિયાદ લખી હતી. આમેય મોટાભાગના છેતરપિંડીના કે અન્ય ગુનાહિત કેસમાં સમયાંતર ઘણાંની દિલચસ્પી ઘટતી જતી હોય છે અને અંતમાં ખરેખર શું થયું એ જાણવાનો સમય બહુ ઓછાં પાસે હોય છે. (સંપૂર્ણ)■

સિક્કાની ત્રીજી બાજુ
_જયવંત પંડ્યા
feedback@bombaysamachar.com

# અમેરિકામાં લોકોને કાર હવે બેકાર લાગવા માંડી છે...!

## કારની ઝંઝટથી મુક્ત થવાનો ટ્રેન્ડ હવે અમેરિકામાં ચાલુ થયો છે. લોકો પણ હવે કાર વગર મુસાફરીને મહત્ત્વ આપવા લાગ્યા છે તો બીજી બાજુ પ્રશાસન કેટલાક વિસ્તારોમાં કાર પર પ્રતિબંધ મૂકી અકસ્માતો ઘટાડી રહ્યું છે.

ઈરાન યુદ્ધના કારણે અત્યારે વિશ્વભરમાં પેટ્રોલ-ડીઝલ અને ગેસનું સંકટ તોળાઈ રહ્યું છે. ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે તેની પાસે ૬૦ દિવસ ચાલે તેટલો પુરવઠો છે અને પેટ્રોલ-ડીઝલ કંપનીઓએ અનિવાર્યતા વગર પેટ્રોલ-ડીઝલ ન ખરીદવા અનુરોધ કર્યો છે, પરંતુ ભારતમાં લોકોને હવે વાહનની ટેવ પડી ગઈ છે. નજીકમાં જ દૂધ લેવા જવું હોય તો પણ કાર કે બાઇક લઈને જનારાની સંખ્યા વધી ગઈ છે. આમ તો, જિમમાં જઈને હજારો રૂપિયા દઈને ટ્રેડ મિલ પર ચાલશે. પરંતુ બહાર જવું હોય તો ચાલવાનું ટાળે. સામે એ વાત પણ સાચી કે આપણે ત્યાં ચાલીને જનારાને રસ્તા પર ચાલતા ડર લાગે છે. આનું કારણ છે અનિયંત્રિત ગતિએ અને કાળજી વગર વાહન ચલાવતા લોકો.

એક તો ફૂટપાથ પર દુકાનવાળાઓએ દબાણ કર્યું હોય અને એની સાથે ફેરિયાઓની જમાવટ વત્તા તેના પર સ્કૂટર પાર્ક કર્યા હોય. રોડ પર કાર પાર્ક હોય એટલે ફરજિયાત રોડ પર અને તે પણ પાર્ક કરાયેલી કારની બાજુમાંથી નીકળવું પડે. અને પાછા બધા રસ્તા કંઈ ફોર લેન ન હોય. એટલે પાછળથી કાર એકદમ બાજુમાંથી નીકળે અને હોર્ન મારે એટલે હૃદયના ધબકારા વધી જાય. અને આ સ્થિતિ માત્ર ઑફિસ અવર્સ દરમિયાન જ નથી હોતી. વહેલી સવારે તો સ્કૂલ બસ ને શાકભાજી ઇત્યાદિની હેરફેર કરતા ટેમ્પો પણ આવો ત્રાસ ફેલાવે છે.

૨૦૦૮ની મંદી સમયે ભારતમાં ઘણાએ કાર પૂલ



કરવાની શરૂઆત કરી હતી પરંતુ પછી તે બંધ થઈ ગયું. માત્ર સંકટ સમયે જ નહીં, સામાન્ય દિવસોમાં પણ કાર શેરિંગ કરવાથી વ્યક્તિના પૈસા અને દેશનું વિદેશી હૂંડિયામણ બચશે. જાણીને નવાઈ લાગશે કે જાતજાતના સર્વે કરીને મૂલ્યાંકન કરતા અમેરિકામાં હવે કાર ફ્રી શહેરોનાં સર્વે અને રેટિંગ ચાલુ થયું છે!

આ સર્વેમાં કેટલાક માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેમ કે.....

ઈ વોક સ્કોર- ટ્રાન્ઝિસ્ટ સ્કોર-બાઇક સ્કોર- એન્યૂઅલ પ્રેસિપિટેશન સ્કોર....

શું છે આ માપદંડ? વોક સ્કોર ઊંચો હોય તો તેનો અર્થ એ થાય છે કે તમે તે શહેરમાં પગપાળા ચાલીને સરળતાથી જઈ શકો છો. વધુ ટ્રાન્ઝિસ્ટ સ્કોરનો અર્થ છે તમને જાહેર પરિવહનની સુવિધા સારી મળે છે. વધુ બાઇક સ્કોરનો અર્થ છે તમે બાઇક પર તમારા દિનપ્રતિદિનનાં કામો સરળતાથી પતાવી શકો છો. આ જ રીતે વધુ એન્યૂઅલ પ્રેસિપિટેશન સ્કોરનો અર્થ એ કે તમારા માટે શહેરમાં પગપાળા ચાલીને, જાહેર પરિવહન દ્વારા અથવા તો બાઇક એમ કોઈ પણ રીતે (ટૂંકમાં કાર વગર) જવું અઘરું છે.

આ મૂલ્યાંકનમાં અમેરિકાનાં ટોચનાં દસ શહેરોમાં પ્રથમ ક્રમે સાન ફ્રાન્સિસ્કો, દ્વિતીય ક્રમે વોશિંગ્ટન ડીસી, ત્રીજા ક્રમે મિનિયાપોલીસ, ચોથા ક્રમે શિકાગો, પાંચમા ક્રમે બોસ્ટન, છઠ્ઠા ક્રમે નેશવિલે, સાતમા ક્રમે ડેનવેર, આઠમા ક્રમે લોસ એન્જેલસ, નવમા ક્રમે ન્યૂ યોર્ક અને દસમા ક્રમે ફિલાડેલ્ફિયા છે.

નિકોલ કોર્કોરન અને અન્યોએ કરેલાં એક સર્વેક્ષણ મુજબ, અમેરિકાનાં શહેરોમાં ૧૮ ટકા કાર માલિકોએ 'ચોક્કસ' એમ કહી રસ દાખવ્યો તો ૪૦ ટકાએ કહ્યું કે અમે આ વિશે જરૂર વિચાર કરીશું તો બીજી તરફ, અમેરિકાનાં શહેરોમાં દસ ટકા લોકો ઑલરેડી કાર વગર જીવી રહ્યા છે. કાર વગર જીવવાનું પસંદ કરનારાંઓ માટે પાંચ પરિબળ કારણભૂત છે:

૧) આપણે ક્યાં કાર સાથે જન્મ્યા હતા? કાર તો હવે આવી, અગાઉ કાર વગર ચાલતું જ હતું, હવે પણ ચાલી શકે.

૨) ઓછામાં ઓછી પાંચ ટકા ટ્રિપ કાર વગર આજેય અમે કરીએ જ છીએ એટલે કાર હોવી જ જરૂરી નથી.

૩) કાર પર આધારિત રહેવું ગમતું નથી. ગેસ/ડીઝલ પુરાવવાની ઝંઝટ, પાર્કિંગની ઝંઝટ, ડ્રાઇવરની ઝંઝટ અથવા જાતે ડ્રાઇવ કરવામાં થાક અને તણાવ અનુભવાય- સાથે ફોન પણ ઉપાડવાના.

૪) જાહેર પરિવહન સુવિધાનો નિયમિત લાભ લઈએ છીએ એટલે વાંધો ન આવે.

૫) પોતાની કારની સરખામણીએ જાહેર પરિવહનમાં હાથ ઉલાળતા વગર ટેન્શને જઈ શકાય.

આ સર્વેમાં ધનવાન અને યુવાનોનો પણ સમાવેશ કરાયો હતો. આથી આ સર્વેક્ષણ કરનારાઓએ એવું તારણ કાઢ્યું કે શહેરનું આયોજન કરનારાઓ (ટાઉન પ્લાનર)એ કાર વગર જીવી શકાય તેવું આયોજન કરવું જોઈએ.

અન્ય એક સર્વેક્ષણ મુજબ, અંગત પાર્ક કરવામાં આવેલી ૯૫ % કાર શહેરના વિસ્તારોમાં કિંમતી જગ્યા રોકે છે. અમેરિકાના મેનહટ્ટનનો પા ભાગ રસ્તા પાર્કિંગ રોકે છે. ૨૦૦૯માં ટાઇમ્સ સ્ક્વેરમાં બ્રોડવે પર કાર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો ત્યારે શરૂઆતમાં તો વિવાદ - વિરોધ થયો, પરંતુ પછી તેનાં સારાં પરિણામ પણ જોવાં મળ્યાં. રાહગીરોની હાલાકી ઘટી ને અકસ્માત પણ ઓછા થવા લાગ્યા.

ભારતની સરકારોએ પણ આ દિશામાં વિચારવા જેવું ખરું. ■

ઔર યે મૌસમ હંસીં...
દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ: સ્વતંત્ર નિર્ણય લેવાનો અધિકાર છે ખરો?



તાજેતરમાં 'વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬' પ્રસિદ્ધ થયો છે. કમનસીબે ૧૪૭ દેશોમાં ભારતનો ક્રમ ૧૧૬ છે. સારી વાત એ છે કે આ ક્રમાંક ગયા વર્ષ કરતાં થોડો સુધર્યો છે, પરંતુ વૈશ્વિક સ્તરે હજુ પણ ઘણો પાછળ છે. ભારતમાં આર્થિક વિકાસ થયો છે, પરંતુ અસમાનતા, આરોગ્ય સુવિધાઓ, પર્યાવરણ અને સુશાસનના મુદ્દાઓ વ્યક્તિની ખુશીને અસર કરે છે એવું ઈન્ડેક્સમાં કહે છે. આપણી પાસે સામાજિક જોડાણ અને કુટુંબ વ્યવસ્થા ચોક્કસ મજબૂત પાસું છે, આમ છતાં, ઘણા સુધારાઓની જરૂર છે.

હેપ્પીનેસ રિપોર્ટ વિશ્વના દેશોની ખુશીને માપવા માટે મુખ્યત્વે છ મહત્ત્વના ઘટક પર આધાર રાખે છે. એમાં આર્થિક સમૃદ્ધિ મહત્ત્વનું ઘટક છે. આ ઘટક થકી સરેરાશ આવક અને જીવનસ્તરનું મૂલ્યાંકન કરવામાં આવે છે. અન્ય ઘટકોમાં સામાજિક સમર્થન, સ્વસ્થ જીવન, જીવનના નિર્ણયો લેવાની સ્વતંત્રતા, અન્યોને મદદ કરવા માટેની ઉદારતા તેમજ સિસ્ટમ અને વ્યવસાયમાં ભ્રષ્ટાચાર વિશે લોકોની અનુભૂતિનો સમાવેશ થાય છે.

ભારતમાં આર્થિક વિકાસ અને સામાજિક સમર્થનમાં કેટલોક સુધારો જોવા મળે છે, પરંતુ જીવનના નિર્ણયો લેવાની સ્વતંત્રતા, ભ્રષ્ટાચાર અને કેટલીક વખત ઉદારતા જેવાં પરિબળ હજુ નબળાં છે. કુટુંબ, જાતિ, સમાજ અને લોકો શું કહેશેના દબાણને કારણે યુવાનો પોતાના સપના અનુસાર અભ્યાસ, કરિયર કે લગ્ન માટે જીવનસાથી પણ પસંદ કરી શકતા નથી. સરવાળે વ્યક્તિમાં માનસિક તણાવ અને અસંતોષ વધે છે, જે ખુશીને ઘટાડે છે. જ્યારે વ્યક્તિને લાગે છે કે તેનું જીવન તે પોતે નિયંત્રિત કરી શકે છે, સ્વતંત્ર નિર્ણય લઇ શકે છે ત્યારે ખુશીઓ સ્વાભાવિક રીતે વધવા લાગે છે.

એક યુવતી પોતાના પરિવારના મેડિકલ વ્યવસાયમાં જોડાવાને બદલે આર્ટ્સ ક્ષેત્રમાં આગળ વધવા માગતી હતી. કુટુંબે વિરોધ કર્યો, પણ તેણે હિંમતથી પોતાનો નિર્ણય લીધો. આજે તેની સફળ કારકિર્દી છે અને એનું માનવું છે, પહેલી વાર મને લાગ્યું કે હું મારા જીવનની માલિક છું. આ વાત પહેલી નજરે સામાન્ય લાગે પણ લગ્ન, અભ્યાસ, સંતાન, ભોજન સહીત અસંખ્ય બાબત માટે સરેરાશ ભારતીય સ્વતંત્ર નિર્ણય લઇ શકતો નથી.

કથોપનિષદમાં નચિકેતાની કથા છે. નચિકેતાના પિતાને એક યજ્ઞમાં ભેટ આપવાને લઈને વાંધો પડ્યો. પિતાએ નાના બાળક એવા નચિકેતાને ગુસ્સામાં યમરાજને આપી દીધો. નચિકેતાએ ડર્યા વગર યમલોક જવાનો નિર્ણય લીધો. ત્યાં તેણે મૃત્યુ પછી આત્માનું જ્ઞાન માગ્યું. યમરાજે ત્રણ વરદાન આપ્યા, પણ નચિકેતાએ પોતાની મરજીથી જ્ઞાનનો માર્ગ પસંદ કર્યો. તેણે કહ્યું, 'હું મારા પિતાને પાછો મળું અને અમર જ્ઞાન મેળવું.' નચિકેતાએ પિતાની વાતથી ડરી જઈને યમરાજને મળવા જવાનું ટાળ્યું હોત તો માનવજાતને કથોપનિષદ જેવું અદ્ભુત જ્ઞાન મળ્યું ન હોત. સ્વતંત્ર નિર્ણય લેવાથી જ માણસ સાચી ખુશી અને જ્ઞાન પ્રાપ્ત કરે છે, જીવન જીવ્યાનો સંતોષ મળે છે.

નચિકેતાની આ કથા આજના ભારતીય યુવાનોને પ્રેરણા આપે છે. કથા એક જ વાત કહે છે કે કુટુંબ કે સમાજના દબાણ વચ્ચે પણ પોતાના સપનાનો નિર્ણય લઈ શકાય છે. જ્યારે આપણે આવી સ્વતંત્રતા ભોગવી શકીશું ત્યારે હેપ્પીનેસ ઇન્ડેક્સમાં પણ ભારત આગળના ક્રમે વધી શકશે. ભારતીય સમાજ જ્ઞાતિઓના નાના નાના વાડાઓમાં વહેંચાતો જાય છે અને યુવાનો લગ્ન સંબંધિત નિર્ણય પણ લઇ શકતા નથી. આજકાલ તો કાયદા પણ પસંદગીના લગ્ન વિરુદ્ધ બનવા લાગ્યા છે.

જ્યારે વ્યક્તિ પોતાના જીવનના મોટા નિર્ણયો જેમ કે અભ્યાસ, કરિયર, લગ્ન વગેરે સ્વતંત્ર રીતે ન લઈ શકે ત્યારે નિરાશા થાય છે આનાથી આત્મવિશ્વાસ ઘટે છે, તણાવ વધે છે અને ઘણી વાર ડિપ્રેશન કે એંગ્ઝાયટી થાય છે. વ્યક્તિગત સ્વતંત્રતા ઓછી હોય તો સમાજની પ્રગતિ ધીમી પડે છે. લોકો નવી વસ્તુઓ અજમાવતા કે શીખવા તૈયાર થતા નથી, કારણ કે સમાજ શું કહેશેનો ડર સતાવતો હોય છે.

મનોવિજ્ઞાનીઓ કહે છે કે દુનિયામાં બે પ્રકારની સંસ્કૃતિ છે, એક જ્યાં વ્યક્તિ પોતાને સૌથી મહત્ત્વનું માને છે અને બીજી જ્યાં કુટુંબ અને સમાજને સૌથી મહત્ત્વનું માને. ભારતમાં બીજો વર્ગ વધુ છે. અહીં લોકો વિચારે છે, મારા નિર્ણયથી મારા કુટુંબની ઇજ્જતનું શું થશે?

ભારતમાં જાતિ વ્યવસ્થા અને મહિલાઓ પરના પરંપરાગત નિયમોને કારણે ઘણા લોકોને લાગે છે કે મારા હાથમાં કંઈ નથી. આ વાત મનને અંદરથી નબળી કરે છે. આથી જ હેપ્પીનેસ ઇન્ડેક્સમાં આપણે પાછળ રહીએ છીએ અને વિશ્વ આપણને હજુ પરંપરાગત સમાજ તરીકે જુએ છે.

સમાજે હવે ચેતવાનો સમય આવી ગયો છે. જો આપણે આજે પણ લોકો શું કહેશે અને પરંપરાના નામે યુવાનોની સ્વતંત્રતા છીનવીશું તો આવતી પેઢી વધુ તણાવમાં જીવશે અને આત્મહત્યાની રાજધાની બની જઈશું. એઆઈના યુગમાં સમજવાની જરૂર છે કે વ્યક્તિગત આઝાદી વગર સાચી ખુશી અને વિકાસ શક્ય નથી. આપણા વિદેશ જતા બાળકો પાસે અહીં સારી તકો હોવા છતાં પાછા આવવાનું ટાળે છે. એનું સૌથી મોટું કારણ સ્વતંત્રતા છે.

ભારતીય સિનેમાએ જીવનના નિર્ણયો લેવાની સ્વતંત્રતાના વિષયને વારંવાર ઉઠાવીને યુવાનો અને સમાજને પ્રેરણા આપી છે. 'થ્રી ઈડિયટ્સ'માં આમિર ખાનનું પાત્ર કરિયરના દબાણ વિરુદ્ધ બળવો કરીને પોતાના સપનાને અનુસરવાની વાત કહી હતી, જેનો સમાજમાં ખૂબ પ્રભાવ પડ્યો હતો. 'કવીન'માં કંગના રનૌત લગ્ન તૂટ્યા પછી હનીમૂનની ટિકિટ પર એકલી વિદેશ જાય છે. આઝાદી અને આત્મવિશ્વાસથી ભરપૂર આ ફિલ્મે મહિલાઓને પોતાના નિર્ણયો લેવાની હિંમત આપી હતી. 'પિંક'ની તાપસી પન્નુ અને તેની મિત્રો પોતાની પસંદગીઓ માટે 'ના એટલે ના'ની વાતને મજબૂતાઈ સાથે મૂકી હતી. ઈસ્મત ચુગતાઈથી આધુનિક સાહિત્યમાં વ્યક્તિગત સ્વતંત્રતાની અઢળક વાતો લખવામાં આવી છે. પણ આપણે ફક્ત વાંચતા અને ફિલ્મો જોતા જ જાગીએ છીએ.

એકવાર મન થાય તો શ્રીદેવીની 'ઈંગ્લિશ વિંગ્લિશ' જોઈ લેવી, પોતાની ઓળખ અને આત્મસન્માનની કિંમત સમજાશે. આ ફિલ્મો માત્ર મનોરંજન નથી, પરંતુ ભારતીય સમાજ માટે અરીસો છે. યુવાનોને પ્રેરણા આપે છે કે લોકો શું કહેશેના ડર વગર પોતાના સપના અને પસંદગીઓને અનુસરવી જોઈએ.

ભારતમાં સુધારાનો ફક્ત એક જ રસ્તો છે, શિક્ષણ. શિક્ષકોને તાલીમ આપવી જોઈએ કે તે લોકો બાળકોને માત્ર પાઠ્યપુસ્તક નહીં, પરંતુ પોતાના વિચારો વ્યક્ત કરવાની આઝાદી આપે. જો આજથી આપણે સુધારા તરફ આગળ વધીએ તો આગામી દાયકામાં હેપ્પીનેસ ઇન્ડેક્સમાં પ્રથમ પચાસમાં સમાવેશ થઇ શકે.

### ધ એન્ડ :

*કેટલો જોખમી નિર્ણય લઇ શકો છો એ તમે કેટલા સ્વત્રંત થઇ શકો છો એ સાહસ પર આધાર રાખે છે. (પ્રો. સલામ અલ શેરીદા)* ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| PYRE | અગ્નિ પાષાણ |
| PYGMY | બાંધકામ |
| PYRAMID | અજગર |
| PYRITES | વેંતિયો |
| PYTHON | ચિતા |

## માતૃભાષાની મહેક

ઓળખાણ મોટી ખાણ છે એ કહેવત ખબર હશે. પરિચિતોની યાદી લાંબી હોય એનાથી લાભ જ લાભ થાય એવી માન્યતામાંથી આ કહેવત બની છે. જોકે, એનાથી વિપરીત કહેવત છે ઓળખીતો સિપાઈ હેડમાં પૂરે. હેડ એટલે લાકડાની બેડી. મતલબ કે ઓળખાણ કામમાં આવવાની વાત તો દૂર રહી, ઉલટાનું નુકસાનને નોતરું આપે.

## ગુજરાત મોરી મોરી રે

'પોતાને દુઃખ પડે ત્યારે બીજાની પીડા સમજાય' એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ન પરવીતી જાણે જાણે કોઈ આપવીતી સહુ

## ઈર્શાદ

*અમે કાળચક્રની સાક્ષીએ ફર્યું તે દિશામાં ફરી ગયા,*
*કદી બાથ ભીડી છે મૃત્યુથી કદી જાતથીયે ડરી ગયા.*
*-- આદિલ મન્સૂરી*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | |
| ૬ | | | | | ૭ | | | | |
| | | | ૮ | ૯ | | ૧૦ | ૧૧ | | |
| ૧૨ | | | | | | | ૧૩ | | ૧૪ |
| | | | ૧૫ | | ૧૬ | ૧૭ | | | |
| | | ૧૮ | | | | | | | |
| ૧૯ | | | | | ૨૦ | | ૨૧ | ૨૨ | |
| | | ૨૩ | ૨૪ | | ૨૫ | ૨૬ | | | |
| | ૨૭ | | ૨૮ | | | | | ૨૯ | ૩૦ |
| ૩૧ | | | | | | ૩૨ | | | |

### આડી ચાવી

૧ ઇચ્છા, દોહદ (૪)
૪ હસતે મને, ખુશીથી (૪)
૬ પૃથ્વી (૨)
૭ શિક્ષા (૨)
૮ ક્યારેક (૨)
૧૦ અસ્થિર (૨)
૧૨ સ્ત્રી, બૈરી (૩)
૧૩ સરસ્વતી (૩)
૧૬ શંકા, વહેમ (૩)
૧૮ સોનું (૩)
૧૯ કૃપા, મહેરબાની (૩)
૨૧ રૂપું (૩)
૨૩ આકાશ (૨)
૨૫ વાટ, રસ્તો (૨)
૨૮ આત્મા (૨)
૨૯ આંગળીથી ---- વેગળા (૨)
૩૧ પાઘડી કે ફેંટાની કલગી (૪)
૩૨ મજબૂત બાંધાનું (૪)

### ઊભી ચાવી


૧ અમે, અમારું (૨)
૨ અસ્વીકાર, ત્યાગ (૪)
૩ સૂકો ખજૂર (૩)
૪ કનડગત, સંતાપ (૩)
૫ કૂજો, ભોટવો (૨)
૯ મૂરખ મિત્ર કરતાં ---- દુશ્મન ભલો (૨)
૧૧ સાક્ષી (૩)
૧૨ પ્રણવ, વેદનો પહેલો અને પવિત્ર ઉચ્ચાર (૪)
૧૪ પરાક્રમી પુરુષને છાજે તેવું (૪)
૧૫ ફરિયાદ (૨)
૧૭ મંદિર, દેવનું સ્થાન (૨)
૧૮ ફૂલ (૩)
૨૦ માથું (૨)
૨૨ જામિનગીરી (૪)
૨૪ નર્મદા નદીને તીરે આવેલું એક શહેર (૩)
૨૬ હર્ષ, આનંદ (૩)
૨૭ કબર (૨)
૩૦ શઠ, ધૂર્ત (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | પ | ૨ રા | ધી | | | ૩ ઘે | લું | | ૪ શા |
| પા | | ક્ષી | | ૫ કી | ર | વ | | ૬ જો | ણું |
| ૭ ર | ૮ વિ | | | વ | | ૯ ર | ૧૦ સ | મ | |
| | ૧૧ ના | માં | ૧૨ કિ | ત | | | શ | | ૧૩ બા |
| ૧૪ વે | શ | | તા | | ૧૫ અ | ૧૬ વ્ય | ક્ત | | વ |
| રા | | ૧૭ અં | બ | ર | | તી | | ૧૮ વે | ળ |
| ન | | બા | | | ૧૯ ઓ | ત | પ્રો | ત | |
| | ૨૦ ગાં | ડી | ૨૧ વ | | સા | | | ૨૨ ન | ૨૩ ફો |
| ૨૪ સા | ઠે | | ૨૫ ગો | ઠ | ણ | | ૨૬ શૂ | | ફ |
| ફ | | ૨૭ ના | ણું | | | ૨૮ ચ | ળ | વ | ળ |

## ઓળખાણ પડી?

બીજા વિશ્વયુદ્ધમાં જાપાનના હિરોશીમા અને નાગાસાકી શહેરો પર બોમ્બમારો કરનારા અમેરિકન વિમાનની ઓળખાણ પડી?




અ) Hellcat બ) Ilyushin
ક) Wellingtons ડ) Silverplate

## ચતુર આપો જવાબ અર્થ જણાવો

'દરેક કલાકારની આગવી પિછાન હોય છે' વાક્યમાં પિછાન શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) ઓળખાણ બ) પછેડી ક) કલાત્મકતા ડ) રચના

## માઈન્ડ ગેમ

વિશ્વભરમાં વિવિધ પ્રકારના મ્યુઝિયમ જોવા મળે છે. વિશ્વવિખ્યાત ચિત્રકાર વેન ગોફનું મ્યુઝિયમ કયા દેશમાં સ્થિત છે?

અ) જર્મની બ) નેધરલેન્ડ્સ ક) ઓસ્ટ્રિયા ડ) લક્ઝમ્બર્ગ

## સુડોકુ-૯૨૫૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૫ | | | | ૬ |
| ૫ | ૮ | | | | ૬ | | | |
| | ૭ | | ૧ | | | | ૯ | |
| | ૬ | ૧ | | | | | | ૯ |
| ૮ | | ૪ | | | | ૨ | | ૭ |
| ૩ | | | | | | ૬ | ૪ | |
| | ૯ | | | | ૮ | | ૨ | |
| | | | ૬ | | | | ૧ | ૮ |
| ૧ | | | | ૨ | | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૭ | ૬ | ૮ | ૪ | ૩ | ૯ | ૨ |
| ૪ | ૮ | ૩ | ૫ | ૨ | ૯ | ૧ | ૭ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૭ | ૧ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૨ | ૩ | ૯ | ૮ | ૬ | ૭ | ૪ | ૧ | ૫ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૫ | ૧ | ૬ | ૨ | ૯ |
| ૬ | ૫ | ૧ | ૪ | ૯ | ૨ | ૭ | ૮ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૨ | ૬ | ૪ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૩ | ૬ | ૯ | ૫ | ૧ |
| ૧ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૩ | ૭ |

## ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| PUS | પરુ |
| PUSH | ધક્કો |
| PUSHY | આગ્રહી |
| PUSSY | બિલાડી |
| PUSTULAR | ગૂમડું |

**ગુજરાત મોરી મોરી રે:** બકરી આદું ખાતા શીખી ગઈ

**ઓળખાણ પડી?** ફ્રાન્સ

**માઈન્ડ ગેમ :** પુણે

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :** પથ્થર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) નીતા દેસાઈ (૨) પુષ્પા ખોના (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) મુલરાજ કપૂર (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮)નૈશધ દેસાઈ (૯) તાહેર ઔરંગાબાદવાલા (૧૦) શીરીન ઔરંગાબાદવાલા (૧૧) સુભાષ મોમાયા (૧૨) શ્રદ્ધા આશર (૧૩) ભારતી બુચ (૧૪) હર્ષા મહેતા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) પુષ્પા પટેલ (૧૭) ખુશરૂ કાપડિયા (૧૮) મીનલ કાપડિયા (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) પ્રવીણ વોરા (૨૮) વિણા સંપટ (૨૯) અંજુ ટોલિયા (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) કમલ માતલિયા (૩૨) ભાવના કર્વે (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) ડાયના સંતોકે (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હિના દલાલ (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) વિજય આસર (૪૧) નિતીન જયંતીલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) પ્રતિમા પમાણી (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૯) મહેશ દોશી

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## હેલ્ધી ફૂડએ ખેડૂતોને રડાવ્યા



બાળકોનું એક સરસ મજાનું જોડકણું છે કે 'આલૂ - કચાલૂ બેટા કહાં ગયે થે? બૈંગન કી ટોકરી મેં સો ગએ થે. બૈંગન ને લાત મારી રો રહે થે.'

જોકે, આલૂ એટલે કે બટાકાની ખેતી કરતા એન્ડી ગુડકેર સહિત અનેક ખેડૂતોને બૈંગન (રિંગણ)ની લાતથી નહીં પણ લોકો 'હેલ્ધી ફૂડ'ને પ્રાધાન્ય આપી રહ્યા હોવાથી રોવાનો વારો આવ્યો છે. થયું છે એવું કે છેલ્લાં ૪૦ વર્ષથી એન્ડી ભાઈ પોટેટો ચિપ્સના ઉત્પાદકોને બટાકા સપ્લાય કરતા આવ્યા છે. જોકે, જનતામાં લેન્ટીલ ચિપ્સ (મગ, તુવેર, ચના, મસૂરની ચિપ્સ) જેવી આરોગ્યપ્રદ વાનગી માટે લગાવ વધ્યો હોવાથી પોટેટો ચિપ્સના ઉત્પાદકોના વેચાણમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. પરિણામે આ વર્ષે એ કંપનીએ એન્ડીને કોઈ ઓર્ડર જ નથી આપ્યા અને આપશે પણ નહીં એવો ભય સતાવી રહ્યો છે એટલે આશરે એક લાખ વીસ હજાર પાઉન્ડ (આશરે સવા કરોડ રૂપિયા)ની કિંમતનો ૬૦૦ ટન પાક વેડફાઈ જવાની આશંકા પેદા થઈ છે. આ બટાટાના પહાડને ફૂડબેન્કને આપવા એન્ડી વિચારી રહ્યો છે, પણ જો એ લોકો માલ નહીં ઉપાડે તો એ બધા બટાકા પ્રાણીઓને ચારા તરીકે દેવા પડશે એવું મન પણ તેણે મનાવી લીધું છે. આરોગ્ય માટેનો લગાવ પોટેટો ફાર્મર્સની તબિયત બગાડી રહ્યો છે.

## કિસી નઝર કો તેરા ઈંતેઝાર આજ ભી હૈ




શ્વાનને માણસનો શ્રેષ્ઠ મિત્ર માનવામાં આવે છે. આજે એક મનુષ્ય બીજા મનુષ્ય પર વિશ્વાસ મૂકતા અચકાય છે. એમની વચ્ચે સ્નેહના સરવાળા શરૂ થાય અને ક્યારે અચાનક બાદબાકી શરૂ થઈ જાય ખબર નથી પડતી.

પચીસેક હજાર વર્ષ પહેલા માનવ - શ્વાનની મૈત્રીનો પ્રારંભ થયો હોવાનું કહેવાય છે. આ ઉમદા દોસ્તીના અનેક ઉદાહરણ ઈતિહાસના ચોપડે નોંધાયા છે. યુએસના મોન્ટાના રાજ્યમાં આજથી ૮૬ વર્ષ પહેલાની એક દોસ્તીની વાત આજે પણ લોકો હોંશે હોંશે કરતા જોવા મળે છે. વાયકા અનુસાર ૧૯૩૬માં એક ભરવાડ માંદો પડ્યો એટલે એને મોન્ટાનાના ફોર્ટ બેન્ટન શહેરની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. એ સમયે એક શ્વાન પણ એ ભરવાડની પાછળ પાછળ આવી હોસ્પિટલના દરવાજે પહેરો દેવા લાગ્યો. કમનસીબે એ ભરવાડનું અવસાન થયું. એના મૃતદેહને શબપેટીમાં ટ્રેનમાં રવાના કરવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક પેલો શ્વાન સ્ટેશન પર આવી પહોંચ્યો. ટ્રેન તો રવાના થઈ ગઈ પણ શ્વાન માલિક એક દિવસે પાછા ફરશે એની રાહ જોતો સ્ટેશન પર બેઠો રહેતો. સાડા પાંચ વર્ષ રાહ જોયા પછી શ્વાનનું પણ મૃત્યુ થયું. એને અંતિમ વિદાય આપવા સેંકડો લોકો આવેલા અને સ્ટેશન નજીક જ એને દાટવામાં આવ્યો હતો. ૧૯૯૨માં ફોર્ટ બેન્ટનમાં મૈત્રીની અનોખી મિસાલ પૂરી પાડતી આ શ્વાનની કાંસાની પ્રતિમા ઊભી કરવામાં આવી હતી.

## નોટનું કદ ને પૈસાનો પાવર





'હની, વ્હેર ઈઝ માય મની' એકવીસમી સદીનો 'સળગતો પ્રશ્ન' છે. નોટના કદને અને પૈસાના પાવરને સીધો સંબંધ નથી. જોકે, પૈસાનો પાવર હાહાકાર મચાવે ત્યારે નોટના કદમાં હવા ભરાતી હોવાનો ઈતિહાસ છે.

'ફાઈનેન્શિયલ ટાઈમ્સ' અખબારના અહેવાલ અનુસાર યુએસ - ઈઝરાયલના આક્રમણને પગલે અર્થતંત્ર સહિત અનેક તંત્ર છિન્નભિન્ન થવાથી ઈરાનમાં ફુગાવાએ માઝા મૂકી છે. પરિણામે રોકડ રકમની જરૂરિયાતમાં ભરતી આવી છે અને પૈસાની ખરીદ શક્તિમાં ઓટ આવી છે. ઉદાહરણ તરીકે જે વસ્તુ લેવા ૧૦૦ રિયાલની ૧૦ નોટની જરૂર પડતી હતી એ જ વસ્તુ લેવા આજે કદાચ ૨૦૦ નોટની જરૂર પડતી હશે. આર્થિક વ્યવહારમાં ચલણી નોટની સંખ્યા ઘટાડવાના આશય સાથે ફેબ્રુઆરીમાં ૫૦ લાખ રિયાલની નોટ દાખલ કરવામાં આવી હતી. પરિસ્થિતિ વધુ વણસી ગઈ હોવાથી ફુગાવાનો ભરડો તીવ્ર બન્યો છે. ઉપાય તરીકે ૧૦ મિલિયન - એક કરોડ રિયાલની નોટ ચલણમાં મૂકવામાં આવી છે. અલબત્ત, એનું મૂલ્ય ભારતના ૭૨૦ રૂપિયા જેટલું જ છે. બેકાબૂ બની ગયેલા ફુગાવા (હાઈપર ઈન્ફ્લેશન)ને કારણે ઊંચી કિંમતની ચલણી નોટ દાખલ કરવી પડી હોય એનો રસપ્રદ ઈતિહાસ છે.

યુરોપિયન દેશ હંગેરીમાં ૧૯૪૬ના જૂન મહિનામાં ૧૦૦ કવીન્ટિલિયન (એકડા પર ૨૦ મીંડાં) મૂલ્યની નોટ બહાર પાડવી પડી હતી. ૨૦૦૯માં ઝિમ્બાબ્વેએ ૧૦૦ ટ્રિલિયન ડૉલર (એકડા પર ૧૪ મીંડાં)ની નોટ મૂકવી પડી હતી. ૨૦૦૩થી પાંચ લાખ વિયેતનામ ડોન્ગની નોટ પણ વ્યવહારમાં છે. બ્રુનેઇ અને સિંગાપોર પણ તેમના ૧૦ હજાર ડૉલરની નોટનો ઈતિહાસ ધરાવે છે.

આ બધામાં પૂર્વ આફ્રિકાના ટચૂકડા દેશ બુરુન્ડીની નોટ કદમાં વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. જંગલના જીવ અને વનસ્પતિની લુપ્ત થતી પ્રજાતિના આંતરરાષ્ટ્રીય વેપાર પરિષદની સુવર્ણ જયંતી નિમિત્તે બહાર પાડવામાં આવેલી ૧૦ હજાર ફ્રાન્કની નોટ ૩૭૦ X ૨૨૦ મિલીમીટરના કદની છે. અર્થતંત્રના ઈતિહાસમાં બહાર પાડવામાં આવેલી આ સૌથી મોટા કદની નોટ છે. અલબત્ત, એનું મૂલ્ય આપણા ૩૨૦ રૂપિયા જેટલું જ છે. નોટના કદને પૈસાના પાવર સાથે નાતો નથી.

## પ્રાગની 'પતલી ગલી'નો પ્રતાપ



આજના યંગસ્ટર્સમાં અજબ દુનિયાની ગજબ જગ્યાઓમાં ટહેલવાનો શોખ તીવ્ર બન્યો હોવાથી સોશ્યલ મીડિયામાં અજાયબી ધરાવતા સ્થળની વિગતો ફોટોગ્રાફ - વીડિયો સાથે શેર કરવામાં આવે છે. ચેક રિપબ્લિકની રાજધાની પ્રાગની એક સાંકડી ગલી આકર્ષણનું કેન્દ્ર બની છે. વિગત અનુસાર ફક્ત ૭૦ સેન્ટી મીટર પહોળાઈની આ ગલીમાંથી બંને દિશામાંથી આવતા લોકો પસાર નથી થઈ શકતા. આ સમસ્યા દૂર કરવા ૧૯૯૨માં આ સાંકડી ગલીના બંને છેડે ટ્રાફિક સિગ્નલ બેસાડવામાં આવ્યું હતું. ગલીમાં દાખલ થવા માગતા રાહદારીએ સિગ્નલનું બટન દબાવવાનું અને રેડ કે ગ્રીન લાઈટ થાય એ અનુસાર અટકવાનું કે આગળ વધવાનું. હકીકતમાં આ કોઈ ગલી નથી, પણ એનો એક છેડો રેસ્ટોરાંની સીડી પાસે પૂરો થાય છે. ટૂંકમાં તમે મુખ્ય રસ્તેથી દાખલ થઈ રેસ્ટોરાંમાં દાખલ થઈ શકો, બસ. વાતમાં કંઈ માલ નથી એવી લાગણી અમુક લોકોને થઈ શકે છે, પણ એમાંથી પસાર થવાનો આનંદ લેવા જેવો છે અને રેસ્ટોરાંમાં મળતી ૧૦૦ ટકા વેજિટેરિયન ડિશની મજા માણવા જેવી છે એવું આ 'પતલી ગલી'નો અનુભવ લઈ ચૂકેલા લોકોનું કહેવું છે. હકીકતમાં આ સાંકડી શેરી ગલી નથી, પણ આગથી બચવા માટેની વ્યવસ્થા છે. પંદરમી સદીમાં આ વિસ્તારમાં આગ લાગવાથી આખેઆખો વિસ્તાર ખાક થઈ ગયા પછી બિલ્ડિંગો વચ્ચે સાંકડી ગલી રાખવાનો નિર્ણય લેવાયો હતો, જેથી આગ લાગે તો સાગમટે બિલ્ડિંગો સ્વાહા ન થઈ જાય.

## લ્યો કરો વાત

*ચોર લોકોની જમાત ક્યારેક એવું કરે કે આપણને ટીકુ તલસાણિયા જેવું વિસ્મય થાય કે 'યે ક્યા હો રહા હૈ?' એક નામાંકિત બ્રાન્ડની ચોકલેટ આમ જનતામાં અત્યંત પ્રિય છે. તાજેતરમાં ઘરફોડી કરનારા લોકોને એનો ચસ્કો લાગ્યો હોવાનો અસાધારણ કિસ્સો બન્યો છે. ૧૨ ટન ચોકલેટનો પુરવઠો ભરી એક ટ્રક ઈટલીથી પોલેન્ડ જવા રવાના થઈ. જોકે, નિયત સ્થળે પહોંચી ડિલિવરી કરે એ પહેલા આખેઆખી ટ્રક ડ્રાઈવર સાથે ગાયબ થઈ ગઈ. ચોકલેટ ઉત્પાદકોએ નિવેદન આપ્યું છે કે ચોર લોકોનો ટેસ્ટ બહુ સારો છે (મતલબ કે અમારી ચોકલેટ સ્વાદિષ્ટ છે) પણ આવી ચોરી માથાનો દુખાવો છે. અલબત્ત, દરેક ચોકલેટ પર યુનિક કોડ હોવાથી એ વેચવાની કોશિશ કરશે તો પકડાઈ જશે એવો ઉત્પાદકોને વિશ્વાસ છે...* ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**માલદાર કેવી રીતે થવાય?**
* ઉધાર માલ લઈ- રોકડે વેંચી- રકમ ગપચાવી જવાની...

**કાંણો મામો કેવો હોય?**
* બારમા ખેલાડી જેવો...

**લગ્નમાં ફટાણા તો છૂટાછેડા વખતે શું ગવાય?**
* અપલખ્ખણ, અવગુણ, અપમાન અને અપયશના ગાન...

**બાયોલોજી- સોશિયોલોજીની જેમ પ્રેમોલોજી ભણાવાય તો?**
* ક્લાસના બદલે હોલ રાખવો પડે... સો ટકા હાજરી ગેરેન્ટેડ ...

**શેની ગડ ના વળે?**
* ભાંજગડની....

**આંગણું વાંકું હોય તો?**
* વાંકી નાચનારીને લાવજે તો એને બધું સીધું લાગશે ...

**સળગતા પ્રશ્નોની ચર્ચા ક્યાં થાય?**
* એરકન્ડિશન્ડ ઓફિસમાં...કોલ્ડ ડ્રિન્કસ સાથે...

**બદામ ખાવાથી શું યાદ રહે?**
* ફરીથી (મફત) બદામ ખાવાનું...

**યાદશક્તિ કેમ ટૂંકી હોય?**
* લાંબી ના હોય એટલે.

**કજિયાળી સાસુ અને વઢકણી વહુ હોય તો સસરાજી કેવા હોય?**
* શાંત ગુસ્સાવાળા ...

**ભગવાન પ્રાર્થના ના સાંભળે તો?**
* નસીબ તમારા...

**લાંબા જોડે ટૂંકો જાય તો.?**
* જવા દો...

**સમુદ્રમંથન થાય તો તળાવ - ખાબોચિયામાં શું?**
* ખોબલે ખોબલે ચિંતન...

**કૂવામાં ના હોય તો હવાડાનું શું થાય?**
* શૂન્યમાંથી શૂન્ય બાદ કરો એના જેવું ...

**વાંકદેખા ક્યાં દેખાય?**
* આ રહ્યા ... તમારી પાછળ!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# ઈજ્જતની લિજ્જત...!

દુનિયામાં દરેક વ્યક્તિને પોતાની ઈજ્જત બહુ વ્હાલી હોય છે. સામાન્ય રીતે તેને દિકરીથી પણ વિશેષ સાચવતા હોઈએ છીએં. કચ્છી ચોવક કહે છે કે:

'ઈજત...જી લિજત જાણે સે જાણે' 'ઈજત' અને તેની 'લિજત' એ બન્ને શબ્દો તો સૌના પરિચિત છે. પણ 'જી' એટલે 'ની', 'જાણે સે જાણે' એ શબ્દ સમૂહનો અર્થ છે: 'જે જાણે તે જ જાણે' બેશક, અહીં આબરુનું મહત્ત્વ ચોવક દર્શાવે છે. સમાજમાં આબરુ હોવી તેની પણ એક લિજ્જત છે! ઈજ્જત પણ કમાવી પડે છે!

કમાણીના વિવિધ ક્ષેત્રની કક્ષા બતાવતી પણ એક ચોવક છે: 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, નફટ નોકરી નેં ફિઠબુડ ભીખ' હાલના સમયમાં આ ચોવક થોડી જુનવાણી જેવી લાગે પણ તેથી વ્યવસાયની કક્ષામાં કાંઈ ફરક નથી પડતો! વિચારો... ખેડૂતને જગતનો તાત કહ્યો છે, આવું સન્માન વેપારી કે નોકરિયાત વ્યક્તિને ક્યારેય મળ્યું છે ખરું? ચોવક કહે છે: કમાણી માટે સૌથી વધારે ઉચ્ચ કક્ષા ખેતી ધરાવે છે, તે પછી બીજા નંબર પર આવે છે વેપાર, નોકરી તો... કરી કરીને, નો-કરી! તેવી નફટાઈની કક્ષા પર આવે છે જ્યારે સૌથી નિમ્ન કક્ષાનું કામ છે: ભીખ માગવી. 'ફિઠબુડ' શબ્દ બહુ અજાણ્યો લાગશે, જેનો અર્થ થાય છે: ધિક્કાર જનક, અપમાન જનક!

વ્યવસાયની માફક જ 'ધન' કે કમાણીની કક્ષા પણ ચોવક બતાવે છે: કહે છે કે 'કકર પથર પા ધન, સોન ચાંધી 'અધ ધન, અન પન સર્વ ધન, ચમ ધન નિર્ધન', 'કકર પથર' એટલે કાંકરા અને પથ્થરા, સોન એટલે સોનું અને ચાંધી એટલે ચાંદી. 'ધન' એટલે ધન કે નાણાં. 'અન પન'નો અર્થ થાય છે. અનાજના છોડનાં પાન અને 'ચમ ધન' એટલે ચામડી, ચામડાંની કમાણી. ચોવકનો શબ્દાર્થ છે: કાંકરા અને પથ્થર (દ્વારા કમાવું) એ 'પા ધન' ગણાય છે. 'પા' એટલે અડધાથી ઓછું. સોના-ચાંદી (પાસે હોવાંક)થી કમાણી એ 'અધ ધન' એટલે કે અડધા ધનિક કહેવાવું! પરંતુ અનાજ ઉગાડતાં વૃક્ષોનું વ્યક્તિ પાસે હોવું કે, તેમાંથી કમાવું એ 'સર્વધન' એટલે સાચું ધન છે પરંતુ જો ચાયડાંના વેપારી હોવું કે, ચર્મ સંગ્રહ હોવો એ નિર્ધન જ ગણાય છે!

સહેજ ઝીણવટપૂર્વક સમજવાનો પ્રયાસ કરશું તો આ ચોવક સંયુક્ત પરિવારની રૂડી હિમાયત કરતી હોય તેવું લાગશે! આ રહી એ ચોવક: 'કરઈ ઓસરી ઓસરી અંઙણ તા અંઙણ શેરી તાં ખિલે' ચોવકમાં પ્રયોજાયેલા શબ્દોના અર્થ છે: 'કરઈ' એટલે ઓરડો. 'ઓસરી' તો ગુજરાતીમાં પણ વપરાતો શબ્દ છે. 'અંઙણ' એટલે આંગણું અને 'શેરી'નો અર્થ થાય છે શેરી... ઘરની ડેલીની બહાર પસાર થતો સાંકડો પણ લાંબો માર્ગ! શબ્દાર્થ હવે સ્પષ્ટ થઈ ગયો છે... સંયુક્ત પરિવારના સભ્યો જેમ પરસ્પર સ્મિત ફરકાવતા અને હસતા રહે છે, તેમ એક ઘરનો ઓરડો, ઓસરી અને આંગણું, હંમેશ સંયુક્ત રીતે સુખ-ચેનથી સંકળાયેલાં હોય છે. 'ખિલે' એટલે હાસ્ય કે સ્મિત! અને એ હાસ્ય કે સ્મિતના પડઘા ડેલીની બહાર પણ પડતા હોય છે. હાસ્ય એ અહીં સુખી ઘરની નિશાની દર્શાવે છે.

એક અદ્ભુત ચોવક છે: 'કલમ કડછી ને બરછી' 'કલમ' એટલે કલમ. 'કડછી' રસોઈઘરમાં વપરાતું એક સાધન અને 'બરછી'નો અર્થ એજ થાય છે, બરછી! ચોવક કહેવા એમ માગે છે કે, આપણે વિરોધીઓને હરાવવા માટેનાં એ ત્રણ હથિયાર છે! કલમથી જીતી શકાય. 'કડછી' શબ્દ અહીં સ્વાદિષ્ટ ભોજનના બદલે કરવામાં આવ્યો છે. સ્વાદિષ્ટ ભોજન દ્વારા તમે કોઈનું પણ દિલ જીતી શકો અને બરછીના તીક્ષ્ણ પ્રહારતો વિરોધીઓને વિંધવા માટે પ્રખ્યાત જ છે! ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# સરકારી મલમની કોમેડી




કોઇ એક મામલામાં લોકોને ઇજા થઈ ચૂકી હતી અથવા એમ કહો કે ઘા થઇ ચૂક્યો હતો, પણ એ કેવી રીતે થયું? અને એવું થવાનું કારણ ગમે તે હોય, પણ જે થવાનું હતું એ થઈ ચૂક્યું હતું. હવે વાત ફક્ત મલમ લગાડવાની જ હતી. કારણ કે ઘા પર મલમ લગાડવો જરૂરી હતો. આવા ઘા ઘણાંને થયેલા. અનેક લોકોને થયેલ ઘા, એક સમસ્યા બની ગયેલી તો પ્રજા સામે સરકારી મલમ લગાડવો જરૂરી હતો. વળી, કેટલાક નેતાઓ કે રાજકીય લોકોનું માનવું હતું કે- ઘા એની મેળે સુકાય જશે. આપોઆપ બલા એની મેળે ટળશે. વળી, એમને પાછો ડર એ વાતનો પણ હતો કે મલમ લગાડવાના ચક્કરમાં ઘા પાછો વધી ન જાય. માથા પર ચૂંટણી છે ને?

બીજો સવાલ એ હતો કે મલમ કેવો કે શું હોવો જોઇએ? વળી મલમને લગાડવાવાળો કોણ હશે? કેટલાક નેતા લોકો મલમ લગાડવામાં ઉતાવળ કરવાની તરફેણમાં હતા ને અમુક લોકો નહોતા. એમનું કહેવું એવું હતું કે પહેલા ઘાની પ્રકૃતિ ઓળખવામાં આવે ત્યાર પછી મલમ લગાડવાનો યોગ્ય રહેશે... બધું થઇ રહેશે. સરકારે આમાં બહુ પડવું નહીં. સમયથી મોટો મલમ કોઇ નથી.

પાછી સરકારની સમસ્યા એ પણ હતી કે બજારમાં ઘણા પ્રકારના મલમ હોય છે. એમાંથી કયો મલમ લગાડવો યોગ્ય રહેશે? આ નીતિ અને નૈતિકતા પ્રશ્નો હતા. કેટલાક લોકોને એ વાતનો ડર હતો કે જો અમે મલમ લગાડવામાં મોડું કરીશું તો કોઈ બીજું આવીને મલમ લગાડી જશે અને અમે 'વાહવાહી' લેવાથી વંચિત રહી જઈશું.

કેટલાક લોકો કહી રહ્યા હતા કે આ સમસ્યા તો સર્જરીની છે. ઘા પર માત્ર મલમ લગાડી દેવો- એ મેડિકલ દ્રષ્ટિએ એક ભૂલ છે. કેટલાક લોકોનું વિચારવું હતું કે ખાલી ઘા પર ધ્યાન આપવાને બદલે, એ લોકોને શોધવા જોઈએ જેમના કારણે ઘા થયો છે. એ લોકો કોણ છે?- આ પણ એક રાજકીય સમસ્યા છે. ઘા કરવા પાછળનું કારણ અને જેનાથી ઘા કરવામાં આવ્યા છે એ શસ્ત્રને પહેલા શોધવું જોઇએ ત્યાર પછી જ કયો મલમ લગાડવો એનો નિર્ણય લેવો યોગ્ય છે. થોભો ને પછી મલમ વિશે વિચારો...

જ્યારે આવી ચર્ચા ચાલી રહી હતી ત્યારે જ સમાચાર આવ્યા કે ઘા રૂઝાવા લાગ્યા છે. કેટલાક લોકોએ વિચાર્યું કે જ્યારે ઘા રૂઝાવા માંડ્યો છે તો પછી મલમ લગાડવાની જરૂર જ નથી. બીજા કેટલાક લોકોનું એવું માનવું હતું કે મલમ લગાડી જ દેવો જોઇએ, જેથી ભવિષ્યમાં કોઈ એવું તો નહીં કહે કે ઘા પર મલમ લગાડ્યો જ નહોતો!

આ બધી ચર્ચા સાથે નેતાઓને એક શંકા એ પણ હતી કે જે લોકો ઘાયલ છે એ મલમ સ્વીકારશે કે નહીં? ધારો કે એ લોકો મલમને મલમ નહીં માને અને પોતાની ઉપર એક નવો ઘા જાહેર કરે તો? પછી શું થશે? તે લોકો કેટલી માત્રામાં મલમની આશા રાખે છે? સંપૂર્ણ મલમ મળી ગયા પછી પણ ક્યાંક એ બીજો વધારે ન માગી બેસે તો ?

વાતાવરણમાં હજુ પણ રાહતની આશા હતી. આ બાજુ ઘામાં રૂઝ આવી રહી હતી. એટલામાં એક નવી મુસીબત આવી ગઈ.

જેમને ઇજા થઈ હતી, એમની પાસે કેટલાક સમાજિક કે રાજકીય લોકો સહાનુભૂતિ લઈને પહોંચી ગયા અને એ લોકોને પૂછવા માંડ્યા : 'શું આ સમાચાર સાચા છે કે તમને ઇજા થઈ છે?'

'હા, આ વાત સાચી છે.'

'અમને દેખાડો, તમને ક્યાં ક્યાં વાગ્યું છે?'

જે લોકો ઇજાગ્રસ્ત હતા એમણે એમના ઘા દેખાડ્યા.

નેતાએ કહ્યું: 'જુઓ, તમે મારા ઘાને સુકાવા દેશો નહીં. એને સતત તાજા રાખો. આશા છે કે એની પર મલમ લાગશે. અમે મલમ લગાડાવીને જ રહીશું! જો મલમ નહીં લાગ્યો તો એને નવો ઘા માનીશું. અમે ઇચ્છીએ છીએ એ જ મલમ લાગશે. પણ આ બધાં માટે તમારે ઘાને સતત તાજા રાખવા તમારે માટે બહુ જરૂરી છે.'

બસ આટલું બોલીને એ સહાનુભૂતિ આપનાર લાલચી, ઢોંગી, પાખંડી રાજકીય લોકો જતા રહ્યા.

હવે જેમને ઘા થયા છે એમની સામે બે સમસ્યા છે: યા તો મલમ પણ લગાડવાનો કે પછી ઘાને તાજા પણ રાખવાના. સરકાર પાસે મલમ નથી, જે છે એ સહાનુભૂતિ છે. એ જ મલમ એમને માલૂમ છે.

દરેક સમસ્યામાં આવું જ ચાલે રાખે છે. પ્રજાએ ઘા સાચવવાનો ને મફતના મલમની રાહ જોવાની. ઘા થશે ને સંસદ કે એસેમ્બલીમાં ઘાના પડઘા પડશે. બસ, આટલું જ થશે. બાકી નવા નવા ઘા તો લોકતંત્રમાં થયા જ કરશે. પ્રજા મલમ માટે અંત સુધી રાહ જોયાં જ કરશે.... ■

# પ્રવર્તમાન વૈશ્વિક અસ્થિરતા વચ્ચે સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય સમગ્ર માનવતા માટે મહત્ત્વપૂર્ણઃ વડા પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મંગળવારે શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા, ગાંધીનગર ખાતે વિશ્વસ્તરીય ભવ્ય 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'નો લોકાર્પણ સમારોહ યોજાયો હતો.

વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમનું લોકાર્પણ કરતા જણાવ્યું હતું કે, વર્ષોથી કોબા જૈન તીર્થના સાનિધ્યમાં અભ્યાસ, સાધના અને આત્મ-શિસ્તની પરંપરાઓ વિકસી રહી છે. અહીં મૂલ્યોનું જતન, સંસ્કારોનું સંવર્ધન અને જ્ઞાનના પોષણનો 'ત્રિવેણી' સંગમ રચાય છે, જે ભારતીય સભ્યતાનો પાયો છે. આ ત્રિવેણીને અવિરત વહેતી રાખવી એ આપણા સૌની સહિયારી જવાબદારી છે. પ્રવર્તમાન વૈશ્વિક અસ્થિરતા અને અશાંતિનો ઉલ્લેખ કરતા વડા પ્રધાને જણાવ્યું હતું કે આ સંગ્રહાલયમાં સ્થાપિત વારસો અને સંદેશ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. વિશ્વભરમાંથી મહત્તમ જિજ્ઞાસુ મુલાકાતીઓ, વિદ્યાર્થીઓ અને રિસર્ચર આ સંગ્રહાલયની મુલાકાતે આવે અને તેઓ ભારત અને જૈન ધર્મના શાંતિના ઉપદેશોને વિશ્વના ખૂણે-ખૂણે લઈ જાય તેવો વડા પ્રધાને અનુરોધ કર્યો હતો.

વડા પ્રધાને પોતાની આગવી શૈલીમાં કહ્યું હતું કે આજે ભગવાન મહાવીર સ્વામીના જન્મદિવસે કોબા ખાતેનો કાર્યક્રમ જડોથી જોડાવાનો છે, જ્યારે સાણંદ ખાતેનો બીજો કાર્યક્રમ જગત સાથે જોડાવાનો છે. સાણંદમાં જઈને વિશ્વમાં આધુનિકમાં આધુનિક ટેકનોલોજી થકી સેમિકંડક્ટર ચિપ નિર્માણ ગુજરાતની ધરતી પરથી થઈ રહ્યું છે, જે આપણા માટે ગૌરવ સમાન છે. ■

## 'વિશ્વબજારમાં સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે ભારત પોતાની ભૂમિકા મજબૂત બનાવી રહ્યું છે'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સાણંદ ખાતે કેન્સ સેમિકોનની આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી અને ટેસ્ટ સુવિધાનું ઉદઘાટન કર્યું હતું. આ પ્રસંગે વડા પ્રધાને જણાવ્યું હતું કે ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકે તેની ભૂમિકાને મજબૂત બનાવી રહ્યું છે.

તેમણે કહ્યું કે આ સુવિધાનું ઉદઘાટન ભારતની આત્મનિર્ભરતાના લક્ષ્યાંકને મજબૂત બનાવે છે, જે એક મજબૂત સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમના નિર્માણમાં મહત્ત્વનું પગલું છે.

મોદીએ જણાવ્યું હતું કે પેક્સ સિલિકા પહેલમાં જોડાવાના ભારતના નિર્ણયનો હેતુ મહત્ત્વપૂર્ણ ખનિજોના પુરવઠાને મજબૂત બનાવવાનો છે.

એક ભારતીય કંપની વૈશ્વિક સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇનમાં જોડાઈ હોવાથી આ વિકાસને ગર્વની ક્ષણ ગણાવતા, મોદીએ જણાવ્યું હતું કે આ ફક્ત આર્થિક સ્પર્ધાનો સમય નથી પરંતુ ભવિષ્યના ટેક લેન્ડસ્કેપને આકાર આપવાનો સમય છે. આ પ્રોજેક્ટમાં ઉત્પાદન શરૂ થવા સાથે, ભારત વૈશ્વિક બજારમાં વિશ્વસનીય સેમિકન્ડક્ટર સપ્લાયર તરીકેની તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવી રહ્યું છે. એક અર્થમાં, સાણંદ અને સિલિકોન વેલી વચ્ચે એક નવો સેતુ ઊભરી આવ્યો છે, સાણંદનો પ્લાન્ટ હવે કેલિફોર્નિયા સ્થિત એક કંપનીને ઇન્ટેલિજન્ટ પાવર મોડ્યુલ્સ સપ્લાય કરી રહ્યો છે, તેમ વડા પ્રધાને ઉમેર્યું હતું.

ગુજરાતના યુવાનોના સામર્થ્યનો ઉલ્લેખ કરતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે એ.આઈ., ડેટા સેન્ટર જેવી સુવિધાઓ માટે કૌશલ્યપૂર્ણ વર્કફોર્સ આપણા યુવાનો પૂરી પાડશે. એટલું જ નહીં, એઆઈ, સેમિકન્ડક્ટર, ગ્રીન હાઈડ્રોજન, રિન્યૂએબલ એનર્જી જેવાં ક્ષેત્રે ગુજરાતને હબ બનાવવાના વડા પ્રધાનના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં 'નમો ગુજરાત કૌશલ્ય તથા રોજગાર મિશન'ની પણ જાહેરાત કરી છે. સાથે સાથે રાજ્યની યુનિવર્સિટીઓમાં પણ એડવાન્સ મટિરિયલ સેન્ટર અને સેમિકન્ડક્ટર અભ્યાસક્રમો માટે પણ જોગવાઈ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું. ■

# સુરતમાં રહેણાંક મકાનમાં લાગી આગ, પાંચ જણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં એક રહેણાક મકાનમાં લાગેલી આગમાં પાંચ જણનાં મોત થયાં હતાં. શહેરના લિંબાયત વિસ્તારના રહેણાક મકાનમાં લાગેલી આગે અચાનક વરવું સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. મૃતક પરિવાર સાડીના કામ સાથે જોડાયેલો હોવાથી અને ઘરમાં સાડી અને અમુક કેમિકલ પડ્યું હોવાથી આગ વધુ પ્રસરી હોવાનું અને લોકો ગૂંગળાઈને બેશુદ્ધ થયા હોવાની માહિતી પણ સૂત્રોએ આપી હતી.

મૃતકોમાં ૬૫ વર્ષીય શેહનાઝ બેગમ અબ્દુલ કલામ અંસારી, ૧૮ વર્ષીય હુસના બેગમ અબ્દુલ કલામ અંસારી અને ૨૮ વર્ષીય શબીના રમઝાન અલી અંસારી તથા ૧૯ વર્ષીય ખુશનુમા અબ્દુલ અંસારી સહિત માત્ર ચાર વર્ષીય માસૂમ સુભાન રમઝાન અલી અંસારી હોવાનું જાણવા મળ્યું હતું. પરિવાર સાડીના કામ સાથે જોડાયેલો હતો અને ઘરમાં સાડીના જથ્થા સાથે ફર્મની શીટ પણ પડી હતી. ઘરના સ્વિચબોર્ડમાંથી તણખા ઝરતા આગ લાગી હતી અને આગ ફેલાઈ હોવાની પ્રાથમિક માહિતી બહાર આવી હતી. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી હતી. જોકે આ વિસ્તારમાં ગીચ અને સાંકડી ગલીઓ હોવાથી ફાયર બ્રિગેડને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. તમામ સભ્યોને બેશુદ્ધ હાલતમાં સ્મિમેર હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ■

# ગુજરાતમાં વરસાદી માહોલની શક્યતા, ગરમીનો પારો જશે નીચે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વાતાવરણમાં સતત પલટો જોવા મળી રહ્યો છે. ગયા અઠવાડિયે પણ વાતાવરણ વરસાદી રહ્યું હતું અને અમુક ભાગોમાં હળવા ઝાપટાં પડ્યા હતા ત્યારે ફરી રાજ્યના સાત જિલ્લામાં કમોસમી વરસાદની શક્યતા હવામાન ખાતા દ્વારા દર્શાવવામાં આવી છે.

હવામાન ખાતાની આગાહી અનુસાર બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા સહિતના ઉત્તર ગુજરાતના જિલ્લાઓ તેમ જ અમરેલી, ભાવનગર અને કચ્છ જેવા સૌરાષ્ટ્ર-કચ્છ જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ વીજળી અને ૩૦-૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવા વાવાઝોડાની સંભાવના છે. આ પરિસ્થિતિઓ સાથે હળવાથી મધ્યમ વરસાદની પણ શક્યતા છે.

જોકે, ૧ એપ્રિલે રાજ્યભરમાં શુષ્ક હવામાન રહેવાની શક્યતા છે. ૨ એપ્રિલે ફરી વરસાદ પડવાની શક્યતા છે, જે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ સહિત વિશાળ પ્રદેશોને અસર કરશે, સાથે જ દમણ અને દાદરા અને નગર હવેલીમાં પણ આવી જ વાવાઝોડાની શક્યતા છે.

૩ એપ્રિલના રોજ બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠા તેમજ અમરેલી, ભાવનગર અને કચ્છમાં છૂટાછવાયાં સ્થળોએ ફરી એકવાર હળવા વાવાઝોડા અને વીજળી સાથે વાવાઝોડાની શક્યતા છે. આવી જ રીતે ૪ એપ્રિલના રોજ છૂટાછવાયા વિસ્તારોમાં, મુખ્યત્વે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં, હળવો વરસાદ અને વાવાઝોડાની શક્યતા છે. ■

# મહેસાણાના બહુચરાજી મેળામાં જતાં પદયાત્રીઓને ટ્રકે કચડ્યાંઃ બેનાં મોત, સાત લોકો ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં યોજાતા ચૈત્રી પૂનમના મેળાને હવે જુજ દિવસો રહ્યા છે. ચુવાળ પંથકમાં આ મેળાનું ખુબ મહાત્મ્ય છે. ચૈત્રી પૂનમના પાવન પર્વે મા બહુચરના દર્શનાર્થે દૂર-દૂરથી માઈભક્તો માતાના દર્શનાર્થે ઊમટી પડે છે. હજારોની સંખ્યામાં પદયાત્રીઓ સંઘ કાઢી બહુચરાજી તરફ પગપાળા જઈ રહ્યા છે ત્યારે સિદ્ધપુર તાલુકાના ધનાવાડા ગામના ૬૦ લોકોના પગપાળા સંઘને ગમખ્વાર અકસ્માત નડ્યો હતો.

બહુચરાજી નજીક આવેલા નવા દેલવાડા નજીક ૩૦ માર્ચની મોડીરાત્રે એક બેફામ ટ્રકચાલકે પદયાત્રીઓના સંઘને અડફેટે લેતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ કરૂણ દુર્ઘટનામાં ઠાકોર દલપતજી પારખાનજી અને લાલાજી નાગજીજી નામના બે યુવકના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય સાત શ્રદ્ધાળુઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મોડીરાત્રે બનેલી આ ઘટનાને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા ઊમટી પડ્યા હતા. ઈજાગ્રસ્તોને હૉસ્પિટલ સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, અકસ્માત બાદ ટ્રકચાલક મદદ કરવાને બદલે સ્થળેથી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ મામલે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બીજી તરફ બન્ને યુવકના મૃતહદેહને પોસ્ટમોર્ટમ બાદ પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. બંને મૃતકોની અંતિમયાત્રામાં આખું ગામ ઊમટ્યું હતું. ■

# ભુજને ટ્રાફિકમાંથી મળશે છુટકારોઃ ૨૧ કિલોમીટર બાયપાસના નિર્માણનું કામ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરમાં વર્ષોથી વણઉકેલાયેલી ટ્રાફિકની જટિલ સમસ્યાના કાયમી નિરાકરણ માટે રાજ્ય સરકારે અંતે નક્કર દિશામાં કદમ ઉઠાવ્યા છે. ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ શહેરના પુનર્વસન સમયે બાયપાસના આયોજનમાં રખાયેલી ઊણપને દૂર કરવા માટે હવે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૨૧ કિલોમીટર લાંબા ભુજ સિટી બાયપાસ માટે જમીન સંપાદનની સત્તાવાર પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શહેરમાં ભારે વાહનોના પ્રવેશને કારણે સર્જાતી ટ્રાફિકજામની સ્થિતિને નિયંત્રિત કરવા અત્યાર સુધી પોલીસ અને વહીવટી તંત્રને વારંવાર જાહેરનામાં બદલવાં પડતાં હતાં. આ સમસ્યાનો અંત લાવવા માટે સરકારે જમીન સંપાદન અને કન્સલ્ટન્સી વર્ક માટે રૂપિયાં ૧૧૪.૬૪ લાખની અંદાજિત રકમ સાથેનું ટેન્ડર બહાર પાડ્યું છે. આ કામગીરી માટે નિયુક્ત થનાર કન્સલ્ટન્ટ એજન્સીએ આગામી ૧૦ મહિનામાં તમામ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. સત્તાવાર દસ્તાવેજો મુજબ, આ બાયપાસ પ્રોજેક્ટ કુલ ૨૧ કિલોમીટર લંબાઈનો હશે. આ મહત્ત્વપૂર્ણ માર્ગ ભુજને જોડતા ચાર મુખ્ય ધોરીમાર્ગો નખત્રાણા, માંડવી, મુંદરા અને ભચાઉ ધોરીમાર્ગોને એકબીજા સાથે જોડશે. આ રૂટ ભુજોડી, માધાપર, ભુજ શહેર, સુખપર અને મિર્ઝાપર ગામોની સીમમાંથી પસાર થશે, જેની મદદથી ભારે વાહનો શહેરની બહારથી જ પસાર થઈ શકશે. હાલના તબક્કે આ કામગીરી રોડ નિર્માણની નથી, પરંતુ તેના પાયા સમાન અંદાજે ૪૫ હેક્ટર જમીનના સંપાદનની છે. પસંદગી પામનાર એજન્સીએ જમીનનો ટેકનિકલ સર્વે કરવો, ડિજિટલ કેડસ્ટ્રલ મેપિંગ તૈયાર કરવું, સોશ્યલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ કરવું અને પ્રોજેક્ટથી પ્રભાવિત થતા માળખાઓની ઓળખ કરવાની રહેશે. ■

# દાયકા બાદ જન્મેલા ઘોરાડના બચ્ચાંના રક્ષણ માટે તહેનાત કરાયા ૫૦ ગાર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વીવીઆઈપી મહાનુભાવોને મળતી સુરક્ષા હાલમાં કચ્છમાં જન્મેલા ઘોરાડ (ગ્રેટ ઈન્ડિન બસ્ટાર્ડ)ને મળી રહી છે. અહીં એક દાયકા બાદ, ૨૬ માર્ચે જન્મેલા ઘોરાડના બચ્ચાની સુરક્ષા માટે ૫૫ કર્મી સાથેની ઝેડ પ્લસ સુરક્ષા રાખવામાં આવી છે. માત્ર ૧૫૦ ગ્રામ વજન ધરાવતા આ 'વેરી વેરી ઈમ્પોર્ટન્ટ ચિક' પર ૫૦ વન રક્ષકની એક વિશાળ ટીમ દિવસ-રાત નજર રાખી રહી છે. આ રક્ષકો ટ્રાયપોડ, સ્પોટિંગ સ્કોપ્સ અને બાયનોક્યુલર્સથી સજ્જ વોચટાવર પરથી દેખરેખ રાખે છે. આ અધિકારીઓ ત્રણ રોટેટિંગ શિફ્ટમાં કામ કરે છે અને ગાંધીનગરના વરિષ્ઠ અધિકારીઓને મિનિટે-મિનિટની અપડેટ મોકલે છે.

બચ્ચાંના રક્ષણ માટે લેવાયેલા પગલાં એટલા સખત છે કે જંગલી શ્વાન અને પશુઓને દૂર રાખવામાં આવી રહ્યા છે, ગામના રસ્તાઓ શાંતિથી બંધ કરી દેવામાં આવ્યા છે, અને ક્ષતિગ્રસ્ત ફેન્સિંગને અલગ ટુકડીઓ દ્વારા યુદ્ધના ધોરણે રિપેર કરવામાં આવી રહી છે. આસપાસનાં કૃત્રિમ જળાશયોને પણ જાણીજોઈને સૂકા રાખવામાં આવ્યાં છે જેથી શિકારી પ્રાણીઓ નવજાત બચ્ચાની નજીક ન આવે. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઇંડાનું સેવન કરવું એ ટેકનિકલ કુશળતાનું કામ હતું, પરંતુ બચ્ચું જ્યાં સુધી તેની પ્રથમ ઉડાન ભરવા માટે મજબૂત ન થાય ત્યાં સુધીના સમયમાં તેને જીવિત રાખવા માટે અસાધારણ તકેદારી અને માનવબળની જરૂર પડશે. ■

# પ્રશ્નપત્રની ભૂલ માટે વિદ્યાર્થીઓને ચાર માર્ક્સ ગ્રેસના મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બૉર્ડે પરિણામ જાહેર થાય તે પહેલાં જ ધોરણ ૧૨ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે પ્રોવિઝનલ આન્સર કી બહાર પાડી દીધી છે. પ્રશ્નપત્રોમાં થયેલી ભૂલોના આધારે, બૉર્ડે ગ્રેસ માર્ક્સ આપવાનો નિર્ણય લીધો છે.

પ્રોવિઝનલ આન્સર કી મુજબ, ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને કુલ ચાર ગ્રેસ માર્ક્સ મળશે, જ્યારે હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને ત્રણ માર્ક્સ મળશે. ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના પ્રશ્નપત્રોમાં જોવા મળેલી ભૂલોને કારણે આ માર્ક્સ આપવામાં આવ્યા છે. ગણિત અને જીવવિજ્ઞાનના પ્રશ્નપત્રોમાં આવી કોઈ ભૂલ જાણવા મળી નથી, તેમ અહેવાલોએ જણાવ્યું હતું.

ધોરણ ૧૨ વિજ્ઞાનની પરીક્ષાઓ ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી. પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ, પેપરચેકિંગ ચાલી રહ્યું છે. દરમિયાન, બૉર્ડે ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી માધ્યમમાં ચારેય મુખ્ય વિષયો - ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને જીવવિજ્ઞાન - માટે પ્રોવિઝનલ આન્સર કી પ્રકાશિત કરી હતી.

રસાયણશાસ્ત્રમાં, ગુજરાતી અને હિન્દી માધ્યમના પેપરમાં એક-એક પ્રશ્નમાં ભૂલો મળી આવી હતી, જેના કારણે આ માધ્યમોના વિદ્યાર્થીઓને એક-એક ગુણ આપવામાં આવ્યો હતો.

અંગ્રેજી માધ્યમના પેપરમાં, બે પ્રશ્ન ખોટા મળી આવ્યા હતા, જેના કારણે બે ગ્રેસ માર્ક્સ મળ્યા હતા. ભૌતિકશાસ્ત્રમાં, ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને ત્રણ ગુણ મળશે, જ્યારે અંગ્રેજી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને બે-બે ગુણ મળશે. ■

## દેશ વિદેશ

# ઈઝરાયલીના હત્યારા પેલેસ્ટિનિયનને મળશે મોતની સજાઃ કાયદો મંજૂર

જેરુસલેમઃ ઈઝરાયલની સંસદે સોમવારે એક ઠરાવ પસાર કર્યો જેમાં ઈઝરાયલી નાગરિકોની હત્યાના દોષિત પેલેસ્ટિનિયનોને મૃત્યુદંડની સજાની જોગવાઈ છે. સંસદમાં આ બિલ પસાર થવું જમણેરી પક્ષો માટે એક મોટી જીત માનવામાં આવી રહી છે.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ આ બિલના પક્ષમાં મતદાન કર્યું. પસાર થયેલા બિલમાં ઈઝરાયલી અદાલતોને ઈઝરાયલના નાગરિકોની હત્યાના કેસમાં પેલેસ્ટિનિયન નાગરિકોને મૃત્યુદંડ અથવા આજીવન કેદની સજા ફટકારવાની સત્તા આપવામાં આવી છે.

ઈઝરાયલી સંસદે કાયદો પસાર કર્યા બાદ મંગળવારે સેંકડો વિરોધીઓ સંકટગ્રસ્ત પેલેસ્ટિનિયન પ્રદેશોમાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઈઝરાયલી કબજા હેઠળના વેસ્ટ બેન્કમાં પેલેસ્ટિનિયનો, યુવાનો અને વૃદ્ધોએ કૂચ કરી હતી. આ કાયદો વેસ્ટ બેન્કની સૈન્ય અદાલતોને આદેશ આપે છે. આ અદાલતો ફક્ત પેલેસ્ટિનિયનો પર જ કેસ ચલાવે છે. આ કાયદો આદેશ આપે છે કે ખાસ પરિસ્થિતિઓ સિવાય દોષિતો માટે મૃત્યુદંડને ડિફોલ્ટ સજા તરીકે અપનાવવામાં આવે.

વેસ્ટ બેન્કના મધ્ય શહેર નબલસમાં પ્રદર્શનકારીઓએ બતાવાયેલા બેનરોમાં લખ્યું હતું કે સમય પૂરો થઈ રહ્યો છે અને મૌન જીવલેણ છે. આ બેનરો પર એક કેદીનું કાર્ટુન હતું જેણે પેલેસ્ટિનિયન સ્કાર્ફ પહેર્યો હતો અને તેની પાસે ફાંસીનો ફંદો હતો.

આ બિલ સોમવારે મોડી રાત્રે ઈઝરાયલી સંસદમાં તેના અંતિમ મતદાનમાં તાળીઓ અને ગડગડાટ સાથે પસાર થયું. ઈઝરાયલના રાષ્ટ્રીય સુરક્ષા મંત્રીએ આ કાયદાને લાંબા સમયથી વિલંબિત અને શક્તિ અને રાષ્ટ્રીય ગૌરવની નિશાની ગણાવી હતી. આ કાયદો ૩૦ દિવસમાં અમલમાં આવવાનો છે, પરંતુ ઈઝરાયલના સર્વોચ્ચ ટ્રિબ્યુનલમાં કોર્ટ કાર્યવાહી બાકી હોવાથી તેના અમલમાં વિલંબ થઈ શકે છે. ■

# પ્રત્યેક ભારતીય મહિને ૩૧ જીબીથી વધુ ડેટા વાપરે છે

નવી દિલ્હીઃ ભારતમાં પ્રતિ યુઝર્સ સરેરાશ માસિક મોબાઇલ ડેટા વપરાશ ૨૦૨૫માં ૩૧ ગિગાબાઇટ (જીબી)ના આંકડાને પાર થઈ ગયો છે જ્યારે વર્ષ ૨૦૨૪માં આ વપરાશ ૨૭.૫ જીબી હતો. એક રિપોર્ટમાં આ જાણકારી આપવામાં આવી છે. ટેલિકોમ ડિવાઈસ બનાવનારી કંપની નોકિયાના વાર્ષિક મોબાઇલ બ્રોડબેન્ડ ઇન્ડેક્સ (એમબીઆઈટી) ની ૧૩મી આવૃત્તિમાં જણાવાયું છે કે ૨૦૨૫માં સમગ્ર ભારતમાં ૫જી નેટવર્ક પર કુલ માસિક ડેટા વપરાશ ૧૨.૫ એક્ઝાબાઇટ્સ (ઈબી) સુધી પહોંચવાનો અંદાજ છે, જે એક વર્ષ પહેલા કરતા ૭૦ ટકાનો વધારો છે. આ સાથે દેશના કુલ મોબાઇલ બ્રોડબેન્ડ ટ્રાફિકમાં ૫જીનો હિસ્સો હવે આશરે ૪૭ ટકા છે.

રિપોર્ટ અનુસાર, પ્રતિ યુઝર્સ સરેરાશ માસિક મોબાઇલ ડેટા વપરાશમાં આ વધારો છેલ્લા પાંચ વર્ષમાં ૧૮ ટકાના વાર્ષિક સરેરાશ વૃદ્ધિ દરને દર્શાવે છે. આ વૃદ્ધિ એડવાન્સ્ડ મોબાઇલ બ્રોડબેન્ડના ઝડપી વિસ્તરણ અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) આધારિત એપ્લિકેશન્સ, ઉચ્ચ-ગુણવત્તાવાળા ફોર-કે વીડિયો જોવા અને ક્લાઉડ ગેમિંગ જેવી વધુ ડેટાનો વપરાશ કરતી સેવાઓની વધતી માંગનું પરિણામ છે.

ભારતમાં કુલ ડેટા વપરાશ ૨૦૨૫ સુધીમાં દર મહિને ૨૭ એક્ઝાબાઇટ્સને વટાવી જવાનો અંદાજ છે. એક એક્ઝાબાઇટ્સ એક અબજ જીબીથી થોડો વધારે હોય છે. અહેવાલ મુજબ, ભારત હવે વિશ્વમાં બીજા ક્રમે સૌથી મોટો ૫જી સબ્સ્ક્રાઇબર બેઝ ધરાવે છે. વધુમાં ૫જી ડેટા વપરાશ અને ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ યુઝર્સની સંખ્યાના સંદર્ભમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે.

ફિક્સ્ડ વાયરલેસ એક્સેસ (એફડબલ્યૂએ) ટેકનોલોજી ઘરો અને ઓફિસોમાં કેબલ વિના હાઇ-સ્પીડ ઇન્ટરનેટ પ્રદાન કરે છે. અહેવાલ મુજબ, કુલ ૫જી ડેટામાં એફડબલ્યૂએનો હિસ્સો ૨૫ ટકાને પાર થઈ ગયો છે અને તેના યુઝર્સની સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં બમણી થઈ ગઈ છે. નોકિયા ઇન્ડિયાના ડેઝિગ્નેટેડ કન્ટ્રી મેનેજર વિભા મેહરાએ જણાવ્યું હતું કે, "જેમ જેમ નેટવર્ક નવા ઉપયોગ પેટર્ન અને સ્માર્ટ સેવાઓને સમાયોજિત કરવા માટે વિકસિત થઈ રહ્યા છે, તેમ તેમ નોકિયા ભવિષ્યલક્ષી અને ઉચ્ચ-પ્રદર્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે ટેલિકોમ કંપનીઓ સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ છે જેને સરળતાથી સ્કેલ કરી શકાય છે." રિપોર્ટ મુજબ, ૫જીનો ઉપયોગ મહાનગરોમાં સૌથી વધુ છે, જ્યાં ફાઇવજી કુલ મોબાઇલ ડેટા વપરાશના ૫૮ ટકા હિસ્સો ધરાવે છે. ■

# દેશની એર ડિફેન્સ સિસ્ટમ થશે વધુ મજબૂત

## ૧૯૫૦ કરોડના ખર્ચે માઉન્ટેન રડાર ખરીદાશે

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે મંગળવારે જાહેરાત કરી હતી કે ભારતીય વાયુસેના માટે આશરે ૧,૯૫૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્વદેશી માઉન્ટેન રડાર તૈયાર કરવામાં આવશે. આ અત્યાધુનિક રડાર દુર્ગમ ભૂપ્રદેશમાં પણ ચોકસાઈથી કાર્ય કરવા સક્ષમ છે. તેઓ ખાસ કરીને પર્વતીય અને મુશ્કેલ સરહદી વિસ્તારોમાં દુશ્મનની હવાઈ પ્રવૃત્તિઓ પર નજર રાખવા માટે યોગ્ય છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ રડારો દેશની એર ડિફેન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવશે અને દુશ્મનની કોઈ પણ ગતિવિધિઓને સમયસર શોધી કાઢવામાં મદદ કરશે. નોંધનીય છે કે ભારતની સરહદો, ખાસ કરીને ઉત્તર અને પૂર્વમાં પર્વતીય ભૂપ્રદેશથી ઘેરાયેલી છે, જ્યારે પશ્ચિમમાં રણ છે. તેથી આ આધુનિક રડાર વિવિધ ભૂપ્રદેશોમાં ભારતીય વાયુસેના માટે અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. સંરક્ષણ મંત્રાલયની આ પહેલ આત્મનિર્ભર ભારત અભિયાનનો એક ભાગ છે, જે સંરક્ષણ ક્ષેત્રમાં વધુ એક મોટું પગલું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ રડારોની સ્થાપના અને કમિશનિંગથી દેશની રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત થશે. આ ખરીદી વિદેશી સાધનો પરની નિર્ભરતા પણ ઘટાડશે. સંરક્ષણ મંત્રાલયે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ સાથે બે માઉન્ટેન રડારોની ખરીદી માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં ભારતીય વાયુસેના માટે સંકળાયેલ સાધનો અને જરૂરી માળખાકીય સુવિધાઓનો સમાવેશ થાય છે, જેની કિંમત લગભગ ૧,૯૫૦ કરોડ રૂપિયા છે. ■

# એલપીજી સિલિન્ડર બુક કરાવતા જ ચાર વર્ષથી ફરાર પત્નીનો હત્યારો પકડાયો

ફાઝિલ્કાઃ એલપીજી સિલિન્ડર બુકિંગથી પોલીસને પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા તેની પત્નીની હત્યાના કેસમાં દોષિત ઠેરવ્યા બાદ ચાર વર્ષથી ફરાર ભારતીય સેનાના ભૂતપૂર્વ કેપ્ટનને પકડવામાં મદદ મળી.

સંદીપ તોમરની મધ્ય પ્રદેશના પાંધુર્ણા જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી અને તેને અહીંની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જેણે તેને શનિવારે ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો હતો, તેવું મંગળવારે અહીં એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

તોમર ૨૦૧૩માં અબોહરમાં પોસ્ટેડ હતો જ્યારે તેણે તેની પત્ની શ્વેતા સિંહની હત્યા કરી હતી.

તેણે શરૂઆતમાં આ ઘટનાને આત્મહત્યા તરીકે વર્ણવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ પછીથી વિગતવાર તપાસમાં તે આયોજિત હત્યા હોવાનું બહાર આવ્યું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. ૨૦૧૪માં ટ્રાયલ કોર્ટે તેને દોષિત ઠેરવ્યો હતો અને આજીવન કેદની સજા ફટકારી હતી, જે ચુકાદો પાછળથી ૨૦૨૨માં પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે માન્ય રાખ્યો હતો.

૨૦૧૯માં તોમરને જામીન આપવામાં આવ્યા હતા, પરંતુ ૨૦૨૨માં હાઈકોર્ટે તેની સજા યથાવત રાખ્યા બાદ તેણે આત્મસમર્પણ કર્યું ન હતું. પોલીસે જણાવ્યું હતું કે ત્યારથી, તે ધરપકડથી બચવા માટે સતત પોતાનું સ્થાન અને ઓળખ બદલી રહ્યો હતો.

તોમરના સસરા રામ નરેશ, ૨૦૨૪માં હાઈકોર્ટમાં અરજી કરી હતી અને તેની ધરપકડ કરવાની માંગ કરી હતી. ત્યારબાદ હાઈકોર્ટે આદેશ આપ્યો હતો કે પંજાબના પોલીસ મહાનિર્દેશક ૮ એપ્રિલ સુધીમાં સોગંદનામું દાખલ કરે, જેમાં તોમરને કસ્ટડીમાં લેવા માટે લેવામાં આવેલા પગલાં સમજાવવામાં આવે.

ત્યારબાદ ફાઝિલ્કાના સિનિયર સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસએ તોમરની ધરપકડ કરવા માટે એસપી-રેન્કના અધિકારીની આગેવાની હેઠળ એક ખાસ તપાસ ટીમ (સિટ) ની રચના કરી હતી. ફાઝિલ્કાના પોલીસે તોમરના પાન કાર્ડ સાથે જોડાયેલા બેંક ખાતાને શોધી કાઢ્યું હતું, જેનો ઉપયોગ તેણે એલપીજી સિલિન્ડર બુક કરવા માટે કર્યો હતો. આ માહિતીના આધારે, પોલીસે તેનું મધ્ય પ્રદેશમાં ઠેકાણું શોધી કાઢ્યું, જ્યાં તેને આખરે પકડી લેવામાં આવ્યો, એમ પોલીસે જણાવ્યું હતું. ■

# મુખ્ય પ્રધાન આદિત્યનાથની માતા પર અભદ્ર ટિપ્પણી કરનારા બિહારના મૌલાનાની ધરપકડ

બહરાઇચ (યુપી) : ઉત્તર પ્રદેશ સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (યુપી એસટીએફ) એ સોમવારે મોડી સાંજે બિહારના પૂર્ણિયા જિલ્લામાંથી મૌલાના અબ્દુલ્લા સલીમની ધરપકડ કરી હતી. મૂળ અરરિયાના રહેવાસી મૌલવીએ એક ધાર્મિક કાર્યક્રમમાં ગૌહત્યા કાયદા પર ચર્ચા દરમિયાન મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની માતા અને ગાય વિશે અપમાનજનક ટિપ્પણી કરી હતી. આ નિવેદનનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા પછી બલરામપુર અને બહરાઇચ સહિત અનેક જિલ્લાઓમાં કેસ નોંધાયા હતા. યુપી પોલીસની અનેક ટીમો ઍલર્ટ પર હતી અને સાદા વસ્ત્રોમાં એસટીએફે સ્થાનિક પોલીસની મદદથી પહોંચી અને મૌલવીને કસ્ટડીમાં લીધો હતો. અહીંની એક કોર્ટે આરોપી મૌલવીને જેલમાં મોકલ્યો હતો. પોલીસે કહ્યું હતું કે બિહારના અરરિયા જિલ્લાના રહેવાસી મૌલાના અબ્દુલ્લા સલીમ કાસમીની સોમવારે સાંજે પૂર્ણિયાથી યુપી સ્પેશ્યલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) ગોરખપુર યુનિટે ધરપકડ કરી હતી અને મે ૨૦૨૪ના એક કાર્યક્રમના વિવાદાસ્પદ ભાષણ મામલે બહરાઇચ લાવવામાં આવ્યો હતો જે આ મહિનાની શરૂઆતમાં સોશ્યલ મીડિયા પર સામે આવ્યું હતું, જેના કારણે વિરોધ પ્રદર્શનો થયા હતા. ■

# ... તો શૅરબજાર નવા વર્ષનું સ્વાગત સુધારા સાથે કરશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ગિફ્ટ નિફ્ટી તરફથી મળેલા સકારાત્મક સંકેતો અને ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડાને કારણે ભારતીય શેરબજારો સંભવિત રિકવરી માટે તૈયાર છે. ટ્રમ્પે ફરી એકવાર યુદ્ધ સમાપ્તીનો સંકેત આપ્યો હોવાથી યુએસ-ઈરાન તણાવમાં ઘટાડો થવાની સંભાવના છે, જ્યારે બીજી તરફ યુએસ બોન્ડ યીલ્ડમાં ઘટાડો થયો હોવાથી આ સંભાવનાને વધુ ટેકો મળી રહ્યો છે.

જો ટ્રમ્પે એપ્રિલ ફૂલ બનાવવાનો ઇરાદો ના રાખ્યો હોય તો બુધવારે બજાર સુધારા સાથે શરૂઆત કરશે. જોકે, આ આશાવાદ છતાં, વિદેશી રોકાણકારોનો આઉટફ્લો અને રૂપિયાની નબળાઇ જોતાં બજારમાં સાવચેતીનો માહોલ રહેવાની શક્યતા છે.

મંગળવારે મહાવીર જયંતિને કારણે ભારતીય શેરબજારો મંગળવારે બંધ રહ્યા હતા. જોકે, પહેલી એપ્રિલે બજારો ખુલે ત્યારે થોડી રાહત જોવા મળે તેવી અપેક્ષા છે. એક અહેવાલમાં અનુસાર ટ્રમ્પે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલાવવાની જીદ પડતી મૂકીને યુદ્ધ સમાપ્ત કરવાની તૈયારી જાહેર કરી છે. આ અહેવાલને પગલે ખૂલતા સત્રમાં ૨૪૦ પોઇન્ટ ઊછળીને ગિફ્ટ નિફ્ટી મંગળવારે સવારે ૧૧:૧૦ વાગ્યે ૮૭ પોઈન્ટના સુધારા સાથે ૨૨,૫૨૨ પર ટ્રેડ થઈ રહ્યો હતો.

શેરબજારને સુધારાની ચાલ માટે પ્રેરિત કરનાર બીજુ મુખ્ય કારણ ક્રૂડ ઓઇલનો ઘટાડો છે. બ્રેન્ટ ક્રૂડ ઘટીને ૧૧૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. મંગળવારે ઓઇલ ફ્યુચર્સ એક ટકાથી વધુ ઘટ્યો, જે ભારતીય શેરબજારો માટે આજે ગેપ-અપ ઓપનિંગની અપેક્ષાઓને વધુ ટેકો આપે છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ ૧૯ માર્ચ પછીના ઉચ્ચતમ સ્તરે પહોંચ્યાના એક દિવસ પછી, પ્રતિ બેરલ ૧૧૧ ડોલર સુધી પાછો ફર્યો હતો. દરમિયાન ડબલ્યુટીઆઇ ક્રૂડ ઘટીને ૧૦૨ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

આ દરમિયાન વધુ એક મહત્ત્વના કારણમાં બોન્ડ યીલ્ડમાં ઘટાડો થયો હતો. બેન્ચમાર્ક યુએસ ૧૦-વર્ષનું યીલ્ડ ત્રણ દિવસમાં પ્રથમ વખત ઘટી ગયું, જે ૯.૬ બેસિસ પોઈન્ટ ઘટીને ૪.૩૪૪ ટકા બોલાયું હતું. આ આંકડો ઓગસ્ટની શરૂઆત પછીના તેના સૌથી મોટા દૈનિક ઘટાડા માટે સંકેત આપે છે. જોકે, મહિના માટે, ૧૦-વર્ષનું યીલ્ડ ૩૮ બેસિસ પોઇન્ટ વધ્યું છે, જે ડિસેમ્બર ૨૦૨૪ પછીનો તેમનો સૌથી મોટો માસિક વધારો છે. યુએસ બે-વર્ષનું યીલ્ડ, જે વ્યાજ દરની અપેક્ષાઓને પ્રતિ

બિંબિત કરે છે, તે ૮.૮ બેસિસ પોઇન્ટ ઘટીને ૩.૮૨૮ ટકા બોલાયું હતું.

જેમ જેમ બોન્ડ યીલ્ડ વધે છે, તેમ તેમ તે સરકારી બોન્ડને શેરો કરતાં વધુ આકર્ષક બનાવે છે, જે ઇક્વિટી બજારો માટે ઘટાડાની સંભાવના બનાવે છે. મંગળવારે સવારે ૭.૨૦ વાગ્યે ગિફ્ટ નિફ્ટી ૨૪૦ પોઈન્ટથી વધુ વધીને ૨૨,૬૭૨ પર ટ્રેડ થઈ રહ્યો હતો. ભારતીય શેરબજારો મહાવીર જયંતીના કારણે બંધ રહ્યા હતાં. જોકે, વૈશ્વિક બજારોમાં ગિફ્ટ નિફ્ટીએ દિવસ દરમિયાન ૨૪૦ પોઈન્ટથી વધુ વધારા બાદ નોંધપાત્ર નુકસાન ઘટાડ્યું છે.

ખૂલતા સત્રમાં એશિયન બજારોમાં પણ તેજી જોવા મળી હતી, જેમાં દક્ષિણ કોરિયાનો કોસ્પી ત્રણ ટકાથી વધુ ઘટ્યો હતો અને ચીનનો તાઇવાન વેઇટેડ બે ટકાથી વધુ ઘટ્યો હતો. દરમિયાન, જાપાનનો નિક્કી મંગળવારે લગભગ એક ટકા ઘટ્યો હતો. યુરોપિયન બજારો સોમવારે ડાર્ક ગ્રીન ઝોનમાં બંધ થયા હતા, જેમાં યુકેનો ફૂટસી લગભગ ૧.૬ ટકા વધ્યો હતો. જર્મનીનો ડેક્સ અને ફ્રાન્સનો સીએસી લગભગ એક ટકા વધ્યો હતો. જોકે, સોમવારે વોલ સ્ટ્રીટ મોટાભાગે રેડ ઝોનમાં બંધ થયા હતા. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૧૧ ટકા વધ્યો, એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સ ૦.૩૯ ટકા ઘટીને ૬,૩૪૪ પર અને નેસ્ડેક કમ્પોઝિટ ૦.૭૩ ટકા ઘટીને ૨૦,૭૯૫ પર બંધ રહ્યો હતો.

સ્થાનિક ધોરણે નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંતિમ સત્રમાં સેન્સેક્સ વધુ ૧,૬૩૬ પોઇન્ટ ગબડ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૨,૩૫૦ની નીચે સરકી ગયો હતો. પાછલા સત્રમાં ટેક મહિન્દ્ર ૧.૬૫ ટકા અને પાવર ગ્રીડ ૦.૨૭ ટકા વધ્યા હતા.

જ્યારે બજાજ ફાઈનાન્સ ૫.૦૯ ટકા, સ્ટેટ બેંક ૩૫ ટકા, ઈન્ડિગો ૩.૮૦ ટકા, બજાજ ફિનસર્વ ૩.૭૧ ટકા, એક્સિસ બેન્ક ૩.૫૯ ટકા, કોટક મહિન્દ્ર ૩.૪૮ ટકા, એચડીએફસી બેંક ૩.૨૩ ટકા, ટ્રેન્ટ ૩.૧૦ ટકા, ભારતી એરટેલ ૨.૯૪ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૨.૭૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૭૮ ટકા, આઈટીસી ૨.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેંક ૨.૩૫ ટકા ઘટ્યા હતા.

કોલ ઇન્ડિયાની કંપની સીએમપીડીએલના શેર તેના રૂ. ૧૭૨ના ઇશ્યૂ ભાવ સામે સોમવારે લગભગ સાત ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયાં હતાં. કસ્ટમ ઓથોરિટીએ વોલ્ટાસને રૂ. ૨૩.૫૨ કરોડની ડિમાન્ડ નોટીસ ફટકારી છે. કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ રિટેલર સથ્યા લિમિટેડ, નેક્સ્ટ જેન સોલ્યુશન પ્રોવાઇડર ઇન્ટેલિઅસ રિકોડ, ઓનલાઇન રેન્ટલ પ્લોટફોર્મ રેન્ટોમોજો લિમિટેડે, રેલવે કોમ્પોનન્ટ બનાવતી પાયોનીઅર ફિલ મેડે સેબી પાસે ડીઆરએચપી જમા કરાવ્યા છે.

સરકારી માલિકીની કંપની ભેલને તેલંગના થર્મલ પાવર પ્રોજેક્ટ માટે રૂ. ૧૩,૫૦૦ કરોડનો ઓર્ડર મળ્યો છે. કોલગેટ ટોટલે મુંબઈ ઇન્ડિયન્સ સાથે તેમના ડેન્ટલ પર્ફોર્મન્સ પાર્ટનર તરીકે ભાગીદારી કરી છે, જેમાં કોલગેટે તેની નવી પહેલ પર્ફોર્મન્સ લિંક્ડ ઓરલ ટેસ્ટ, પીએલઓટીનું અનાવરણ કર્યું છે, જે ખેલાડીઓ માટે પીક ડેન્ટલ હેલ્થનું સક્રિયપણે મૂલ્યાંકન અને જાળવણી કરવા માટે તૈયાર કરવામાં આવેલું એક વ્યાપક ઓરલ સ્વાસ્થ્ય સ્ક્રીનીંગ ફ્રેમવર્ક છે. ફિનટેક કંપની બચતે ફંડીગ રાઉન્ડમાં ૧૨ અબજ ડોલર એટલે કે રૂ. ૧૧૨ કરોડ એકત્ર કર્યા છે.

દરમિયાન, ઇરાન અને ઇઝરાયલ, અમેરિકા વચ્ચે ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ ફાટી નીકળ્યા બાદ એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીમાં રૂ. ૧.૧૪ લાખ કરોડ (૧૨.૩૦ અબજ ડોલર)ની વેચવાલી કરી છે જે કોઈ એક મહિનાની વિક્રમી વેચવાલી છે. માર્ચમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો દ્વારા ઈક્વિટી કેશમાં રૂપિયા ૧,૨૮,૦૬૫.૬૫ કરોડની નેટ લેવાલી રહી છે જ્યારે વિદેશી રોકાણકારોની ઈક્વિટી કેશમાં રૂપિયાની દ્રષ્ટિએ ૧,૧૧,૩૭૭.૩૫ કરોડની નેટ વેચવાલી રહી છે.

# વૈશ્વિક સોનાચાંદીમાં આગળ ધપતો ધીમો સુધારો, છતાં માસિક ધોરણે બે દાયકાનો સૌથી વધુ ૧૩ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન ખાતે આજે સતત બીજા સત્રમાં સોના અને ચાંદીના ભાવમાં ધીમી ગતિએ સુધારો આગળ ધપ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં પશ્ચિમ એશિયામાં વધેલા તણાવને કારણે ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ અને ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ સહિતની મુખ્ય કેન્દ્રવર્તી બૅન્કો વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા ઓસરી જતાં સોનામાં ઊંચા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાથી માર્ચ મહિનામાં સોનાના ભાવમાં અત્યાર સુધીમાં માસિક ધોરણે બે દાયકાનો સૌથી મોટો ૧૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, આજે મહાવીર જયંતી નિમિત્તે ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન સત્તાવાર ધોરણે બંધ રહ્યું હોવાથી સ્થાનિક બજારનાં કોઈ ભાવની જાહેરાત ન થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૫૫૯.૪૬ ડૉલર આસપાસ અને એપ્રિલ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૭ ટકા વધીને ૪૫૮૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ૪.૨ ટકા ઉછળીને ઔંસદીઠ ૭૨.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

વર્તમાન માર્ચ મહિનામાં અત્યાર સુધી સોનાના ભાવમાં માસિક ધોરણે ઑક્ટોબર, ૨૦૦૮ પછીનો સૌથી મોટો ૧૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. જોકે, ગત જાન્યુઆરી મહિનામાં ભાવ વધીને ૫૫૯૪.૮૨ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હોવાથી ત્રિમાસિક ધોરણે ભાવમાં પાંચ ટકાનો સુધારો જોવા મળ્યો છે.

અગાઉ સોનાના ભાવમાં બોલાયેલા કડાકાની સરખામણીમાં તાજેતરમાં જોવા મળેલો સુધારો અત્યંત નગણ્ય કહી શકાય, એમ એક સ્વતંત્ર વિશ્લેષકે જણાવતા ઉમેર્યું હતું કે પશ્ચિમ એશિયાના તણાવમાંથી માત્ર અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ જ ઇચ્છે તો ઉગારી શકે તેમ છે અને જો તેમ થાય તો ક્રૂડતેલના ભાવ નીચા આવે, પરંતુ હજુ એવા કોઈ અણસાર નથી.

નોંધનીય બાબત એ છે ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ માર્ગ ખોલવામાં નહીં આવે તો ઈરાનના એનર્જી એકમો પર હુમલા કરવામાં આવશે તેવી ચેતવણી આપ્યા બાદ ઈરાને આજે વહેલી સવારે દુબઈ નજીક એક ઓઈલ ટેન્કરને ઉડાવી દેતા આગ લાગી હતી.

વધુમાં પશ્ચિમ એશિયામાં યુદ્ધ અને ક્રૂડતેલના ભાવમાં તેજીનું વલણ અને વૈશ્વિક બજારો મંદીની ગર્તામાં સરી જવાની ભીતિને ધ્યાનમાં લેતા ડૉલર ઈન્ડેક્સમાં પણ માસિક ધોરણે ગત જુલાઈ પછીનો સૌથી મોટો ઉછાળો આવ્યો હતો. સામાન્યપણે ફુગાવો વધે તેવા સંજોગોમાં સોનામાં રોકાણકારોની હેજરૂપી લેવાલી રહેતી હોય છે, પરંતુ ફુગાવો વધવાને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ નહીં મૂકે અને તંગ નાણાનીતિ લાંબા સમયગાળા સુધી જાળવી રાખે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારથી અથવા તો ગત ૨૮મી ફેબ્રુઆરીથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૪ ટકા જેટલો ઘટાડો આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે યુદ્ધ પૂર્વે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં બે વખત કાપ મૂકે તેવો આશાવાદ મૂકી રહ્યા હતા, જ્યારે હવે બજાર વર્તુળોએ વ્યાજદરમાં કાપ મૂકાય તેવી આશા પડતી મૂકી દીધી છે.

જોકે, લાંબાગાળે સોનામાં સુધારાતરફી વલણ જળવાઈ રહેવાની શક્યતાને ધ્યાનમાં લેતા ગોલ્ડમેન સાશે વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં સોનાના ભાવ ૫૪૦૦ ડૉલર આસપાસ રહેવાની તેમ જ વર્ષ ૨૦૨૬માં બે વખત વ્યાજદરમાં કાપ મૂકવાની શક્યતા એક નોટ્સમાં વ્યક્ત કરી છે.

# આયાતી તેલની ટૅરિફ વૅલ્યુમાં વધારો, ઈન્ડોનેશિયાએ રેફરન્સ રેટ વધાર્યા

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૦૬ સેન્ટનો સુધારો આવ્યો હતો, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૫૭ રિંગિટ વધી આવ્યા હતા.

જાકે, આજે મહાવીર જયંતીની જાહેર રજા હોવાથી બૅન્કો બંધ રહી હતી. તેમ જ બજારમાં વેપારી આલમની હાજરી પણ પાંખી હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે સરકારે આવતીકાલ તા. પહેલી એપ્રિલથી અમલી બને તેમ આયાતી તેલની ટૅરિફમાં વધારો કર્યો હતો, જેમાં ટનદીઠ ક્રૂડ પામતેલની ટૅરિફ વૅલ્યુ જે ૧૧૧૨ ડૉલર હતી તે વધારીને ૧૧૪૧ ડૉલર, આરબીડી પામ ઓઈલની ટૅરિફ જે ૧૧૩૨ ડૉલર હતી તે વધારીને ૧૧૬૨ ડૉલર, આરબીડી પામોલિનની ટૅરિફ જે ૧૧૪૧ ડૉલર હતી તે વધારીને ૧૧૭૦ ડૉલર અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટૅરિફ જે ૧૧૮૩ ડૉલર નિર્ધારિત કરી છે. આમ ટૅરિફ વૅલ્યુમાં વધારો થવાથી આવતીકાલથી અસરકારક જકાતમાં વધારો થશે.

વધુમાં આવતીકાલથી અમલી બને તેમ ઈન્ડોનેશિયાએ પણ ક્રૂડ પામતેલ પરનાં રેફરન્સ રેટ જે ટનદીઠ ૯૩૮.૮૭ ડૉલર હતા તે વધારીને ૯૮૯.૬૩ ડૉલર નિર્ધારિત કરતાં નિકાસ વેરામાં ટનદીઠ ૧૩૮ ડૉલરનો વધારો થશે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

# હાજર ખાંડમાં પાંખાં કામકાજે ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની પ્રબળ માગ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦થી ૨૦ના સુધારા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના પ્રોત્સાહક અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મહાવીર જયંતીની રજાને કારણે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ પણ મર્યાદિત રહેતાં હાજરમાં તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પાંખી રહેતાં ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન કેન્દ્ર સરકાર ક્રૂડતેલ પરની આયાત નિર્ભરતા ઘટાડવા માટે પેટ્રોલમાં ઈથેનોલ બાયોફ્યુઅલની ભેળવણી માટે ઈ-૨૫ ધોરણો અમલી કરવા માટે ચર્ચા કરી રહી હોવાના અહેવાલો બજારમાં વહેતા થયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૫થી ૨૬ ટ્રકનો રહ્યો હતો. તેમ જ ખપપૂરતી માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૪૬થી ૩૯૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૩૬માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૩૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૩૦માં ટકેલા ધોરણે થયા હતા.

## સ્પોર્ટ્સ

# કૉનોલીએ ભારત પછી હવે ગુજરાત ટાઇટન્સને સંઘર્ષ કરાવ્યો

મુલ્લાંપુર (ન્યૂ ચંડીગઢ): પંજાબ કિંગ્સને અહીં ગુજરાત ટાઇટન્સ સામેના (બન્નેના) પ્રથમ મુકાબલામાં ૧૬૩ રનનો સાધારણ લક્ષ્યાંક મળ્યો ત્યાર બાદ પંજાબે શરૂઆતમાં જ વિકેટ ગુમાવી હતી, પરંતુ ત્યાર બાદ વનડાઉનમાં રમેલા કૂપર કૉનોલી નામના ઑસ્ટ્રેલિયન ઑલરાઉન્ડરે ગુજરાતના ખેલાડીઓને ખૂબ સંઘર્ષ કરાવ્યો હતો. આ અહેવાલ લખાઈ રહ્યો હતો ત્યારે પંજાબની હાલત ખરાબ હતી. ૧૫ ઓવરમાં ૧૨૫ રનમાં છ વિકેટ પડી ચૂકી હતી, પરંતુ કૉનોલી હાફ સેન્ચુરી (૫૩ નૉટઆઉટ, ૩૪ બૉલ, ચાર સિક્સર, ત્રણ ફોર) ક્રીઝ પર ટકી ગયો હતો. કૂપર કૉનોલી ઑક્ટોબર, ૨૦૨૫માં ઍડિલેઇડમાં ભારત સામેની વન-ડેમાં સારું રમ્યો હતો અને ઑસ્ટ્રેલિયાને સિરીઝ ૨-૧થી જિતાડવામાં તેનું મહત્ત્વનું યોગદાન હતું.

બે કૅપ્ટન વચ્ચેની ચડિયાતી બૅટિંગની હરીફાઈમાં ગિલ અને શ્રેયસ લગભગ એકસરખા રહ્યા. ગિલે ૩૯ રન અને શ્રેયસે માત્ર ૧૮ રન કર્યા હતા. પ્રભસિમરને ચાર સિક્સર અને એક ફોરની મદદથી ૩૭ રનનું યોગદાન આપ્યું હતું.

### ગિલ, બટલર સહિત કોઈના ફિફ્ટી નહીં

એ પહેલાં, ગુજરાતે પંજાબ સામે પ્રથમ બૅટિંગ મળ્યા પછી ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૬૨ રન કર્યા હતા. જૉશ બટલર ૩૮ રન, ગ્લેન ફિલિપ્સ પચીસ રન અને ઓપનર સાઇ સુદર્શન ૧૩ રન કરી શક્યો હતો. વિજયકુમાર વૈશાકે સૌથી વધુ ત્રણ વિકેટ અને ચહેલે બે તેમ જ માર્કો યેનસેને એક વિકેટ લીધી હતી.

### અર્શદીપની છેલ્લી ઓવરમાં ચાર વાઇડ

અર્શદીપ (૪-૦-૪૨-૦) પંજાબનો સૌથી ખર્ચાળ બોલર હતો. ૨૦મી ઓવરમાં તેણે ચાર વાઇડ બૉલ ફેંક્યા હતા અને આખી ઓવર કુલ ૧૧ બૉલ સુધી ચાલી હતી.

# જાડેજાનો સીએસકે-પ્રેમ છૂટતો જ નથી, ખલીલ અહમદ પાસે જઈને તેણે યલો જર્સી પરનો લૉગો ચૂમી લીધો




ગુવાહાટીઃ ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા આઇપીએલમાં હવે પોતાની ફેવરિટ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની ટીમમાં નહીં, પણ પોતાની સૌપ્રથમ રાજસ્થાન રૉયલ્સ (આરઆર) ટીમમાં છે અને સોમવારે અહીં રાજસ્થાને સીએસકે સામેની મૅચમાં વિજય મેળવ્યો ત્યાર બાદ જાડેજાએ આરઆરના સાથીઓ જોડે જીત સેલિબ્રેટ કરી હતી, પણ સીએસકે પ્રત્યેનો તેનો પ્રેમ લેશમાત્ર ઓછો નથી થયો એની તેણે ઝલક આપી હતી.

જાડેજા એક દાયકાથી પણ વધુ સમય સુધી સીએસકે વતી રમ્યો હતો અને એ ટીમને ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ની સીઝનના ટાઇટલ અપાવવામાં તેણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સોમવારે આરઆરની ટીમે સીએસકે પર સંપૂર્ણ પ્રભુત્વ જમાવ્યું હતું અને આઠ વિકેટે વિજય મેળવ્યો હતો. જાડેજા એ મૅચ બાદ સીએસકેના પેસ બોલર ખલીલ અહમદ પાસે ગયો હતો અને તેના યલો જર્સી પરના સીએસકેના લૉગોને જાડેજાએ ચૂમી લીધો હતો. જાડેજાની આ લાગણીસભર પ્રતિક્રિયાનો વીડિયો અને ફોટો તરત જ સોશ્યલ મીડિયામાં વાઇરલ થઈ ગયા હતા.

જાડેજાએ આઇપીએલમાં કરીઅરની શરૂઆત રાજસ્થાનની ટીમથી જ કરી હતી અને એ ટીમ ત્યારે સૌપ્રથમ ટાઇટલ જીતી હતી. જાડેજા ફરી એ જ ટીમમાં આવી ગયો છે.

આ સીઝન પહેલાં સીએસકે સાથેના ટ્રેડ-ડીલમાં આરઆરને જાડેજા તેમ જ સૅમ કરૅન મળ્યા હતા અને સીએસકેને સંજુ સૅમસન મળ્યો હતો.

જાડેજાએ પોતાની ભૂતપૂર્વ ટીમ સીએસકે વિશેની પ્રતિક્રિયામાં કહ્યું હતું કે 'હું સીએસકે વતી ૧૨થી ૧૩ વર્ષ રમ્યો હતો એટલે સ્વાભાવિક છે કે એ ટીમને ભૂલવી આસાન નથી. હું ખૂબ લાગણીશીલ થઈ ગયો હતો. મેં ખુદને કહ્યું કે આવા ફેરફારો ક્રિકેટની સફરનો એક હિસ્સો જ કહેવાય.'

# ૧૫ વર્ષનો થતાં જ ૧૫ બૉલમાં હાફ સેન્ચુરીઃ વૈભવ સૂર્યવંશી પર ચાવલા, રાયુડુ અને બાંગડ આફરીન



નવી દિલ્હીઃ સોમવારે ગુવાહાટીમાં ચેન્નઈ સામેની આઇપીએલ-મૅચમાં રાજસ્થાનના ૧૫ વર્ષની ઉંમરના આક્રમક ઓપનર વૈભવ સૂર્યવંશી (૧૭ બૉલમાં બાવન રન)એ હાફ સેન્ચુરી માત્ર ૧૫ બૉલમાં પાંચ છગ્ગા અને ચાર ચોગ્ગાની મદદથી પૂરી કરીને ગયા વર્ષની આઇપીએલની જેમ નાની ઉંમરે પીઢ બૅટ્સમૅન જેવી પોતાની કાબેલિયત બતાવી દીધી એ સાથે તેના પર પ્રશંસાની વર્ષા થઈ છે.

ટીનેજર વૈભવે ૨૭મી માર્ચે જીવનના ૧૫ વર્ષ પૂરા કર્યા હતા અને એ સાથે તે ભારતીય ટીમ માટે રમવાલાયક બન્યો છે. તેણે સોમવારે આક્રમક બાવન રન કર્યા હતા. રાજસ્થાનના જોફ્રા આર્ચર, નૅન્ડ્રે બર્ગર અને રવીન્દ્ર જાડેજાની બે-બે વિકેટ તેમ જ નવોદિત પેસ બોલર બ્રિજેશ શર્મા, સંદીપ શર્મા અને રવિ બિશ્નોઈની એક-એક વિકેટને કારણે ચેન્નઈની ટીમ માત્ર ૧૨૭ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી. વૈભવે ૩૦૫.૮૮ના સ્ટ્રાઇક-રેટથી બાવન રન કરીને તેમ જ અણનમ ૩૮ રન કરનાર યશસ્વી જયસ્વાલ સાથે ૭૫ રનની ભાગીદારી કરી હતી. રાજસ્થાને ૧૨.૧ ઓવરમાં બે વિકેટે ૧૨૮ રન કરીને આસાનીથી મૅચ જીતી લીધી હતી. વૈભવ સહિતના રાજસ્થાની બૅટ્સમેનોએ મૅટ હેન્રી, ખલીલ અહમદ, નૂર અહમદ, અંશુલ કમ્બોજ, જૅમી ઓવર્ટન અને મૅથ્યૂ શૉર્ટનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો. વૈભવ ૨૦૨૫ની આઇપીએલમાં ૩૫ બૉલમાં સેન્ચુરી પૂરી કરીને યંગેસ્ટ તથા ફાસ્ટેસ્ટ ભારતીય સેન્ચુરિયન બન્યો હતો.

### કોણે વૈભવ વિશે શું કહ્યું?

**પીયૂષ ચાવલાઃ** વૈભવ સૂર્યવંશી બહુ જલદી ઉપલા સ્તર પર રમતો જોવા મળવો જોઈએ. આઇપીએલની આ જ ખાસિયત છે. વૈભવ ૧૫ વર્ષની નાની ઉંમરે વિશ્વ સ્તરીય ખેલાડીઓનો શાનદાર રીતે સામનો કરી રહ્યો છે. તે અત્યારે જ કલાકે ૧૪૦.૦૦-પ્લસ કિલોમીટરની ઝડપવાળા બૉલનો સામનો કરી રહ્યો છે.

**અંબાતી રાયુડુઃ** નિશ્ચિતપણે કહી શકાય કે વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમમાં સ્થાન મેળવવા માટેની દોડમાં જોડાઈ ગયો છે. તે એવો પ્રતિભાશાળી ખેલાડી છે જે દેશના બીજા ઘણા યુવાન ખેલાડીઓ કરતાં એક સ્તર ઉપર છે. તે જે આઝાદીથી ફટકાબાજી કરી રહ્યો છે એના પરથી સાબિતી મળે છે કે આરઆરના મૅનેજમેન્ટે શાનદાર કામ કર્યું છે અને વૈભવ માટે સ્થિતિ જટિલ નથી બનવા દીધી. તેના શૉટ-મેકિંગ તેમ જ ૧૫ વર્ષની નાની ઉંમરે જે સહેલાઈથી બોલર્સ પર આક્રમણ કરે છે એ અકલ્પનીય છે. મને લાગે છે કે તેને થોડા જ સમયમાં ટીમ ઇન્ડિયાનું તેડું આવશે. તે દબાણની સ્થિતિમાં પણ મગજ શાંત રાખીને રમે છે. જોકે ભારતની વર્લ્ડ ચૅમ્પિયન ટી-૨૦ ટીમમાં જગ્યા બનાવવી આસાન કામ નથી.

**સંજય બાંગડઃ** વૈભવે આઇપીએલ-૨૦૨૬માં પહેલી જ મૅચમાં વર્લ્ડ ક્લાસ બોલર્સની ખબર લઈ નાખી એ જ બતાવે છે કે તેનામાં કેટલી બધી સ્પેશ્યલ ટૅલન્ટ છે અને તે નિર્ભય ખેલાડી છે. તેણે ચાર વર્લ્ડ ક્લાસ બોલર મૅટ હેન્રી, ખલીલ અહમદ, નૂર અહમદ અને અંશુલ કમ્બોજનો હિંમત અને સમજદારીથી સામનો કર્યો હતો.

# બંગાળમાં ભાજપનો માસ્ટરસ્ટ્રોક; ટેનિસના 'કિંગ' લિએન્ડર પેસે ધારણ કર્યો કેસરિયો!




કોલકાતાઃ હાલ પશ્ચિમ બંગાળ સહિત દેશનાં અનેક રાજ્યોમાં ચૂંટણીના રણશિંગાં ફૂંકાઈ ચૂક્યાં છે. વિધાનસભાની આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચાનું કેન્દ્ર જો કોઈ બાબત હોય તો તે છે પશ્ચિમ બંગાળ. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભાજપ વચ્ચે સીધી ટક્કર છે, ત્યારે આ ચૂંટણીના મેદાનમાં જીતનો નેજો ફરકાવવા માટે ભાજપે લોહીપાણી એક કરી દીધું છે. આ બધાની વચ્ચે એકસમયે ટીએમસીને સાથ આપનારા ટેનિસ જગતના દિગ્ગજ ખેલાડી લિએન્ડર પેસે ગઈ કાલે સત્તાવાર રીતે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) નો ખેસ પહેરી લેતા સર્વત્ર ચર્ચા જાગી છે.

કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ તેને 'ઐતિહાસિક દિવસ' ગણાવતા કહ્યું કે 'જે સમયે ભારતના નામે ઓલિમ્પિકમાં મેડલ નહોતા આવતા, એ સમયે પેસે દેશનું નામ રોશન કર્યું હતું અને હવે તે ભાજપના મંચ પરથી દેશની સેવા કરશે. રાજકારણમાં લિએન્ડર પેસ માટે આ સફર નવી નથી; વર્ષ ૨૦૨૧ માં તેઓ ટીએમસીમાં જોડાયા હતા અને ૨૦૨૨માં ગોવા વિધાનસભા ચૂંટણી દરમ્યાન મમતા બેનર્જીના પક્ષ માટે જોરશોરથી પ્રચાર પણ કર્યો હતો. જોકે, હવે ભાજપમાં જોડાઈને તેમણે જૂના જોડાણ સાથે છેડો ફાડી દીધો હોવાનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. ભાજપમાં જોડાયા બાદ પેસે પોતાની બંગાળી પૃષ્ઠભૂમિનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, "મારી માતા બંગાળી છે, આજે પણ બંગાળ અને તમિળનાડુમાં રમતગમત માટે વધુ સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે."

# લખનઊનો ફાસ્ટ બોલર મયંક યાદવ ફુલ્લી ફિટ, આજે દિલ્હી રણજી સ્ટાર આકિબને તક આપશે?

લખનઊઃ બુધવારે લખનઊમાં ભારતરત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઊ સુપર જાયન્ટ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચે મુકાબલો (સાંજે ૭.૩૦ વાગ્યાથી) છે જેમાં બન્ને ટીમના યુવાન ફાસ્ટ બોલર (ખાસ કરીને લખનઊના મયંક યાદવ અને દિલ્હીના આકિબ નબી) વચ્ચે ચડિયાતા પુરવાર થવા માટેની હરીફાઈ જોવા મળી શકે. ઈજાઓથી પરેશાન મયંક હવે ફુલ્લી ફિટ છે, જ્યારે તાજેતરમાં રણજી ટ્રોફીની સીઝનમાં કુલ ૬૦ વિકેટ લઈને જમ્મુ-કાશ્મીરને ઐતિહાસિક પ્રથમ ટાઇટલ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર આકિબ નબી આઇપીએલમાં ડેબ્યૂ કરવા માટે તૈયાર છે.

બન્ને ટીમ વચ્ચે કુલ સાત મૅચ રમાઈ છે જેમાંથી પહેલી ત્રણ મૅચમાં લખનઊનો અને છેલ્લી ચાર મૅચમાં દિલ્હીનો વિજય થયો હતો. છેલ્લા ચારમાંથી બે મૅચ લખનઊમાં રમાઈ હતી અને એ બન્નેમાં દિલ્હીએ જીત મેળવી હતી.

# મરયમ વિશેની મજાક બદલ નસીમ શાહને બે કરોડ રૂપિયાનો રેકૉર્ડ-બ્રેક દંડ

કરાચીઃ પાકિસ્તાનના પેસ બોલર નસીમ શાહે થોડા દિવસ પહેલાં ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફની પુત્રી અને વર્તમાન વડા પ્રધાન શેહબાઝ શરીફની ભત્રીજી મરયમ નવાઝ વિશે જે ટિપ્પણી કરી હતી એ તેને ખૂબ ભારે પડી છે, કારણકે પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડે નસીમ શાહને (બિનશરતી માફી માગવા છતાં) બે કરોડ પાકિસ્તાની રૂપિયા (ભારતીય ચલણ મુજબ ૬૮ લાખ રૂપિયા)નો રેકૉર્ડ-બ્રેક દંડ ફટકાર્યો છે. નસીમ શાહના સોશ્યલ મીડિયા અકાઉન્ટ પર મરયમ નવાઝ વિશે એવું કહેવામાં આવ્યું હતું કે 'આમની શા માટે લોર્ડ્સની મહારાણી જેવી સરભરા કરવી જોઈએ.'

'મેટ્રો વુમન'ના હાથમાં મુંબઈ મહાનગરપાલિકાનો કારભાર

# આઈએએસ ઓફિસર અશ્વિની ભિડે મુંબઈ મહાનગરપાલિકાના પહેલા મહિલા કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર પદે 'મેટ્રો વુમન' અશ્વિની ભિડેની નિમણુક કરવામાં આવી છે. મંગળવારે પાલિકાના કમિશનર પદેથી ભૂષણ ગગરાણી રિટાયર્ડ થતા તેમના સ્થાને વરિષ્ઠ આઈએએસ ઓફિસર અશ્વિની ભિડેએ કાર્યભાર સંભાળ્યો હતો.

ભારતની સૌથી જૂની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની એક ગણાતી મુંબઈ મહાનગરપાલિકાની સ્થાપના ૧૮૭૨માં થઈ હતી અને તેના ઈતિહાસમાં પહેલી વખત મહિલા આઈએએસ ઓફિસરને પાલિકાના કમિશનર પદે નિમણૂક કરવામાં આવી છે.

અશ્વિની ભિડેએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નજીકના અધિકારી માનવામાં આવે છે. ૩૧ માર્ચ, ૨૦૨૬ના ભૂષણ ગગરાણી કમિશનપદેથી રિટાયર્ડ થવાના હોવાથી તેમના સ્થાને પાલિકા કમિશનરપદે કોની નિમણૂક થાય છે તેના પર છેલ્લા અનેક દિવસોથી ચર્ચા ચાલી રહી હતી, જેમાં આઈએએસ અધિકારી, મિલિંદ મ્હૈસરકર, મહેસૂલ વિભાગના એડિશનલ સેક્રેટરી વિકાસ ખારગે, એમએમઆરડીએના કમિશનર સંજીવ મુખર્જી, સહિત અનેક વરિષ્ઠ અધિકારીઓના નામ ચર્ચામાં હતા. પરંતુ એ બધાને પાછળ મુકીને અશ્વિની ભિડેના નામ પર મુખ્ય પ્રધાને મોહર મારી હતી અને મંગળવારે સાંજે તેમણે કમિશનરપદનો ચાર્જ સંભાળ્યો હતો. મહારાષ્ટ્ર સરકારે મંગળવારે બહાર પાડેલી સૂચના મુજબ મુંબઈ મહાનગર પાલિકાના કમિશનર પદની સાથે જ તેઓ મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પણ કામ ચાલુ જ રાખશે.

### કોણ છે અશ્વિની ભિડે?

મૂળ સાંગલીના અશ્વિની ભિડે ૧૯૯૫ની બૅચના આઈએએસ ઓફિસર છે. તેમણે પોતાની પ્રશાસકીય કારકિર્દીની શરૂઆત કોલ્હાપુરથી શરૂ કરી હતી. અને મુખ્ય પ્રધાનની ઓફિસમાં તેઓ એડિશનલ ચીફ સેક્રેટરી હતા અને તેમણે ઘણા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ સંભાળ્યા છે. મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશનના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે મેટ્રો-૩ના કામમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. તેમ જ મુંબઈ મહાનગરપાલિકામાં ૯ મે, ૨૦૨૦થી ૧૯ માર્ચ ૨૦૨૪ના સમયગાળા દરમ્યાન એડિશનલ કમિશનર પદે પણ તેમણે ઉલ્લેખનીય કામગીરી બજાવી હતી. એડિશનલ કમિશનર પદે હતા એ દરમ્યાન જ તેમણે મુંબઈ કોસ્ટલ રોડનું કામ ઝડપી ગતિએ કામ આગળ વધાર્યું હતું.

મુંબઈમાં મેટ્રોના જાળા ઊભા કરવામાં અશ્વિની ભિડેનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. તેથી તેમને મેટ્રો વુમેન તરીકે સંબોધવામાં આવે છે. મુંબઈના શહેરી વિકાસ સાથે તેમનો સંબંધ ૨૦૦૮ની સાલથી શરૂ થયો હતા, જ્યારે તેમને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)માં જોઈન્ટ કમિશનર પદે નિમવામાં આવ્યા હતા. તેમના કાર્યકાળ દરમ્યાન તેઓ ઈસ્ટર્ન ફ્રીવે, મિલન સબવે, સહાર એલિવેટેડ એક્સેસ, શહેરના સ્કાયવૉક નેટવર્ક અને મીઠી નદીની સફાઈ સહિત અનેક પ્રોજેક્ટમાં શામેલ હતા. અનેક મોટો પ્રોજેક્ટ દરમ્યાન સંવેદનશીલ કહેવાતા અસરગ્રસ્ત થનારા લોકોનું સ્થળાંતર સહિત અતિક્રમણ દૂર કરવા સમયે શાંતિ જળવાઈ તેવા મુદ્દાઓને શાંતિથી સંભાળી લેવા માટે તેઓ જાણીતા હતા.

### 'મેટ્રો વુમન' કેમ કહેવાયા?

અશ્વિની ભીડે ૨૦૧૫માં મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશન લિમિટેડના હેડ બન્યા હતા, જે રાજ્ય અને કેન્દ્ર સરકારનું સંયુક્ત સાહસ હતું. મેનેજિંગ ડાયરેક્ટર તરીકે તેમણે ૩૩.૫ કિલોમીટર લાંબી કોલાબાથી શીપ્ઝ અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઈન-૩નું કામ સોંપવામાં આવ્યું હતું, જે શહેરના સૌથી જટિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટમાનો એક ગણાય છે. તેમના નેતૃત્વ હેઠળ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધ્યો હતો, જેમાં ટનલ બનાવવાના કામનું કામ સફળતાપૂર્વક પાર પાડવામાં અને પ્રોજેક્ટને ઝડપથી પૂરો કરવામાં તેમણે આપેલા યોગદાનને કારણે તેમને 'મેટ્રો વુમન' કહેવામાં આવે છે.

જોકે મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશનમાં તેમનો કાર્યકાળ પર વિવાદોથી ભરેલો રહ્યો હતો. અશ્વિની ભીડે વિવાદાસ્પદ આરે કારશેડ પ્રોજેક્ટમાં મેટ્રો ડેપો માટે ૨,૦૦૦થી વધુ વૃક્ષ કાપવાના નિર્ણયનો મજબૂત રીતે બચાવ કર્યો હતો, તેને કારણે તેઓ પર્યાવરણપ્રેમીઓની સાથે જ અવિભાજિત શિવસેના ખાસ કરીને આદિત્ય ઠાકરે સાથે ખાસ્સો એવો સંઘર્ષ રહ્યો હતો. આદિત્ય અને શિવસેના આરેમાં મેટ્રો કારડેપો બનાવવાના વિરોધમાં હતા. જાન્યુઆરી ૨૦૨૦માં તત્કાલીન ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સરકારે તેમને મુંબઈ મેટ્રો રેલ કૉર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર પદેથી દૂર કર્યા હતા.

# પ્રધાનમંડળમાં થશે મોટો ફેરફાર?

## એકનાથ શિંદેની નારાજગી, આ બે પ્રધાનો રડાર પર

મુંબઈ : રાજ્યમાં હાલમાં મહાયુતિના પ્રધાનોના કારસ્તાનો સામે આવી રહ્યા છે. કેટલાકના નિવેદનો અને અમુકના કાર્યોથી લોકોમાં ખોટો સંદેશ જાય છે. એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે કે ચેકમેટનું રાજકારણ ચાલી રહ્યું છે. એનસીપીના પ્રધાનોની વિકેટ પડતા સાથી પક્ષોના પ્રધાનો સાવધ થઈ ગયા છે. બીજી તરફ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પક્ષના નેતાઓથી નારાજ હોવાની સૂત્રો પાસેથી માહિતી મળી છે. પ્રધાનમંડળમાં મોટા ફેરબદલની પણ શક્યતા છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વિધાનસભ્ય દીપક કેસરકર અને પાર્ટીના બે પ્રધાનોથી નારાજ છે. નાશિકમાં ઢોંગીબાબા અશોક ખરાત કેસમાં દીપક કેસરકર પર લગાવવામાં આવેલા આરોપો અને કેટલાક જિલ્લાઓમાં પાર્ટીની ઘટતી તાકાતથી શિંદે નાખુશ હોવાનું કહેવાય છે.

એવી ચર્ચા છે કે તાજેતરની જિલ્લા પરિષદની ચૂંટણીના પરિણામો અપેક્ષા મુજબ ન આવતા શિંદેએ બિનકાર્યક્ષમ પ્રધાનો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લા પરિષદની ચૂંટણીમાં કેટલાક પ્રધાનો અને શિવસેનાના વિધાનસભ્યોનું પ્રદર્શન સારું નહોતું. અગાઉ લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી વખતે પણ પક્ષના કેટલાક નેતાઓનું પ્રદર્શન સંતોષકારક નહોતું.

કેટલીક જગ્યાએ વિવાદો પણ થયા હતા. કેમેરા સામે થયેલા વર્તનથી પાર્ટીની છબી ખરાબ થવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. આ બધાના પરિણામો થોડા દિવસોમાં પ્રધાનમંડળમાં જોવા મળે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં પ્રધાનમંડળમાં ફેરબદલ થવાની શક્યતા છે અને કેટલાક પ્રધાનોની જવાબદારીઓ બદલાઈ શકે છે. આ પ્રધાનોને અગાઉથી ચેતવણી આપવામાં આવશે. એવી શક્યતા છે કે તેમને પ્રધાનમંડળમાંથી બાકાત કરવાને બદલે તેમના મંત્રાલયો બદલી નાખવામાં આવશે. તો હવે આ પ્રધાનો કોણ છે તે અંગે ચર્ચા ચાલી રહી છે.

મધ્ય રેલવેમાં રાત્રીના સમયે બ્લોક

# ઘણી લોકલ ટ્રેનો રદ કરાશે, છેલ્લી ટ્રેનનો સમય બદલાશે!

મુંબઈ : મોડી રાત્રે લોકલ ટ્રેનોમાં ઘરે પરત ફરતા મુસાફરો માટે આગામી થોડા દિવસો મુશ્કેલ બનવાના છે. પ્રભાદેવી ખાતે ફ્લાયઓવર તોડી પાડવાને કારણે રાત્રિ દરમિયાન મધ્ય રેલવે પર બ્લોક લેવામાં આવી રહ્યા હોવાના કારણે ઘણી લોકલ ટ્રેનો મોડી દોડશે, કેટલીક રદ કરવામાં આવી છે અને અમુકને ડાયવર્ટ કરવામાં આવી છે. આની સીધી અસર મોદી રાત્રે મુસાફરી કરતા નોકરિયાતો અને મુસાફરો પર પડશે.

મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ વરલી-શિવડી કનેક્ટર પ્રોજેક્ટનો ભાગ એવા આ બ્રિટિશ યુગના પુલને તોડી પાડવાની અને તેની જગ્યાએ એક નવો ડબલ-ડેકર પુલ બનાવવાની યોજના બનાવી છે. આની જવાબદારી મહારાષ્ટ્ર રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન (મહારેલ) પર છે.

આ ડિમોલિશન કાર્ય માટે મધ્ય રેલવે પર સોમવારથી શુક્રવાર સુધી દરરોજ રાત્રે ૧૧:૪૦ થી સવારે ૩:૪૦ વાગ્યા સુધી લગભગ ચાર કલાકનો બ્લોક રહેશે. આ સમયગાળા દરમિયાન અપ અને ડાઉન બંને લાઇન પર કેટલીક ટ્રેનો રદ રહેશે. જોકે શનિવારે, મધ્યરાત્રિ પછી, સતત છ કલાક લાંબો બ્લોક લઈને બાકીનું કામ પૂર્ણ કરવાની યોજના છે.આ બ્લોકને કારણે મોટાભાગે સીએસએમટી, કુર્લા અને થાણે વચ્ચે દોડતી લોકલ ટ્રેનોને અસર થશે. કેટલીક લોકલ ટ્રેનો સંપૂર્ણપણે રદ કરવામાં આવશે, જ્યારે અન્યને ડાયવર્ટ કરવામાં આવશે. કલ્યાણ, કસારા અને ખોપોલીથી આવતી કેટલીક ટ્રેનો ફક્ત કુર્લા, થાણે અથવા દાદર સુધી જ દોડશે. કેટલીક ટ્રેનો સીએસએમટી ને બદલે દાદર સ્ટેશનથી દોડાવવામાં આવશે. આ ઉપરાંત, છેલ્લી લોકલ ટ્રેનનો સમય પણ બદલવામાં આવ્યો છે, જેના કારણે મોડી રાત્રે મુસાફરી કરતા મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. રેલવે વહીવટીતંત્રે શક્યતા વ્યક્ત કરી છે કે આ કાર્યથી કેટલીક મેલ અને એક્સપ્રેસ ટ્રેનો પણ પ્રભાવિત થઈ શકે છે.

# ભાયંદરમાં લોકલ ટ્રેનની અડફેટે આવતા ૨૭ વર્ષીય યુવાનનું મોત

ભાઈંદર: ભાઈંદર રેલ્વે સ્ટેશન પર મંગળવારે સવારે એક ભીષણ અકસ્માત સર્જાયો હતો. પ્લેટફોર્મ નંબર-૨ની બાજુના રેલવે ટ્રેક પરથી પસાર થતી વખતે લોકલ ટ્રેનની અડફેટે આવતા ૨૭ વર્ષીય યુવાનનું મોત થયું હતું. આ બાબતે રેલવે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.મળતી માહિતી મુજબ મંગળવારે સવારના સમયે જ્યારે કામ પર જનારા નોકરિયાત વર્ગની સ્ટેશન પર ભારે ભીડ હતી, તે જ સમયે પ્લેટફોર્મ નંબર-૨ પરના રેલવે ટ્રેક પર આ અકસ્માત સર્જાયો હતો. ચર્ચગેટ તરફ ઝડપથી જતી એક લોકલ ટ્રેનની અડફેટે આવતા ૨૭ વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.ઘટનાની જાણ થતા જ ફરજ પરના રેલવે પોલીસ અને રેલવે સુરક્ષા દળ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.



## પબ્લિક નોટીસ

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

### પબ્લિક નોટીસ

આથી ખબર આપવામાં આવે છે કે અસીલોની સૂચનાઓ હેઠળ અમો અહીં નીચે લખેલ **પ્રથમ પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ ખેતીની જમીન (**''સદર જમીન''**)ના તે તમામ ટુકડા અને કકડાની બાબતમાં અને અહીં નીચે લખેલ **દ્વિતિય પરિશિષ્ટમાં** વધુ વિગતવાર વર્ણવેલ અને **નૈનાની** ટાઉન પ્લાનિંગ સ્કીમ-૩ હેઠળ સદર જમીનના સંપાદનની બદલીમાં ફાળવવામાં આવેલ વિકસિત પ્લોટ (**''સદર પ્લોટ''**) ની બાબતમાં **શ્રી પુરુ ભૂષણ પંડિત @ પૂરુ રાજકુમાર પંડિત/પૂરુ રાજકુમાર** (માલિકના) માલિકી હક્ક, ટાઈટલ, હિત અને શાંત, ખાલી અને શાંતિદાયક કબજાની તપાસ કરી રહ્યા છીએ. માલિક અમારા અસીલોની તરફેણમાં સ્પષ્ટ અને માર્કેટેબલ ટાઈટલ અને યોગ્ય રીતે સીમાંકિત ખાલી અને શાંતિદાયક કબજા સાથે સદર પ્લોટની બાબતમાં વિકાસ હક્કો મંજૂર કરવા કબૂલ થયેલ છે.

તમામ શખ્સ/સો જે સદર પ્લોટ અને / અથવા સદર જમીન કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, અદલાબદલી, લીઝ, ગીરો (ઈક્વીટેબલ કે બીજી રીતે) ભેટ, લિઅન, ચાર્જ, ટ્રસ્ટ, વારસો, હિન્દુ અવિભાજિત કુટુંબ, જાળવણી, બિક્વેસ્ટ, કબજો, ઈઝમેન્ટ, સબ-લીઝ, એસાઈમેન્ટ, ટેનાન્સી, લાયસન્સ, પ્લેઝ, ગેરંટી, કુટુંબ વ્યવસ્થા, વિકાસ હક્કો, વિકાસ વ્યવસ્થાપન, કોલાબોરેશન કરાર, FSI/TDR, સંયુક્ત સાહસ, પાવર ઓફ એટર્ની, ભાગીદારી, લોન્સ, એડવાન્સીઝ, લીસપેન્ડન્સ, ઇંજંકશન કે કોઈપણ અન્ય જપ્તી કે કાયદાની કોઈપણ કોર્ટ દ્વારા પસાર કરાયેલ કોઈપણ ડીક્રી, ઓર્ડર કે એવોર્ડ હેઠળ, ટ્રીબ્યુનલ, રેવન્યુ કે સ્ટેચ્યુટરી ઓથોરીટી કે આર્બિટ્રિશન, પ્રિસ્ક્રિપ્શન અથવા પ્રી-એમ્પશનના હક્ક કે બીજી કોઈ રીતે કોઈપણ દાવો ધરાવતા હોય તો આથી વિનંતી કે સદરની જાણ લેખિતમાં નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજી પુરાવા સાથે અહીં નીચે દર્શાવેલ સરનામે આ તારીખથી ૧૪ દિવસમાં કરે, જેના નિષ્ફળ જવા પર, આવા શખ્સ કે શખ્સોના દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો ત્યજી દીધેલ અને/અથવા છોડી દીધેલ તરીકે ગણાશે અને પ્રસ્તાવિત વ્યવહાર અમારા અસીલો દ્વારા પૂર્ણ કરવામાં આવશે.

**ઉપર ઉલ્લેખેલ પ્રથમ પરિશિષ્ટ:**
(''સદર જમીન''નું વર્ણન)

ગામ કોપ્રોલી, તાલુકા પનવેલ, જિલ્લો રાયગઢ, મહારાષ્ટ્ર ખાતે આવેલ **ગટ નં. ૧૬/૪/B ભરતમાં 3H-97H-10R, ૩૯, ૭૧૦ ચો.મી.ની સમકક્ષ** ધરાવતી ખેતીની જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે:

ઉત્તરે કે તે તરફ : કાલુન્દ્રી નદી દ્વારા,
દક્ષિણે કે તે તરફ : સર્વે નં. ૧૪/૦/ભાગ દ્વારા,
પૂર્વે કે તે તરફ : સર્વે નં. ૧૪/૦/ભાગ દ્વારા અને
પશ્ચિમે કે તે તરફ : કાલુન્દ્રી નદી દ્વારા (ગઢી નદી),

**ઉપર ઉલ્લેખેલ દ્વિતિય પરિશિષ્ટ**
(''સદર પ્લોટ''નું વર્ણન)

અહીં ઉપર લખેલ પ્રથમ પરિશિષ્ટમાં વર્ણવેલ સદર જમીનના સંપાદનની બદલીમાં ફાળવવામાં આવેલ **નૈના** (CIDCO), ગામ કોપ્રોલી, જિલ્લો રાયગઢ, મહારાષ્ટ્રની ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩માં સમાવિષ્ટ **ફાઈનલ પ્લોટ નં. ૩૦ ભરતમાં ૧૫,૮૮૪ ચો.મી.** ધરાવતી જમીનનો તે તમામ ટુકડો અને કકડો અને નીચે પ્રમાણે ઘેરાયેલ છે:

ઉત્તરે કે તે તરફ : ફાઈનલ પ્લોટ નં. ૨૯ & ૨૮C દ્વારા,
દક્ષિણે કે તે તરફ : ફાઈનલ પ્લોટ નં. ૧૭C દ્વારા,
પૂર્વે કે તે તરફ : ફાઈનલ પ્લોટ નં. ૨૨ દ્વારા, અને
પશ્ચિમે કે તે તરફ : ૨૦.૦૦ મીટર પહોળા રોડ દ્વારા.

આજ તારીખ ૦૧લી એપ્રિલ, ૨૦૨૬

LAW POINT
ADVOCATES & SOLICITORS
૩૦૧, વૈભવ ચેમ્બર્સ, ૩જો માળ, જગત વિદ્યા માર્ગ, BKC મેટ્રો સ્ટેશન (A૩ એક્ઝિટ) પાસે, બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧.
ઈમેલ: response@lawpointindia.com


# મુંબઈગરાઓ માટે ખુશખબરઃ આજથી વીજળીના બિલમાં થશે ઘટાડો

મુંબઈ: હાલ રાજ્યમાં સર્વત્ર કાળઝાળ ગરમી પડી રહી છે. આ ગરમીથી રાહત મેળવવા માટે,લોકો દિવસભર ઘરોમાં પંખા, એસી અને કુલર જેવા ઉપકરણોનો ઉપયોગ કરે છે. પરિણામે સામાન્ય માણસ ઊંચા વીજળીના બિલથી ચિંતિત રહે છે. જોકે હવે રાજ્યના ખાસ કરીને મુંબઈવાસીઓ માટે રાહતના સમાચાર છે.

મહારાષ્ટ્ર રાજ્ય વીજળી નિયમનકારી આયોગે વીજળીના દરમાં નોંધપાત્ર ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. મુંબઈને વીજળી પુરી પાડતી ત્રણેય મોટી કંપનીઓ - બેસ્ટ, ટાટા પાવર અને અદાણી ઇલેક્ટ્રિસિટીના ભાવમાં ઘટાડો થયો છે.

ફક્ત મુંબઈને જ નહીં પરંતુ બાકીના મહારાષ્ટ્રને પણ વીજળી પૂરી પાડતા મહાવિતરણના ગ્રાહકો માટે સારા સમાચાર છે.

કમિશન દ્વારા મંજૂર કરાયેલી પંચવર્ષીય યોજના (૨૦૨૫-૨૦૩૦) અનુસાર દર વર્ષે તબક્કાવાર વીજળીના દર ઘટાડવામાં આવશે. નોંધનીય છે કે આગામી સમયગાળામાં કોઈપણ શ્રેણીમાં વીજળીના દરમાં વધારો નહીં થાય તેની ખાતરી આપવામાં આવી છે.

આ નવા દરો ૧ એપ્રિલ, ૨૦૨૬ થી અમલમાં આવશે. તેથી આ ઘટાડાનો સીધો લાભ ગ્રાહકોને મે મહિનામાં મળતા બિલમાં દેખાશે. વધતી જતી મોંઘવારીના સમયમાં વીજળીના દરોમાં આ ઘટાડો સામાન્ય માણસના ખિસ્સાને મોટી રાહત આપશે.

### નવા દરો

| વપરાશ (યુનિટ્સ) | બેસ્ટ (નવા દરો) | ટાટા પાવર (નવા દરો) | અદાણી (નવા દરો) |
|---|---|---|---|
| ૦ થી ૧૦૦ | ₹ ૩.૮૪ | ₹ ૪.૭૦ | ₹ ૪.૯૩ |
| ૧૦૧ થી ૩૦૦ | ₹ ૭.૧૭ | ₹ ૭.૧૦ | ₹ ૮.૧૩ |
| ૩૦૧ થી ૫૦૦ | ₹ ૧૧.૮૫ | ₹ ૧૧.૬૪ | ₹ ૯.૩૮ |
| ૫૦૦ થી વધુ | ₹ ૧૩.૦૭ | ₹ ૧૨.૬૪ | ₹ ૧૦.૬૩ |

### બિલમાં કેટલી બચત થશે?

આ નિર્ણયથી ગ્રાહકોની વિવિધ શ્રેણીઓને નીચે મુજબ ફાયદો થશે:

- ઓછો વપરાશ (૦-૧૦૦ યુનિટ): ટાટા પાવરે તેના ટેરિફમાં લગભગ ૯.૭ ટકાનો ઘટાડો કર્યો છે. મધ્યમ વર્ગના પરિવારો માટે આ એક મોટી રાહત છે.
- મધ્યમ વપરાશ (૧૦૧-૩૦૦ યુનિટ): આ શ્રેણીમાં લગભગ ૧૦.૮ ટકાનો ઘટાડો થયો છે,સૌથી વધુ ગ્રાહકો આ શ્રેણીમાં આવે છે.
- વધુ વપરાશ (૩૦૧-૫૦૦+ યુનિટ): ૫૦૦ યુનિટથી વધુ વપરાશ કરતા ગ્રાહકો માટે દર ૧૪ ટકા સુધી ઘટાડવામાં આવ્યો છે.


## પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન

**ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ અને ઈઓટી ક્રેનના કામ માટે રેલ્સ અને અન્ય વ્યવસ્થાની જોગવાઈ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૫૦ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ : ૩૦-૦૩-૨૦૨૬**

| અનું. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | અર્નેસ્ટમની (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૧૦૦ | સિનીયર સેક્શન એન્જીનિયર (પી.વે) પૂર્વ-રાજકોટના સેક્શન હેઠળ ૨૪ મહિનાના સમયગાળા માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. | ૩,૪૯,૦૭,૧૮૭.૮૧ | ૬,૯૮,૨૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૧૦૧ | સિનીયર સેક્શન એન્જીનિયર (પી.વે) મોરબી ના સેક્શન હેઠળ ૨૪ મહિનાના સમયગાળા માટે ટ્રેક જાળવણી પ્રવૃત્તિઓનું આઉટસોર્સિંગ. | ૩,૭૬,૧૦,૪૩૮.૦૫ | ૭,૫૨,૩૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-આરજેટી ૨૦૨૫-૨૬-E-૮૫R | રાજકોટ ડિવિઝન : સીક લાઈન શેડ ઓખા ખાતે ઈઓટી ક્રેન ના કામ માટે રેલ્સની અને અન્ય વ્યવસ્થાની જોગવાઈ કરવાનું કામ. | ૨૬,૭૪,૩૯૨.૧૪ | ૫૩,૫૦૦.૦૦ |

**ટેન્ડર ખુલવાની તારીખ અને સમય:** ૨૧-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ, ગુજરાત-૩૬૦ ૦૦૧. **વેબસાઈટ:** www.ireps.gov.in

RJT-226

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


# નરહરિ ઝિરવળનો વીડિયો વાઈરલ કરવા બદલ વ્યંડળના ભાઈ વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈ: રાજ્યના પ્રધાન અને એનસીપીના નેતા નરહરિ ઝિરવળનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના કથિત ચેડાં સાથેનો વીડિયો વાયરલ કરવા પ્રકરણે મુંબઈ પોલીસે વ્યંડળના ભાઇ સામે ગુનો દાખલ કર્યો હતો.

ગયા અઠવાડિયે સોશિયલ મીડિયા પર નરહરિ ઝિરવળનો 'વાંધાજનક' વીડિયો સામે આવ્યા બાદ તેઓ વિવાદમાં ફસાયા હતા. કથિત વીડિયોમાં ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) પ્રધાન તેમના સત્તાવાર નિવાસસ્થાને વ્યંડળ સાથે વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યા હતા.

વ્યંડળે આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેના અમુક વીડિયો કેટલાક દિવસ પહેલા રેકોર્ડ કરાયા હતા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેની સાથે ચેડાં કરાયાં હતાં.વ્યંડળના ભાઇએ બ્લેકમેઇલના પ્રયાસના ભાગરૂપે આ વીડિયો વાયરલ કર્યા હતા અને તેણે રૂપિયા અથવા પ્રધાનના વિભાગમાં નોકરીની માગણી કરી હતી.

દરમિયાન ચેડાં કરાયેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વ્યંડળે કફ પરેડ પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધીને ફરિયાદ નોંધાવી હતી.પોલીસે આ ફરિયાદને આધારે વ્યંડળના ભાઇ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તેમ જ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)

# થાણેમાં પેટ્રોલ પંપ નજીક ગોળીબાર કરનારો પકડાયો

થાણે: થાણેમાં પેટ્રોલ પંપ નજીક યુવક પર ગોળીબાર કરી ફરાર થઈ ગયેલો રેકોર્ડ પરનો આરોપી પકડાયો હતો.

નૌપાડા પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અભય મહાજને જણાવ્યું હતું કે ઘટના ૨૭ માર્ચની રાતે પાંચપાખાડી વિસ્તારમાં આવેલા એક પેટ્રોલ પંપ નજીક બની હતી. ફરિયાદી ઈન્ઝમામ અમીરુદ્દીન સિદ્દીકી (૨૬) સ્કૂટરમાં પેટ્રોલ ભરાવવા ગયો હતો. પાછા ફરતી વખતે તેને આરોપી ઝબિઉલ્લાહ શફીકુર રહમાન ખાને (૩૯) રોક્યો હતો.

જૂની અદાવતનો મુદ્દો કાઢી આરોપીએ સિદ્દીકીની દિશામાં પિસ્તોલમાંથી બે રાઉન્ડ ફાયર કર્યા હતા. સદ્નસીબે આ ગોળીબારમાં કોઈને ઇજા થઈ નહોતી. ગોળીબાર બાદ ધમકી આપી આરોપી ફરિયાદીના સ્કૂટર પર ફરાર થઈ ગયો હતો.

ધરપકડથી બચવા આરોપીએ તેનો મોબાઈલ ફોન સ્વિચ ઑફ્ફ કરી નાખ્યો હતો. પોલીસ આરોપીના મિત્રો અને સગાંસંબંધીની પૂછપરછ કરી રહી હતી. દરમિયાન મળેલી માહિતીને આધારે પોલીસે છટકું ગોઠવી આરોપીને થાણેના વાગળે એસ્ટેટ પરિસરમાંથી તાબામાં લીધો હતો.

પોલીસે તેની પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલી દેશી બનાવટની પિસ્તોલ અને ફરિયાદીનું સ્કૂટર જપ્ત કર્યું હતું. આરોપી વિરુદ્ધ થાણેનાં અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં આઠ જેટલા ગંભીર ગુના નોંધાયેલા હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# બંગલોમાં છુપાવવામાં આવેલો શસ્ત્રોનો જથ્થો જપ્તઃ બિલ્ડર અને ઇન્ફ્લ્યુએન્ઝરની ધરપકડ

થાણે: થાણે જિલ્લાના ડોંબિવલીમાં બંગલોમાં છુપાવવામાં આવેલો હથિયારોનો જથ્થો જપ્ત કરીને પોલીસે પંચાવન વર્ષના બિલ્ડર અને સોશિયલ મીડિયા ઇન્ફ્લ્યુએન્ઝરની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીની ઓળખ સુરેન્દ્ર પાંડુરંગ પાટીલ તરીકે થઇ હોઇ ઇન્સ્ટાગ્રામ પર તેના ત્રણ લાખથી વધુ ફોલોઅર્સ છે. અન્ય કેસમાં અઠવાડિયા પહેલા જામીન પર મુક્ત થયેલા સુરેન્દ્ર પાટીલની શનિવારે મોડી રાતે ધરપકડ કરવામાં આવી હતી.ડોંબિવલીના દાવડી વિસ્તારમાં આવેલા બંગલોમાં શનિવારે રાતે તપાસ આદરી હતી અને ત્યાંથી હથિયારોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.પાંચ દેશી બનાવટની પિસ્તોલ અને રિવોલ્વર, બે ઍર ગન સહિત ૩૭૧ કારતૂસ, ૧૬૭ ઍર ગન પેલેટ્સ, તલવાર, બટન ચાકુ, તીક્ષ્ણ હથિયાર અને બે સ્ટીલના સળિયા જપ્ત કરવામાં આવ્યાં હતાં, જેની કિંમત ૧૦ લાખ થાય છે.


## પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન

**વિવિધ એન્જીનિયરીંગ કામ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૩૧ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ : ૩૦.૦૩.૨૦૨૬**

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | NITની અંદાજીત પડતર (₹) | ઈએમડી પડતર (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૦-૨૦૨૫-૨૬ | ડિવિઝનલ એન્જિનિયર (વર્કસ) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ અસારવા અને ચાંદલોડિયા સ્ટેશનોના વિકાસના સંબંધમાં દિવ્યાંગજન અને યાત્રીઓ માટેની સુવિધાઓની સુધારણા, મણીનગર અને અસારવા ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ અને અન્ય આનુષંગિક કામ. | ૧૫,૬૪,૪૩,૦૯૭.૧૮ | ૩૧,૨૮,૯૦૦.૦૦ |
| ૦૨ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૧-૨૦૨૫-૨૬ | સાબરમતી (SBIB), સાબરમતી (SBT), ચાંદલોડિયા (CLDY-A અને CLDY-B), ખોડિયાર (KHD), અને ગાંધીનગર (GNC) : સ્ટેશનો અને રેલવે સ્ટાફ કોલોની વિસ્તાર માટે (૨૪ મહીના માટે) અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ અને મેનહોલ્સનું સમારકામ અને સફાઇ કરવાનું કામ. | ૩૦,૦૧,૬૫૭.૬૫ | ૬૦,૦૦૦.૦૦ |
| ૦૩ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૨-૨૦૨૫-૨૬ | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ સ્થળોએ (બે વર્ષો માટે) પીવાના પાણીનું ક્લોરિનેશન કરવાનું કામ. | ૩૪,૨૩,૧૭૨.૬૪ | ૬૮,૫૦૦.૦૦ |
| ૦૪ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૩-૨૦૨૫-૨૬ | ADEN-ગાંધીધામ હેઠળ કંડલા પોર્ટ યાર્ડ - આઈસોલેશન, મોટર સંચાલિત પોઈન્ટ્સ, શન્ટ સિગ્નલ્સ, પાર્કિંગ સુવિધા સાથે EI નવી SM ઓફિસની જોગવાઈના સંબંધમાં એન્જિનિયરીંગ કામ, રત્નાલ - વિદ્યુતીકરણ સાથે ૭૪૦ મીટર CSR ધરાવતી વધારાની લૂપ લાઈનની જોગવાઈ, ભીમાસર - લાઈન નંબર ૦૪ ના છેડાને સામખિયાળી છેડા તરફ ૧૦૨૫ મીટર લંબાવીને સંપૂર્ણ લંબાઈના શન્ટીંગ નેકની જોગવાઈ અને ગાંધીધામ યાર્ડ - હાલના શન્ટીંગ નેકની સમાતંર ૮૫૦ મીટર વધારાના શન્ટીંગ નેકની જોગવાઈ (સંયુક્ત કામ) | ૨૯,૧૧,૭૭,૯૬૮.૪૦ | ૫૮,૨૩,૬૦૦.૦૦ |
| ૦૫ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૪-૨૦૨૫-૨૬ | અમદાવાદ ડિવિઝન :- રાધનપુર અને આડેસર ખાતે પ્લેટફોર્મનું ઉત્થાપન અને વિસ્તરણ કરવાનું કામ. | ૧૬,૭૬,૪૬,૭૬૭.૮૫ | ૩૩,૫૨,૯૦૦.૦૦ |
| ૦૬ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૫-૨૦૨૫-૨૬ | અમદાવાદ ડિવિઝન :- ADEN-ગાંધીધામના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેક મશીન સાઈડિંગ ખાતે સંકળાયેલ સુવિધાઓનું પુનઃસ્થાપન, RUB માં પાણીનો ભરાવો અટકાવવા સમ્પ અને ડ્રેઈનની જોગવાઈ કરવા દ્વારા એપ્રોચ રોડ, દિવાલો અને ડ્રેનેજ વ્યવસ્થાની સુધારણા, વિવિધ સ્ટેશનો ખાતે દિવ્યાંગજન સુવિધાઓમાં રહેલી ખામીઓ દૂર કરવાનું કામ (સંયુક્ત કામ) | ૭,૮૭,૭૯,૭૦૧.૭૪ | ૧૫,૭૫,૬૦૦.૦૦ |
| ૦૭ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૬-૨૦૨૫-૨૬ | ADEN-ગાંધીધામના અધિકારક્ષેત્ર હેઠળ પ્લેટફોર્મ સ્તરને ઉંચુ કરવા દ્વારા યાત્રી સુવિધાઓની જોગવાઈ, સામખિયાળી ખાતે પ્લેટફોર્મનું વિસ્તરણ, ભચાઉ ખાતે ABBS ના વિકાસના સંબંધમાં દિવ્યાંગજન અને યાત્રીઓ માટેની સુવિધાઓની સુધારણા અને ચિરાઇ ગુડ્ઝ શેડ ખાતે વિકાસના કામ. | ૨૭,૨૨,૧૧,૧૫૦.૬૬ | ૫૪,૪૪,૨૦૦.૦૦ |
| ૦૮ | ડીઆરએમ-એડીઆઈ-૨૨૭-૨૦૨૫-૨૬ | અમદાવાદ-ખેડબ્રહ્મા અને કલોલ - કટોસણ રોડ સેક્શન :- ઇડર ખાતે બંધ થયેલ LC નં. ૧૦૯ ને બદલે LHS ની જોગવાઈ અને કડી સ્ટેશન ખાતે LHS નું વિસ્તરણ. | ૯,૫૫,૭૭,૧૭૯.૩૯ | ૧૯,૧૧,૬૦૦.૦૦ |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તા.૨૩-૦૪-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે. **ઓફિસનું સરનામું:** સિનીયર ડિવિઝનલ એન્જિનીયર (સંકલન)-અમદાવાદ, DRM ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in

ADI-320

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ


૨ એપ્રિલથી ૮ એપ્રિલ

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય



| અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી-અમદાવાદ) | શ્રી વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું |
|---|---|---|---|

## માર્ગદર્શન



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦

**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી

**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ** રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

Supported by:
adani

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા



SKYLINE INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)



gandhar Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

## દરરોજના કાર્યક્રમ

**૨ એપ્રિલ**
માતૃભાષા માનવંદનાઃ
મરાઠી સંગીત સંધ્યા
સંજીવની ભેલાંડે
અજિત પરબ
નચિકેત દેસાઈ
દીપ્તિ ભાગવત
હેમંત બર્વે
અને પલ્લવી કેળકર

**૩ એપ્રિલ**
પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ

**૪ એપ્રિલ**
ગીતા રબારીનો સંગીત જલસો

**૭ એપ્રિલ**
કીર્તિદાન ગઢવીનો ડાયરો

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

**બીજી એપ્રિલઃ કથા પ્રારંભ**
કપિલ જન્મકથા પ્રમાણે
નૃસિંહ અવતારની ઝાંખી
વામન અવતારની ઝાંખી

**પાંચમી એપ્રિલઃ**
કૃષ્ણ જન્મ

**છઠ્ઠી એપ્રિલઃ**
ગોવર્ધન પૂજા

**સાતમી એપ્રિલઃ**
રુક્મિણી વિવાહ

**આઠમી એપ્રિલઃ**
પૂર્ણાહુતિ યજ્ઞ

## શ્રીમદ્ ભાગવત કથા- ઉત્સવ સેવા યાદી

**વામન અવતારની ઝાંખીઃ**
શ્રીમતી ભદ્રાબેન વિનોદરાય ચિતલિયા
વિરલ ચિતલિયા - મિલન ચિતલિયા

**નૃસિંહ અવતારની ઝાંખીઃ**
સ્વ. રિતેશ નલિનભાઈ રુઘાણી
શ્રીમતી રાધિકા રિતેશ રુઘાણી

**કૃષ્ણ જન્મ ઉત્સવઃ**
શ્રીમતી કોકિલા નવીનચંદ્ર દલાલ
હસ્તે જાગૃતિ સમીક નવીનચંદ્ર દલાલ

**રુક્મિણી વિવાહ ઉત્સવઃ**
શીતલ બિરેન સંઘવી

**૮૪ બેઠકજીના દર્શનઃ**
માતૃશ્રી કલાવતી ઘરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી

ઉત્સવ અને ઝાંખીની વધુ વિગતો માટે સંપર્કઃ નીતાબહેન પારેખ
9833106379

## જીવંત પ્રસારણ

आस्था | धर्म संदेश | आस्था भजन | वसुधैव कुटुंबकम् Sandipani | મુંબઈ સમાચાર YouTube ગુજરાતી

DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

## આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા
★ શ્રી નિરવ મહેતા
★ શ્રી સંતોષ સિંહ
★ શ્રી જસ્મીન શાહ
★ શ્રી જિજ્ઞેશ હિરાણી
★ શ્રી મુકેશ પટેલ
★ શ્રી જિતેન્દ્ર મહેતા
★ શ્રી શોભિત દેસાઈ
★ શ્રી રાજુ સાવલા
★ શ્રી જગદીશ ઓઝા
★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ)
★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

## વિશેષ આભારઃ

★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz Events & Entertainment Private Limited | HEM AGARBATTI | MUNJAL | hitech events & exhibitions | RUDRAAMAR GROUP | RAJSHREE BUILDERS Building A Future Into Every Home | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | Neela Film Productions | NATUREPURE Wellness Pvt. Ltd. | WellPure | Keshasvi | APAR ADVERTISERS PRIVATE LIMITED | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998/ | SILVER BUILDING LANDMARKS SINCE 1986